RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 22-05-2026 I VOL : 12 I Issue : 66 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સમય કોઈનો સગો થતો નથી અને સગા બધા સમય જોઈને થાય છે

3

એર ઈન્ડિયાની દિલ્હી-બેંગલુરુ ફ્લાઈટ રનવે સાથે અથડાઈ

4

પવારે વડાપ્રધાન મોદીના ફરીથી વખાણ કરીને રાજકીય ક્ષેત્રે ફરી ચર્ચા છેડી

6

આજે સ્ટ્રીમ થશે રણવીર સિંહની 'ધુરંધર 'નું નવું વર્ઝન

7

અજિત અગરકર બકવાસ કરે છે, શું તે બુમરાહ સાથે આવું કરી શકે: પૂર્વ ક્રિકેટર વસીમ જાફર

## એક નજર...

### બ્લેક મિની ડ્રેસમાં જેકલીન ફર્નાન્ડીઝે બતાવ્યું બોલ્ડ ફીગર



બોલિવૂડની ઘણી અભિનેત્રીઓ પછી જેકલીન ફર્નાન્ડીઝે પણ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં હાજરી આપી છે. તેણીએ ગયા વર્ષે પણ હાજરી આપી હતી. આ વખતે કાન્સ ફેસ્ટિવલમાં તેનો લુક સોશિયલ મીડિયા પર હેડલાઈન્સ બનાવી રહ્યો છે. જેકલીન ફર્નાન્ડીઝે તેના ઈન્સ્ટાગ્રામ પેજ પર કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના ઘણા ગ્લેમરસ ફોટા શેર કર્યા છે.

# 'ઇબોલા વાઇરસ' અંગે ભારત સરકાર અૅલર્ટ, એડ્વાઇઝરી જાહેર

## આફ્રિકાથી આવતા મુસાફરો પર રાખવામાં આવશે કડક નજર, અૅરપૉર્ટ પર સ્ક્રીનિંગ વધારાયું

નવી દિલ્હી

વૈશ્વિક સ્તરે વધી રહેલા ઘાતક ઈબોલા વાઈરસના ખતરાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન (WHO) દ્વારા ઈબોલાના પ્રકોપને 'વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટી' (ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી) જાહેર કરાયા બાદ, ભારતના કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે દેશના તમામ




ઍરપૉર્ટ, બંદરો અને એન્ટ્રી પૉઈન્ટ્સ પર કડક હેલ્થ ઍડ્વાઈઝરી જાહેર કરી છે. જોકે, રાહતની વાત એ છે કે હાલમાં ભારતમાં ઈબોલાનો એક પણ કેસ નોંધાયો નથી અને આ તમામ પગલાં માત્ર સાવચેતીના ભાગરૂપે લેવામાં આવી રહ્યા છે. કોવિડ-19 મહામારીના સમયની યાદ અપાવતી આ વ્યવસ્થા અંતર્ગત પ્રશાસન દ્વારા સખત દેખરેખ રાખવામાં આવી રહી છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતાં કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ પુણ્ય સલીલા શ્રીવાસ્તવે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને તમામ મોરચે સજ્જ રહેવા આદેશ આપ્યા છે. સરકારે રાજ્યો સાથે એક વિસ્તૃત SOP પણ શેર કરી છે, જેમાં સ્ક્રીનિંગ, ક્વોરેન્ટાઈન પ્રોટોકોલ, કેસ મેનેજમેન્ટ અને લેબ ટેસ્ટિંગ જેવી પ્રક્રિયાઓ સામેલ છે.

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી નવી ગાઈડલાઈન મુજબ, ઈબોલાનું વધુ જોખમ ધરાવતા દેશો જેવા કે કોંગો લોકતાંત્રિક ગણરાજ્ય, યુગાન્ડા અને દક્ષિણ સુદાનથી આવતા અથવા ત્યાંથી પસાર થઈને ભારત આવતા મુસાફરોની સઘન તપાસ કરવામાં આવશે. જો કોઈ મુસાફરમાં ઈબોલાના લક્ષણો દેખાય, તો તેમણે ઈમિગ્રેશન ચેક પહેલાં જ ઍરપૉર્ટના હેલ્થ ઑફિસર કે હેલ્પ ડેસ્કને જાણ કરવી પડશે. આ ઉપરાંત, જો કોઈ મુસાફર અજાણતા પણ ઈબોલાના શંકાસ્પદ દર્દીના સીધા સંપર્કમાં આવ્યો હોય, તો તેના માટે પણ સ્વાસ્થ્ય અધિકારીઓને રિપોર્ટ કરવો અનિવાર્ય રહેશે. સ્વાસ્થ્ય મંત્રાલયે આંતરરાષ્ટ્રીય નિયમોનું પાલન કરવા અને હેલ્થ સ્ક્રીનિંગમાં સહયોગ આપવા મુસાફરોને અપીલ કરી છે. ઈબોલા એ ઓર્થોઈબોલા વાઈરસ પરિવારનો એક અત્યંત ઘાતક અને જીવલેણ જૂનોટિક (પ્રાણીઓમાંથી માણસોમાં ફેલાતો) ચેપ છે.

# પુલવામા હુમલાનો માસ્ટર માઈન્ડ આતંકી હમઝા બુરહાન પણ અજ્ઞાત બંદૂકધારીઓ હાથે ઠાર!

ખાસ પ્રતિનિધિ, અમદાવાદ

ભારત સામે આતંકી ષડયંત્રો રચનારા પાકિસ્તાની આતંકવાદીઓ માટે હવે પાકિસ્તાન પણ સુરક્ષિત રહ્યું નથી. વર્ષ 2019માં ભારતના વીર જવાનો પર થયેલા કાયરતાપૂર્ણ પુલવામા આતંકી હુમલાના ગુનેગારોનો એક પછી એક સફાયો થઈ રહ્યો છે. આ જ કડીમાં હવે પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ટોચના કમાન્ડર અને પુલવામા હુમલાના મુખ્ય માસ્ટર માઈન્ડ આતંકી હમઝા બુરહાનની પાકિસ્તાનમાં જ અજ્ઞાત બંદૂકધારીઓએ ગોળી મારીને કરપીણ હત્યા કરી દીધી છે. પાકિસ્તાનની ધરતી પર અજ્ઞાત શૂટર્સ દ્વારા આતંકીઓનો શિકાર કરવાનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, આતંકી હમઝા બુરહાન પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર (PoK) ના મુઝફ્ફરાબાદ સ્થિત એક ઓફિસમાંથી પોતાના આતંકી નેટવર્કનું સંચાલન કરતો હતો. ભારતનો મોટો ગુનેગાર હોવાને કારણે પાકિસ્તાનની કુખ્યાત ગુપ્તચર એજન્સી ISI દ્વારા તેને ખાસ કમાન્ડો સુરક્ષા અને સેફ હાઉસ પૂરું પાડવામાં આવ્યું હતું. જોકે, ISIના તમામ સુરક્ષા દાવાઓ વચ્ચે કેટલાક અજાણ્યા હુમલાખોરો આધુનિક હથિયારો સાથે ઓફિસમાં ધસી આવ્યા હતા અને હમઝા બુરહાન પર અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આ ઓપરેશન એટલું સચોટ હતું કે હમઝાને સંભાળવાનો મોકો પણ ન મળ્યો અને તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. વર્ષ 2019માં કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફ (CRPF) ના કાફલા પર થયેલા આત્મઘાતી હુમલામાં ભારતના 40 થી વધુ જવાનો શહીદ થયા હતા. આ હુમલા બાદ સમગ્ર દેશમાં ભારે આક્રોશ હતો. આ જઘન્ય ગુનામાં સામેલ મોટાભાગના આતંકીઓને ભારતીય સેનાએ કાશ્મીરમાં જ ઠાર કર્યા હતા, જ્યારે પાકિસ્તાનમાં બેસીને દોરી સંચાર કરનારા આતંકીઓ હવે ત્યાં પણ સુરક્ષિત નથી રહ્યા.

# મૌલાના અરશદ મદનીનું નિવેદન ટોક ઓફ ધ ટાઉન

## ગાયને 'રાષ્ટ્રીય પશુ' બનાવવાની માંગ સાથે સોશિયલ મીડિયામાં ચર્ચા ગરમાઈ!

ખાસ પ્રતિનિધિ, અમદાવાદ

દેશના જાણીતા મુસ્લિમ સંગઠન જમિયત ઉલેમા-એ-હિંદના પ્રમુખ મૌલાના અરશદ મદનીના એક તાજેતરના નિવેદનને પગલે સોશિયલ મીડિયાથી લઈને રાજકીય ગલિયારાઓમાં ભારે ચર્ચા જાગી છે. મૌલાના મદનીએ દેશમાં ગાયની પવિત્રતા અને કરોડો લોકોની આસ્થાને માન આપીને ગાયને 'રાષ્ટ્રીય પશુ' નો દરજ્જો આપવાની વકીલાત કરી છે. તેમના આ આશ્ચર્યજનક અને મહત્વપૂર્ણ નિવેદન બાદ લોકો સોશિયલ મીડિયા પર પોતપોતાની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે અને આ મુદ્દો ભારે ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.

### મદનીનો વેધક સવાલ: સરકાર કેમ પાછળ રહી ગઈ?

મીડિયા અહેવાલો અને સત્તાવાર સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, મૌલાના અરશદ મદનીએ એક કાર્યક્રમ અથવા નિવેદન દરમિયાન જણાવ્યું હતું કે, ભારતમાં બહુમતી અને મોટી સંખ્યામાં લોકો ગાયને અત્યંત પવિત્ર માને છે અને તેની પૂજા કરે છે. લોકોની આ ધાર્મિક આસ્થાનું સન્માન થવું જ જોઈએ, તેથી કેન્દ્ર સરકારે હવે વિલંબ કર્યા વિના ગાયને "રાષ્ટ્રીય પશુ" જાહેર કરી દેવી જોઈએ. આટલેથી ન અટકતા તેમણે તંત્ર અને સરકાર સામે સવાલ પણ ઉઠાવ્યો હતો કે, આટલી બધી લોકલાગણી હોવા છતાં સરકાર ગાયને રાષ્ટ્રીય પશુનો સત્તાવાર દરજ્જો આપવામાં હજુ સુધી

**સરકાર ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરવામાં શા માટે પાછળ રહી છે? જમિયત ઉલેમા-એ-હિંદના પ્રમુખના સવાલે રાજકીય અને સામાજિક વર્તુળોમાં જગાવી નવી ચર્ચા.**

શા માટે પાછળ રહી ગઈ છે? સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયાઓનો ઘોડાપૂર મૌલાના મદનીના આ નિવેદનનો વીડિયો અને અહેવાલો વાયરલ થતાં જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ડિબેટ શરૂ થઈ ગઈ છે. એક વર્ગ આ નિવેદનને આવકારી રહ્યો છે અને કહી રહ્યો છે કે દેશમાં કોમી સદભાવના અને એકતા મજબૂત કરવા માટે આવા નિવેદનો સકારાત્મક ભૂમિકા ભજવી શકે છે. જ્યારે બીજી તરફ કેટલાક વિશ્લેષકો આ નિવેદનને બદલાતા રાજકીય સમીકરણો અને સંગઠનની વ્યૂહરચનાના ભાગરૂપે પણ જોઈ રહ્યા છે. સંસ્કૃતિ અને આસ્થાનો મુદ્દો ફરી મોખરે ભારતમાં ગાય અને ગૌવંશ રક્ષણનો મુદ્દો હંમેશાથી સંવેદનશીલ અને ચર્ચાસ્પદ રહ્યો છે. પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોમાં તાજેતરમાં ગૌહત્યા પર પ્રતિબંધ જેવા કડક નિર્ણયો લેવાઈ રહ્યા છે, ત્યારે જમિયત ઉલેમા-એ-હિંદના વડા તરફથી આવેલી આ માંગણી આગામી દિવસોમાં રાષ્ટ્રીય સ્તરે નવો વળાંક લઈ શકે છે.

## NEWS TRACK

### નેધરલેન્ડના પીએમના નિવેદન બાદ આંતરરાષ્ટ્રીય બેઠકમાં ગરમાવો

એક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય બેઠક દરમિયાન નેધરલેન્ડના વડાપ્રધાને આપેલા એક નિવેદન બાદ વૈશ્વિક રાજકારણનું વાતાવરણ અચાનક ગરમ થઈ ગયું છે. આ બેઠક બાદ વૈશ્વિક સ્તરે અને ખાસ કરીને સોશિયલ મીડિયા પર આ મુદ્દે ભારે ચર્ચાઓ અને ચિંતનનો દોર શરૂ થયો છે. જોકે, આ સમગ્ર વિવાદમાં સૌથી વધુ ચર્ચા જે બાબતની થઈ રહી છે તે છે મીડિયાની આઝાદી (પ્રેસ ફ્રીડમ) ના મુદ્દે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વલણ. મળતી વિગતો મુજબ, હાઈ-પ્રોફાઈલ વૈશ્વિક બેઠકમાં નેધરલેન્ડના વડાપ્રધાને લોકશાહીના સ્તંભો અને મીડિયાની સ્વતંત્રતાને લઈને કેટલીક મહત્વપૂર્ણ ટિપ્પણીઓ કરી હતી. તેમના આ નિવેદનથી બેઠકમાં હાજર વિવિધ દેશોના રાષ્ટ્રાધ્યક્ષો વચ્ચે વાતાવરણ થોડું ગંભીર બની ગયું હતું. આંતરરાષ્ટ્રીય મીડિયાનું માનવું છે કે આ પ્રકારના નિવેદનો વૈશ્વિક મંચ પર લોકતાંત્રિક મૂલ્યોને લઈને દેશોની સ્થિતિ સ્પષ્ટ કરે છે. આ બેઠકમાં જ્યારે મીડિયાની આઝાદી અને તેના અધિકારો વિશે ચર્ચાઓ થઈ રહી હતી, ત્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વિષય પર કોઈ ચોક્કસ પ્રતિક્રિયા આપી ન હતી.

### દેશમાં સોશિયલ મીડિયા પર 'કોક્રોચ જનતા પાર્ટી' (CJP)ની ધૂમ

કહેવાય છે કે લોકશાહીમાં જ્યારે સીધી આંગળીએ ઘી ન નીકળે, ત્યારે કટાક્ષ અને વ્યંગ સૌથી મોટું હથિયાર બને છે. દેશમાં હાલ એક અનોખી 'રાજકીય' પાર્ટીએ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી છે, જેનું નામ છે Cockroach Janta Party (CJP) - કોક્રોચ જનતા પાર્ટી! યાદ રાખજો, આ ચૂંટણી પંચમાં નોંધાયેલી કોઈ પરંપરાગત પાર્ટી નથી, પરંતુ દેશના યુવાનો, બેરોજગારો અને નેટિઝન્સે સિસ્ટમ સામે આક્રોશ ઠાલવવા માટે ઊભું કરેલું એક શક્તિશાળી 'ડિજિટલ પ્લેટફોર્મ' છે. ટૂંકમાં કહીએ તો–યુવાનો દ્વારા, યુવાનો માટે અને યુવાનોનો આ એક અનોખો રાજકીય મોરચો છે. પણ... આવું નામ કેમ? જાણો વિવાદનું મૂળ વાત જાણે એમ છે કે, ગત ૧૫ મે ૨૦૨૬ના રોજ સુપ્રીમ કોર્ટમાં નકલી ડિગ્રીઓ અને પ્રોફેશનલ ક્રેડિટના એક કેસની સુનાવણી ચાલી રહી હતી. આ દરમિયાન ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતે એક આકરી ટિપ્પણી કરતાં કહ્યું હતું કે, 'કેટલાક યુવાનો કોક્રોચ (વાંદા) જેવા હોય છે, જેઓ બેરોજગાર છે, કામ ધંધો કરતા નથી, RTI એક્ટિવિસ્ટ બનીને દરેક પર હુમલો કરવાનું શરૂ કરી દે છે...'

# મંદસૌર ચાતુર્માસ પર 'ખંડણીખોર ગેંગ'ની નજર: આસ્થાના મહાપર્વમાં વિઘ્ન નાખનારા પાખંડીઓ બેનકાબ

## બ્લેકમેલરો સામે જૈન સમાજ એકજૂથ, પોલીસ કાર્યવાહી શરૂ!

મંદસૌર

મધ્ય પ્રદેશની ઐતિહાસિક નગરી મંદસૌરમાં આ વખતે ઈતિહાસનો સૌથી ભવ્યાતિભવ ચાતુર્માસ યોજાવા જઈ રહ્યો છે. જૈન ધર્મના ઈતિહાસમાં આ પ્રથમ વખત છે જ્યારે મંદસૌર જૈન તીર્થધામ પર એક સાથે ૫-૫ પૂજ્ય આચાર્ય ભગવંતોનું પાવન મંગલ પદાર્પણ થઈ રહ્યું છે. પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી અશોકસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ, શ્રી સાગરચંદ્રસાગર જી મહારાજ સાહેબ તેમજ શ્રી સોમયચંદ્રસાગર જી મહારાજ સાહેબ જેવા મહાન સંતોની નિશ્રામાં આખું મંદસૌર અને મધ્ય પ્રદેશનો જૈન સમુદાય ભક્તિના સાગરમાં હિલોળા લઈ રહ્યો છે. સમસ્ત મંદસૌર જૈન શ્રી સંઘ દ્વારા આયોજિત આ ચાતુર્માસને લઈને ભક્તોમાં અભૂતપૂર્વ ઉત્સાહ છે, પરંતુ આ પાવન અને ભક્તિમય માહોલને કેટલાક સમાજકંટકો અને ક્રિમિનલ માનસિકતા ધરાવતા લોકો પોતાની ગંદી નજરોથી દૂષિત કરવાનો કનિષ્ઠ પ્રયાસ કરી રહ્યા છે.




### કથિત પત્રકારો અને બ્લેકમેલરોની ત્રિપુટીનો ગંદો ખેલ

જેવા મંદસૌરમાં આ ઐતિહાસિક ચાતુર્માસના મંગળ સમાચાર આવ્યા, કે તરત જ સમાજમાં છુપાયેલા કેટલાક આસ્તીનના સાપ અને ખંડણીખોરો સક્રિય થઈ ગયા. પોતાની જાતને જૈન સમુદાયના હિતેચ્છુ ગણાવવાનો ઢોંગ કરતો કથિત પત્રકાર હાર્દિક હુડિયા, ક્રિમિનલ માનસિકતા ધરાવતો જગત પારેખ, વિક્રમ બાફના અને કલ્પેશ સિંઘવી સોશિયલ મીડિયાના માધ્યમથી સતત ઝેર ઓકી રહ્યા છે. આ એવા ચહેરાઓ છે જેઓ દિવસ-રાત જૈન સમાજને તોડવાનું અને સંતોની સાધનામાં વિઘ્ન નાખવાનું પાપ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર ભ્રામક અને જૂઠી અફવાઓ ફેલાવીને આ ટોળકીનો એકમાત્ર મકસદ આ પાવન ચાતુર્માસને કોઈપણ પ્રકારે રોકવાનો અને જૈન સંઘને માનસિક રીતે પ્રતાડિત કરવાનો છે.

### ભગવાન મહાવીરનો પણ ડર નથી, ચાતુર્માસની આડમાં ખંડણી વસૂલવાનું ષડયંત્ર!

આસ્થા પર પ્રહાર કરનારા આ પાખંડીઓને ભગવાન મહાવીરના સિદ્ધાંતો અને કર્મોના ફળનો પણ કોઈ ડર રહ્યો નથી. સૂત્રોના જણાવ્યા મુજબ, ચાતુર્માસમાં અડચણો ઊભી કરવાની અને સંતોની છબી ખરડવાની ધમકી આપીને આ આખી મંડળી જૈન સંઘ પાસેથી મોટી ખંડણી (ફિરોતી) વસૂલવાનું ગંદું ષડયંત્ર રચી રહી હતી. પરંતુ આ વખતે આ બ્લેકમેલરોનો પાલો એક જાગૃત અને નીડર સમાજ સામે પડ્યો છે.

મોટો તમાચો: આ કલંકિત અને પાખંડી તત્વોના મનસૂબા પર પાણી ફેરવતા આખા મધ્ય પ્રદેશનો જૈન સમાજ હવે ચટ્ટાનની જેમ એકજૂથ થઈ ગયો છે. સમાજ વિરોધી આ ચહેરાઓને ઓળખી કાઢવામાં આવ્યા છે અને તેમની સામે પોલીસ પ્રશાસને પણ કડક કાનૂની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

### આવા તત્વોને સમાજ બહાર ફેંકવાનો સમય, પાક્કો ગુજરાત ન્યૂઝ હંમેશા સત્યની સાથે

**આવા ધન-લોભી, બ્લેકમેલર અને સંતોની નિંદા કરનારા કલંકિત વ્યક્તિઓને જૈન સમાજમાંથી તાત્કાલિક ધોરણે બહિષ્કૃત (સમાજ બહાર) કરી દેવા જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ આસ્થા સાથે ખિલવાડ કરવાની હિંમત ન કરી શકે. પાક્કો ગુજરાત ન્યૂઝ હંમેશા સત્ય અને ન્યાયનો અવાજ રહ્યો છે અને રહેશે. અમારા આ નિષ્પક્ષ અને સચ્ચાઈથી ભરેલા અહેવાલે આ બ્લેકમેલરોની ઊંઘ હરામ કરી દીધી છે. પાક્કો ગુજરાત ન્યૂઝ દર પરિસ્થિતિમાં જૈન સમુદાય, જૈન શ્રી સંઘ અને પૂજ્ય સંતોની સાથે અડીખમ ઊભું છે અને સમાજને ખોખલો કરનારા આવા પાખંડીઓને બેનકાબ કરવાનું પોતાનું પત્રકારત્વ ધર્મ નિભાવતું રહેશે.**

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# ફિલ્મી સ્ટાઈલથી લાંચના 48 લાખ છુપાવ્યા પાણીની ટાંકીમાંથી મળ્યા નોટોના બંડલ...!

સુરત

સુરતમાંથી એક એવો સનસનીખેજ કિસ્સો સામે આવ્યો છે જેને જોઈને બોલિવૂડની કોઈ ક્રાઈમ થ્રિલર ફિલ્મ પણ ઝાંખી પડે. લાંચ રુશ્વત વિરોધી બ્યુરો (ACB)ના ડરથી એક પોલીસ ઈન્સ્પેક્ટર (PI) એ લાંચના ૪૮ લાખ રૂપિયા સગેવગે કરવા માટે આખી રાત જે હાઈવોલ્ટેજ ડ્રામા કર્યો, તેના સીસીટીવી ફૂટેજ સામે આવતા જ સમગ્ર પોલીસ બેડામાં અને ગુજરાતમાં ખળભળાટ મચી ગયો છે.

મળતી માહિતી મુજબ, એસીબીની ટ્રેપથી બચવા માટે પીઆઈએ ૪૮ લાખ રૂપિયા ભરેલી બેગ એક દિવાલ પર મૂકી દીધી હતી. ત્યારબાદ સેકન્ડોમાં જ એક અજાણ્યો શખ્સ એ બેગ લઈને ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. એસીબીની ટીમે જ્યારે આ ફૂટેજ જોયા ત્યારે તેમના પણ હોશ ઊડી ગયા હતા.

તપાસના તાર જ્યારે આગળ વધ્યા ત્યારે સુરતના પીઆઈએ પુરાવા નાશ કરવા અને પૈસા છુપાવવા માટે હથોડાનો સહારો લીધો હતો. પીઆઈએ પોતે હથોડાના ઘા મારીને લોક તોડ્યું હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં, જ્યારે એસીબીની ટીમે પંચોની હાજરીમાં ઘરની તલાશી લીધી, ત્યારે અગાશી પર આવેલી પાણીની ટાંકીમાંથી રૂ. ૫૦૦-૫૦૦ ની કડકડાટ નોટોના બંડલ મળી આવ્યા હતા.

મોટો સવાલ: કાયદાના રક્ષક જ જ્યારે ભક્ષક બનીને લાંચના લાખો રૂપિયા પાણીની ટાંકીમાં છુપાવે, ત્યારે જનતા ભરોસો કોના પર કરે?

હાલમાં એસીબીએ ૪૮ લાખની રોકડ રકમ જપ્ત કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ સુરત પોલીસની છબી ખરડી નાખી છે અને ટૂંક સમયમાં જ આ મામલે મોટા માથાના નામ ખુલે તેવી પૂરેપૂરી શક્યતા છે.

# વડોદરા પાલિકાના વોર્ડ નં. 17માં 'ભૂતિયા' સફાઈ કામદારોનું મોટું કૌભાંડ!

વડોદરા

વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૭ માંથી સફાઈ વ્યવસ્થાના નામે જનતાના ટેક્સના પૈસાનું અંધેર પ્રજા વહીવટ થતું હોવાના ચોંકાવનારા આક્ષેપો સામે આવ્યા છે. સ્માર્ટ સિટી અને સ્વચ્છતાના મોટા-મોટા બણગાં ફૂંકતા તંત્રની નાક નીચે જ સફાઈ સેવકોની હાજરી અને કામગીરીમાં કરોડો રૂપિયાનું આક્ષેપિત કૌભાંડ ચાલી રહ્યું હોવાની વિગતો સપાટી પર આવી છે. સ્થાનિક સ્તરેથી મળતી વિગતો મુજબ, વોર્ડમાં કાગળ પર અંદાજે ૭૦ જેટલા સફાઈ સેવકો મંજૂર થયેલા છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે જમીની સ્તરે માત્ર ૧૫ જેટલા કર્મચારીઓ પાસે જ ગદ્ધા મજૂરી કરાવવામાં આવી રહી છે! આ ગંભીર ગેરરીતિને કારણે શહેરની સફાઈ વ્યવસ્થા તો ખાડે ગઈ જ છે, પરંતુ સાથે-સાથે ઈમાનદારીથી કામ કરતા ગણતરીના કર્મચારીઓ પર કામનું અસહ્ય ભારણ વધી ગયું છે.

આ સમગ્ર કાળો કારોબાર વોર્ડના ઈન્સ્પેક્ટર જનક સોલંકી તથા તેમની સાથે ફરજ બજાવતા એક મહિલા કર્મચારીની છત્રછાયા અને દેખરેખ હેઠળ ચાલતો હોવાના સીધા આક્ષેપો થઈ રહ્યા છે. તંત્રમાં સફાઈ અને દેખરેખ માટે મુકાયેલા કેટલાક વગદાર અને 'વાઈટ કોલર' કર્મચારીઓ માત્ર સવારે મોઢું બતાવવા અને હાજરી પૂરવા પૂરતા જ આવે છે અને હાજરી ભરીને સીધા પોતાના ઘરે રવાના થઈ જાય છે. આ આખો ખેલ પદ્ધતિસર રીતે આયોજનપૂર્વક ચાલી રહ્યો છે, જેમાં ઉપરથી લઈને નીચે સુધી કથિત આર્થિક સેટિંગ હોવાની પ્રબળ શંકાઓ સેવાઈ રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ડિજિટલ હાજરીનો સમગ્ર વહીવટ કેટલાક માનીતા વાઈટ કોલર કર્મચારીઓના મોબાઈલ ફોન દ્વારા જ ઓપરેટ થતો હોય છે. ૧૦ થી ૧૫ જેટલા વચેટિયા કર્મચારીઓએ આ આખી વ્યવસ્થા પોતાના હાથમાં લઈ લીધી છે.

# ઈંધણની કટોકટી: ડીઝલની અછતના કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગની માઠી બેઠી

અમદાવાદ

ગુજરાતના અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ હાલમાં ભારે કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. રાજ્યમાં, ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના હબ ગણાતા વિસ્તારોમાં ડીઝલની તીવ્ર અછત વર્તાઈ રહી છે. સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે રાજકોટ અને કચ્છમાં લગભગ ૫૦ ટકા જેટલા કોમર્શિયલ વાહનો (ટ્રક અને ડમ્પર) ગેરેજ અને હાઈવે કિનારે ઊભા રહી ગયા છે. ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ભાંગી પડવાની અણી પર છે, ત્યારે એક સામાન્ય ટ્રાન્સપોર્ટરે પોતાની વેદના ઠાલવી છે.

છેલ્લા કેટલાક દિવસોથી પેટ્રોલ પંપો પર ડીઝલનો પુરવઠો મર્યાદિત માત્રામાં આવી રહ્યો છે. અનેક મોટા પંપો પર 'ડીઝલ નથી' ના બોર્ડ ઝૂલી રહ્યા છે. ટ્રાન્સપોર્ટરોના જણાવ્યા મુજબ, ગાડીઓમાં અડધી ટાંકી જ ડીઝલ મળે છે, જેના કારણે લાંબા રૂટની સફર કરવી અશક્ય બની ગઈ છે. સમયસર માલ ન પહોંચતા ફેક્ટરીઓ અને વેપારીઓ પણ પરેશાન છે. એક સ્થાનિક ટ્રાન્સપોર્ટરે પોતાની સમસ્યા ખૂબ જ સાદી અને સામાન્ય ભાષામાં સમજાવતા કહ્યું: 'સાહેબ, ટ્રાન્સપોર્ટ ધંધો એવો છે કે રોજ કમાઈને રોજ ખાવાનું છે. ગાડી રોડ પર દોડે તો જ ઘરમાં ચૂલો સળગે. અમારી પાસે ડ્રાઈવરોના પગાર, ગાડીઓના આકરા વીમા અને દર મહિને બેંકના મોટા હપ્તા ભરવાના હોય છે. હવે જો ડીઝલ જ ન મળે, તો ગાડીઓ રસ્તા પર કેવી રીતે ચલાવવી? માલ ભરેલી ટ્રકો હાઈવે પર અટકી પડી છે. ફેક્ટરીવાળા ફોન કરીને ગાળો દે છે કે માલ કેમ મોડો પહોંચ્યો? પણ એમને કોણ સમજાવે કે પંપ પર ડીઝલ જ નથી! ગાડીઓ ઊભી છે છતાં ડ્રાઈવરનો ખર્ચો અને બેંકના હપ્તા તો ચાલુ જ છે. જો આ જ સ્થિતિ રહી, તો અમારે આપઘાત કરવાનો વારો આવશે અથવા ગાડીઓની ચાવીઓ બેંકને સોંપી દેવી પડશે.'

# ગાંધીનગરમાં હાઈપ્રોફાઈલ બેઠક: લોકસભા-વિધાનસભા ચૂંટણીના વર્ષોનું ગણિત બદલાશે!

ગાંધીનગર

દેશભરમાં વન નેશન, વન ઈલેક્શન એટલે કે 'એક દેશ, એક ચૂંટણી' નો અમલ કરવા માટે કેન્દ્ર સરકાર સ્તરે તડામાર તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં મળેલી એક ઉચ્ચ સ્તરીય બેઠકમાંથી આ મામલે ખૂબ જ મોટી અને મહત્વની વિગતો સપાટી પર આવી છે. આ બેઠકમાં ચર્ચાયેલા ગણિત અનુસાર, આગામી સમયમાં લોકસભા અને રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ એકસાથે યોજવા માટેના વર્ષોના સમીકરણોમાં મોટો ફેરફાર થઈ શકે છે. જોકે, આ અંગેનો આખરી અને અંતિમ નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા જ લેવામાં આવશે.

સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, ગાંધીનગરની બેઠકમાં થયેલી ચર્ચા મુજબ ગુજરાતમાં વર્ષ ૨૦૨૭માં યોજાનારી વિધાનસભા ચૂંટણી તેના નિયત સમયે જ યોજાશે. આ ૨૦૨૭ની ચૂંટણી બાદ જે તે સરકારનો પાંચ વર્ષનો કાર્યકાળ વર્ષ ૨૦૩૨માં પૂર્ણ થશે. સામાન્ય નિયમ મુજબ વર્ષ ૨૦૩૨માં ફરીથી વિધાનસભા ચૂંટણી યોજાવી જોઈએ, પરંતુ 'એક દેશ, એક ચૂંટણી' ના સમાન ટાઈમલાઈન સેટ કરવાના ફોર્મ્યુલા અંતર્ગત આ વર્ષોમાં મોટો બદલાવ આવી શકે છે.

બેઠકમાં જે સૌથી ચોંકાવનારી અને મોટી વિગત ચર્ચાઈ છે તે મુજબ, વર્ષ ૨૦૩૨માં પૂર્ણ થનારી વિધાનસભાનો કાર્યકાળ આગળ લંબાવવામાં આવી શકે છે. દેશભરમાં એકસાથે ચૂંટણી યોજવાના રોડમેપ અંતર્ગત આવનારી ૨૦૩૨ની આ ચૂંટણી સીધી વર્ષ ૨૦૩૪માં યોજાય તેવી સંભાવનાઓ ચર્ચાઈ રહી છે. આ ફોર્મ્યુલા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે વર્ષ ૨૦૩૪માં યોજાનારી સામાન્ય લોકસભા ચૂંટણીની સાથે જ દેશના તમામ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ પણ એકસાથે યોજી શકાય.

**ખાખીના પ્રોટેક્શન હેઠળ બુટલેગર રમેશ બેફામ, વહીવટદાર દત્તુની લાખોની 'મલાઈ' ક્યાં સુધી?**

# અંકલેશ્વર કેમિકલ હબ કે મોતના સોદાગરોનો અડ્ડો?

- ભરૂચ LCBના પીઆઈ પર હપ્તાખોરીના સણસણતા આક્ષેપો!
- જાગૃત નાગરિકો સાવધાન! અહીં પોલીસને બાતમી આપશો તો બુટલેગરો સોપારી આપીને ચામડી ઉતારી લેશે




**પોલીસની ભ્રષ્ટ નિતિએ અંકલેશ્વરને ગુનેગારોનું 'સ્વર્ગ' બનાવ્યું**

અંકલેશ્વર

રાજ્ય સરકાર ભલે કાયદો અને વ્યવસ્થાના ચુસ્ત અમલની ગુલબાંગો પોકારે, પરંતુ ભરૂચ જિલ્લામાં કાયદાના રક્ષકો જ ભ્રષ્ટાચારના કાદવમાં ખદબદી રહ્યા છે. એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત ગણાતું અંકલેશ્વર આજે કેમિકલના ઉત્પાદન માટે નહીં, પણ ગેરકાયદેસર દેશી-વિદેશી દારૂ અને મોતના કાળા કારોબાર માટે હેડલાઈન્સમાં છે. અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનની નાકની નીચે જ દેશી દારૂનું મસમોટું નેટવર્ક ચલાવતો બુટલેગર રમેશ વસાવા કાયદાના લીરેલીરા ઉડાવી રહ્યો છે. સ્થાનિક પોલીસ અધિકારીઓ ગાંધીનગરના આદેશોની ઐસીતૈસી કરીને, પોતાની ખિસ્સા ભરવાની ભૂખ સંતોષવા આ મોતના વેપારી સામે નતમસ્ત થઈને ઊભા છે.

અંકલેશ્વર GIDCના શ્રમિક વિસ્તારો અને રેલ્વે સ્ટેશનની પાછળ આવેલી ઝૂંપડપટ્ટીઓમાં રમેશ વસાવાના ગુંડાઓ સરેઆમ ઝેર વેચી રહ્યા છે. ફેક્ટરીઓમાંથી નીકળતા જોખમી અને એસિડિક કેમિકલનો ઉપયોગ કરીને આ દેશી દારૂ બનાવવામાં આવતો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. ગરીબ શ્રમિકો અને યુવાનો આ સ્લો-પોઈઝન પીને મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. જનતાની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવેલી પોલીસ આ મોતના તાંડવની ભાગીદાર બનીને તમાશો જોઈ રહી છે. શું આ અધિકારીઓ કોઈ મોટા 'લઠ્ઠાકાંડ'ની અને માસૂમોની લાશોના ઢગલા થવાની રાહ જોઈ રહ્યા છે?

આ આખા કાળા સામ્રાજ્યની પાછળ રમેશ વસાવાનો જમણો હાથ ગણાતો વહીવટદાર 'દત્તુ' સક્રિય છે. પોલીસ બેડાની અંદરની ચર્ચાઓ મુજબ, અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનથી લઈને ભરૂચ LCB સુધી લાખો રૂપિયાના હપ્તા પહોંચાડવાની જવાબદારી આ દત્તુના શિરે છે. જ્યારે ખાખી વર્દી જ બુટલેગરોના એજન્ટોના કટકા પર નભવા લાગે, ત્યારે સામાન્ય જનતા ન્યાય અને સુરક્ષા માટે ક્યાં કાનૂનનો દરવાજો ખટખટાવે?

ભરૂચ જિલ્લામાં માત્ર દારૂ જ નહીં, જુગારની ક્લબો પણ બેખોફ ચાલી રહી છે. સૌથી ભયાનક બાબત એ છે કે, જો કોઈ દેશભક્ત કે જાગૃત નાગરિક ભરૂચ LCBના પીઆઈને આ અડ્ડાઓ અંગે ગુપ્ત માહિતી આપે, તો તે માહિતી ગણતરીની મિનિટોમાં બુટલેગરો સુધી પહોંચી જાય છે! ત્યારબાદ પોલીસના છૂપા આશીર્વાદથી એ નાગરિક પર બર્બરતાપૂર્વક હુમલા કરવામાં આવે છે. માહિતી આપનારાઓને જ ખતમ કરી દેવાની આ લિંક પોલીસની દાનત પર સૌથી મોટો સવાલિયા નિશાન લગાવે છે.

સૂત્રો પાસેથી મળતી સનસનાટીપૂર્ણ વિગતો અનુસાર, GIDC પોલીસ સ્ટેશનના પીઆઈ ઠાકોર અને ભરૂચ LCB પીઆઈ માટે આ વિસ્તાર સોનાની લગડી સમાન બની ગયો છે. દર મહિને ૧૦ થી ૧૨ લાખ રૂપિયાનો હપ્તો સાહેબો સુધી ટાઈમસર પહોંચી જાય છે.

પોલીસ વિભાગમાં ચર્ચા છે કે આ ભ્રષ્ટ અધિકારીઓ જિલ્લાના એક ઉચ્ચ પોલીસ અધિકારીના 'કમાઉ દીકરા' તરીકે પ્રોટેક્શન મેળવી રહ્યા છે, જેના કારણે એસપી સાહેબ પણ જિલ્લાની વાસ્તવિકતાથી અજાણ હોવાનું નાટક કરી રહ્યા છે. આ પ્રકારની ખુલ્લેઆમ હપ્તાખોરી આડકતરી રીતે ગુજરાત સરકારની છબી ખરડીને તેને ઉથલાવવાનું મોટું ષડયંત્ર છે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ' ના સણસણતા સવાલો:

સવાલ ૧: ભરૂચ જિલ્લા પોલીસ વડા (SP) આ ભ્રષ્ટ પીઆઈ ઠાકોર અને LCB પીઆઈ વિરુદ્ધ ક્યારે કડક સસ્પેન્શનના પગલાં લેશે? કે પછી વહીવટની આંચ તેમને પણ નડી રહી છે?

સવાલ ૨: ગૃહમંત્રી હર્ષ સંઘવી અને મુખ્યમંત્રીના આદેશોને બુટના તળિયે કચડનારા બુટલેગર રમેશ અને તેના વહીવટદાર દત્તુને ક્યારે જેલના સળિયા પાછળ ધકેલવામાં આવશે?

અંકલેશ્વરની જનતા હવે કાગળીયાની તપાસથી છેતરાવાની નથી, જો તાત્કાલિક એક્શન લેવામાં નહીં આવે તો જનતા પોતે રસ્તા પર ઉતરીને ન્યાય માંગશે.

**અન્નદાતાનો સરકાર પર પ્રચંડ આક્રોશ**

# ખેડૂતો ઉપર 'ડીઝલનું સંકટ' : ગુજરાતમાં 12-12 કલાક સુધી ટ્રેક્ટરોની લાંબી લાઈનો

### કૃષિપ્રધાન રાજ્યમાં જગતનો તાત રઝળ્યો; ફેક્ટરીઓ અને ઉદ્યોગોને પૂરતો જથ્થો મળતો હોય તો ધરતીપુત્રોને કેમ નહીં?

અમદાવાદ/રાજકોટ

ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાંથી અત્યારે એક હૃદયદ્રાવક અને સરકારની આંખ ઉઘાડનારી તસવીરો સામે આવી રહી છે. જે ખેડૂત આખા દેશનું પેટ ભરે છે, તે આજે પોતાના ખેતરમાં ટ્રેક્ટર ચલાવવા માટે એક-એક ટીપું ડીઝલ મેળવવા પેટ્રોલ પંપો પર ભીખ માગવા મજબૂર બન્યો છે. રાજ્યના કેટલાય પંથકોમાં ડીઝલની ભયંકર અછત વચ્ચે ૧૨-૧૨ કલાક સુધી ટ્રેક્ટરોની કિલોમીટરો લાંબી લાઈનો જોવા મળી રહી છે. ધોમધખતા તાપમાં લાઈનમાં ઊભેલા ખેડૂતોનો આક્રોશ હવે ફાટી નીકળ્યો છે અને તેઓ સીધો સરકાર સામે મોરચો ખોલીને પૂછી રહ્યા છે કે, આખરે દર વખતે લાઈનોમાં ઊભા રહેવાનો વારો ખેડૂતોનો જ કેમ આવે છે? ગામડાના પંપો પર અડધી રાતથી ટ્રેક્ટરોની કતાર લગાવીને બેઠેલા જગતના તાતનો ગુસ્સો સાતમા આસમાને છે. પાક્કો ગુજરાત સાથેની વાતચીતમાં સ્થાનિક ખેડૂતોએ પોતાનો બળાપો કાઢતા જણાવ્યું હતું કે, 'આ દેશમાં અને રાજ્યમાં કોઈ પણ સંકટ આવે કે નવો કાયદો આવે, મરવાનું ખેડૂતોએ જ હોય છે. પહેલાં નોટબંધીમાં લાઈનો લગાવી, પછી ખાતર લેવા માટે વહેલી સવારથી પોલીસના ડંડા ખાઈને સોસાયટીઓ અને ડેપોની બહાર લાઈનો લગાવી, અને હવે જ્યારે ખેતરમાં સીઝન ચાલી રહી છે ત્યારે ટ્રેક્ટરમાં નાખવાના ડીઝલ માટે ૧૨-૧૨ કલાક સુધી લાઈનોમાં સડવું પડે છે! શું આ જ આપણી કૃષિ ક્રાંતિ છે?' આ આખી અછત પાછળ કોઈ મોટો ખેલ ચાલી રહ્યો હોવાની પ્રબળ આશંકાઓ સેવાઈ રહી છે. ખેડૂત અગ્રણીઓ સીધો સવાલ ઉઠાવી રહ્યા છે કે, જો રાજ્યમાં ઉદ્યોગો, મોટી ફેક્ટરીઓ અને ખાનગી કંપનીઓના કમર્શિયલ વાહનો માટે ડીઝલનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે, તો પછી ગ્રામીણ વિસ્તારોના પેટ્રોલ પંપો પર જ કેમ 'નો સ્ટોક' ના બોર્ડ મારી દેવામાં આવે છે? શું ઉદ્યોગપતિઓના નફા સામે ખેડૂતોના સુકાતા પાકની કોઈ કિંમત જ નથી? સીઝનના સમયે જ ડીઝલની કૃત્રિમ અછત ઊભી કરીને કાળાબજારિયાઓ સક્રિય થયા હોવાના આક્ષેપ.

# ઓલપાડમાં આરોગ્ય સાથે ચેડાં કરતું બોગસ તબીબ દંપતિ ઝડપાયું

ઓલપાડ

તાલુકાના અટોદરા ચોકડી પાસે લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરતા એક બોગસ તબીબ દંપતિ અને તેના બે સાગરીતોનો પર્દાફાશ થયો છે. ઓલપાડ પોલીસ અને સરકારી આરોગ્ય તંત્રની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ક્લિનિક અને હોસ્પિટલમાં દરોડા પાડી કુલ ચાર આરોપીઓને દબોચી લીધા છે, જેના પગલે વિસ્તારના ઝોલાછાપ ડોક્ટરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. આ રીતે ફૂટ્યો ભાંડો સૂત્રોના જણાવ્યા અનુસાર, 'વંશ જનરલ હોસ્પિટલ'માં સારવાર હેઠળના એક બાળકને ઈન્જેક્શન અને બાટલો ચઢાવ્યા બાદ તેનું શરીર ફૂલી ગયું હતું. આ બાબતે બાળકના પરિવારે હોસ્પિટલના સંચાલક સાથે ઉગ્ર બોલાચાલી કરી પોલીસ અને આરોગ્ય વિભાગને જાણ કરી હતી. સ્થાનિકોમાં એવી પણ ચર્ચા છે કે અહીં ગર્ભવતી સ્ત્રીઓનો ગેરકાયદેસર ગર્ભપાત પણ કરવામાં આવતો હતો. ક્લિનિક અને હોસ્પિટલ પર ત્રાટકી પોલીસ બાતમીના આધારે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ચિરાગ પટેલ, મેડિકલ ઓફિસર ડૉ. રાજેશ ગુર્જર અને ઓલપાડ પીએસઆઈ ડી.બી. દેસાઈની ટીમે બુધવારે સાંજે દરોડા પાડ્યા હતા.

**સુરતમાં અજબ પ્રેમની ગજબ કહાની**

# લવમેરેજ કરનારી વહુને સોનાના દાગીના આપવા સાસુ બની ગઈ 'ચોર'

### કતારગામમાં ભાડૂઆત સાસુએ ઘરમાલિક શિક્ષિકાના બંધ ઘરને નિશાન બનાવી ₹18 લાખના દાગીના પર હાથફેરો કર્યો

સુરત

સુરતના કતારગામ વિસ્તારમાંથી એક એવી ચોંકાવનારી અને અજીબોગરીબ ચોરીની ઘટના સામે આવી છે, જે સાંભળીને પોલીસ પણ માથું ખંજવાળવા મજબૂર થઈ ગઈ છે. પોતાના દીકરાએ કરેલા પ્રેમ લગ્નથી ખુશ થયેલી એક સાસુએ પુત્રવધૂને સોનાના દાગીના ભેટમાં આપવાની એવી ઘેલછા જાગી કે તે સીધી ગુનેગાર બની ગઈ! વહુને રાજી કરવા માટે સાસુએ પોતાના જ મકાનમાલિકના ઘરમાંથી 18 લાખની મતા ચોરી લીધી હતી. જોકે, કતારગામ પોલીસે ગણતરીના દિવસોમાં આ 'ઝબરી સાસુ'નો પર્દાફાશ કરીને તેની ધરપકડ કરી લીધી છે.

મળતી માહિતી મુજબ, કતારગામ વિસ્તારમાં રહેતા અને વ્યવસાયે શિક્ષિકા એવા ઘરમાલિકના ઘરે આ ચોરીની ઘટના બની હતી. રોજની જેમ શિક્ષિકા પોતાની સ્કૂલે ગયા હતા અને તેમના પતિ એમ્બ્રોઈડરીના કારખાને ગયા હતા. આ દરમિયાન તેમનો દીકરો ઘરનો રૂમ લોક કરવાનું ભૂલીને બહાર ગયો હતો. બસ, આ જ નાની ભૂલનો ફાયદો આ જ ઘરમાં ભાડે રહેતી મહિલાએ ઉઠાવ્યો હતો. રૂમ ખુલ્લો જોઈને મહિલા ભાડૂઆત અંદર ઘૂસી ગઈ હતી અને કબાટમાંથી આશરે 18 લાખની કિંમતના સોનાના દાગીના ચોરી લીધા હતા.

ઘટનાના થોડા દિવસો બાદ જ્યારે શિક્ષિકાએ કોઈ કારણસર પોતાનો કબાટ ચેક કર્યો, ત્યારે તેમના હોશ ઉડી ગયા હતા. કબાટમાંથી કિંમતી દાગીના ગાયબ હતા. ઘરમાં ચોરી થઈ હોવાની જાણ થતાં જ કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પોલીસે જ્યારે તપાસના ચક્રો ગતિમાન કર્યા અને આસપાસના લોકો તેમજ ભાડૂઆતોની કડક પૂછપરછ શરૂ કરી, ત્યારે આ મહિલા ભાડૂઆત ભાંગી પડી હતી અને વટાણા વેરી દીધા હતા.

પૂછપરછ દરમિયાન આરોપી મહિલાએ કબૂલાત કરી હતી કે, તેના દીકરાએ પ્રેમ લગ્ન (Love Marriage) કર્યા છે.

**રાજકીય નેતાના ભાઈ અને વહીવટદાર સુરેશ ચૌધરીની જુગલબંધી**

# બનાસકાંઠા બોર્ડરેથી ગુજરાતમાં કરોડોના ડ્રગ્સ-દારૂની 'સિસ્ટમેટિક' ઘૂસણખોરી....!

- દિગ્ગજ નેતાના આશીર્વાદથી સુરેશ ચૌધરીનું હફ્તારાજ
- SP બંગલેથી ઓપરેટ થતું કરોડોનું કૌભાંડ
- IGના નામે તોડબાજી કરતા બે પૂર્વ LCB જવાનો બેખોફ




બનાસકાંઠા

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતું એક એવું ભયાનક સત્ય 'પાક્કો ગુજરાત' સામે આવ્યું છે, જે કાયદો અને વ્યવસ્થાના ચિથરા ઉડાડી દેશે. રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશતા દારૂ અને ડ્રગ્સના કન્ટેનરો કોઈ ચોરીછૂપીથી નહીં, પણ ઉત્તર ગુજરાતના એક દિગ્ગજ રાજકીય નેતાના સગા ભાઈના ઈશારે અને તેના ખાસ માણસ સુરેશ ચૌધરીના વહીવટ હેઠળ ધમધમી રહ્યા છે. ચૌધરી સમાજના આ મોટા નેતાનો હાથ ઉપર હોવાથી સુરેશ ચૌધરી સામે કોઈ આંગળી ચીંધવાની પણ હિંમત કરતું નથી.

સૂત્રોના પાકા અહેવાલ મુજબ, બનાસકાંઠા એસપી પ્રશાંત સુંબેના કથિત ખાસ વહીવટદાર તરીકે ઓળખાતો સુરેશ ચૌધરી આખા જિલ્લામાં બુટલેગરો પાસેથી લાખો-કરોડો રૂપિયાની ઉઘરાણીનું નેટવર્ક ચલાવે છે. નેતાના ભાઈના આશીર્વાદના જોરે સુરેશ ચૌધરી એટલો પાવરફુલ થઈ ગયો છે કે તેને કોઈ પણ પ્રકારની અડચણ વિના હપ્તા વસૂલવા માટે ખુદ એસપી બંગલે જ આશરો આપવામાં આવ્યો હોવાની ચર્ચા છે! આ કાળી કમાણીનો હિસ્સો ગૃહ મંત્રાલયના ઉચ્ચ સ્તરો સુધી પહોંચતો હોવાની આશંકા સેવાઈ રહી છે.

બીજી તરફ, રેન્જ આઈજી સાહેબના નામે ઉઘરાણી કરવા માટે પૂર્વ LCB કર્મચારી રાજેશ પરમાર અને રેન્જ આઈજી સેલના પીએસઆઈ એસ. જે. પરમારને મેદાનમાં ઉતારાયા છે. આ બંને જવાનો અગાઉ બનાસકાંઠા એલસીબીમાં લાંબો સમય ફરજ બજાવી ચૂક્યા હોવાથી, કયો બુટલેગર ક્યાંથી ધંધો કરે છે તેની એક-એક કુંડળી સુરેશ ચૌધરી અને આ ટોળકી સુધી પહોંચાડે છે.

રાજકીય વગ અને ખાખીના સપોર્ટથી જિલ્લાની આ પાંચ સંવેદનશીલ બોર્ડરો બુટલેગરો માટે ખુલ્લી મૂકી દેવાઈ છે: ગુન્દરી બોર્ડર અને નેનાવા બોર્ડર, અમીરગઢ ચેકપોસ્ટ, અંબાજી છાપરી બોર્ડર અને જાંબુડી ચેકપોસ્ટ.

બેખોફીની હદ: સુરેશ ચૌધરી પોતે નક્કી કરે છે કે કયું કન્ટેનર ક્યારે બોર્ડર ક્રોસ કરશે. એટલું જ નહીં, આ કન્ટેનરો સેફ પાસ થઈ જાય તે માટે તેની અંદર સ્પેશિયલ પ્રોટેક્શન તરીકે એક પોલીસ કર્મચારીને બેસાડવામાં આવે છે, જે હદ બદલાતા જ બદલાઈ જાય છે!

મોટા મગરમચ્છોને છાવરતો સુરેશ: 'પાક્કો ગુજરાત'ના સળગતા સવાલો

૧. સુરેશ ચૌધરી નાના-નાના બુટલેગરોને પકડાવીને મોટા ગજાના તસ્કરોને કેમ છાવરી રહ્યો છે?

૨. ચૌધરી સમાજના એ મોટા નેતા કોણ છે, જેના ખોફના કારણે ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ સુરેશ ચૌધરી સામે નતમસ્તક છે?

૩. શું એસપી પ્રશાંત સુંબે અને રેન્જ આઈજી આ આખા ખેલથી અજાણ છે?

આ મહાખોલાસા અંગે જ્યારે 'પાક્કો ગુજરાત'ની ટીમે બનાસકાંઠા એસપી સાહેબનો સંપર્ક કર્યો તો તેમણે ફોન ઉપાડવાની હિંમત ન કરી. LCB PI એ 'કાર્યવાહી ચાલુ છે' કહી વાત ટાળી દીધી, જ્યારે રેન્જ આઈજીએ આ બાબતે અજાણ હોવાનો દાવો કર્યો છે. સમગ્ર જિલ્લામાં વહીવટદાર સુરેશ ચૌધરી અને તેના આકા એવા નેતાના ભાઈનો એટલો ખોફ છે કે કોઈ અધિકારી મોં ખોલવા તૈયાર નથી.

પાક્કો ગુજરાત
શુક્રવાર | 22 મે 2026 | અમદાવાદ

# એર ઇન્ડિયાની દિલ્હી-બેંગલુરુ ફ્લાઇટ રનવે સાથે અથડાઇ

## લેન્ડિંગ દરમિયાન દુર્ઘટના, પાછળના ભાગમાં સ્ક્રેચ આવ્યો; યાત્રીઓ અને ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત


નવી દિલ્હી

એર ઈન્ડિયાની દિલ્હીથી બેંગલુરુ જઈ રહેલી ફ્લાઈટ AI2651 ગુરુવારે લેન્ડિંગ દરમિયાન રનવે સાથે અથડાઈ હતી. ફ્લાઈટનો પાછળનો ભાગ જમીનને સ્પર્શી ગયો હતો. આ ઘટનાને એવિએશન ભાષામાં 'ટેલ સ્ટ્રાઈક' કહેવાય છે.

ફ્લાઈટની તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવી છે, જેમાં તેના નીચેના ભાગ પર સ્ક્રેચ દેખાઈ રહ્યા છે. ફ્લાઈટને સુરક્ષિત રીતે ઉતારી લેવામાં આવી હતી. આ ઘટનામાં કોઈ મુસાફર કે ક્રૂ સભ્યને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. બધાને બહાર કાઢી લેવામાં આવ્યા છે.

સોશિયલ મીડિયા પર અકસ્માત બાદ ફ્લાઈટની તસવીરો સામે આવી છે.





સોશિયલ મીડિયા પર અકસ્માત બાદ ફ્લાઈટની તસવીરો સામે આવી છે. જોકે, ભાસ્કર તેની પુષ્ટિ કરતું નથી.

પાયલટને લેન્ડિંગમાં મુશ્કેલીનો અંદાજ હતો સૂત્રો અનુસાર, એર ઈન્ડિયા ફ્લાઈટના પાયલટને અંદાજ આવી ગયો હતો કે લેન્ડિંગમાં મુશ્કેલી આવી શકે છે, તેથી તેણે નિયમો અનુસાર 'ગો-અરાઉન્ડ' કરવાનો નિર્ણય લીધો. ગો-અરાઉન્ડ દરમિયાન પાયલટ લેન્ડિંગ એપ્રોચ દરમિયાન ફ્લાઈટને ફરીથી હવામાં લઈ જાય છે અને સ્થિતિ સામાન્ય થતાં ફરીથી લેન્ડિંગનો પ્રયાસ કરે છે.

એર ઈન્ડિયા વિમાનને ઘટના પછી તપાસ માટે ગ્રાઉન્ડ કરી દેવામાં આવ્યું છે. એરલાઈન અને એરપોર્ટ અધિકારીઓએ સુરક્ષા તપાસ શરૂ કરી દીધી છે. નાગરિક ઉડ્ડયન નિયમનકાર DGCAને પણ ઘટનાની જાણ કરવામાં આવી છે.

જોકે, એરલાઈનની બેંગલુરુથી દિલ્હી જતી પરત ફ્લાઈટ AI2652 રદ કરી દેવામાં આવી છે. એરલાઈને પ્રભાવિત મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની વાત કહી છે. બેંગલુરુ એરપોર્ટ પર એર ઈન્ડિયાની ગ્રાઉન્ડ ટીમ મુસાફરોને મદદ કરી રહી છે.

### મહારાષ્ટ્રના રાજકારણમાં નવી ઉથલપાથલ

# NCPના 22 ધારાસભ્ય શરદ પવારના સંપર્કમાં

નવી દિલ્હી



મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટી ઉથલપાથલ થવાના સંકેતો મળી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી સુનેત્રા પવારની પાર્ટી (NCP)ના 22 જેટલા નારાજ ધારાસભ્યોએ શરદ પવાર સાથે મુલાકાત કરી હોવાના અહેવાલોથી રાજકીય ગરમાવો આવી ગયો છે.

આ ઘટનાક્રમ વચ્ચે શરદ પવારની આગેવાનીવાળી NCPSP અને અજિત પવારની NCP વચ્ચે ફરી વિલય (મર્જર) થવાની અટકળો પણ તેજ થઈ છે. બંને પક્ષો ભેગા થવાની ચર્ચા વચ્ચે શરદ પવાર જૂથના વરિષ્ઠ નેતાઓએ સ્પષ્ટતા કરી છે કે, અજિત પવારની NCP સાથે કોઈ પ્રકારનો વિલય નહીં થાય. જો કે, આ સમગ્ર મામલે ખુદ શરદ પવારે મૌન સાધી લીધું છે, જેને કારણે સસ્પેન્સ વધુ ઘેરું બન્યું છે. પાર્ટીના કાર્યકરો અને ધારાસભ્યોમાં પણ મૂંઝવણ છે કે આખરે પડદા પાછળ શું રમત રમાઈ રહી છે અને વરિષ્ઠ નેતા આ મુદ્દે ખુલીને કેમ નથી બોલતા? 10 જૂને યોજાનારા પાર્ટીના સ્થાપના દિવસ પહેલા આ હાઈપ્રોફાઈલ બેઠક બોલાવવામાં આવી હતી, જેમાં રાજ્યની વર્તમાન રાજકીય સ્થિતિ અંગે રણનીતિ ઘડાઈ હતી. બીજી તરફ, અજિત પવારના જૂથમાં અંદરોઅંદર વિખવાદ ચાલી રહ્યો છે, જેનો ફાયદો ઉઠાવવા શરદ પવારની કોર ટીમ સક્રિય થઈ છે.

# ઇતિહાસના સૌથી મોટા રૂપિયાના કડાકા બાદ પીયૂષ ગોયલની દેશવાસીઓને અપીલ

નવી દિલ્હી



અમેરિકન ડૉલર સામે ભારતીય રૂપિયાના મૂલ્યમાં થઈ રહેલા સતત ઘટાડાને રોકવા માટે કેન્દ્ર સરકાર સક્રિય છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગુરુવારે જણાવ્યું હતું કે, ચલણને સ્થિર કરવા માટે સરકારના તમામ વિભાગો સાથે મળીને કામ કરી રહ્યા છે અને આ અંગે અનેક મહત્ત્વના પગલાં લેવા પર વિચારણા ચાલી રહી છે.એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથેની વાતચીતમાં ગોયલે જણાવ્યું કે, 'અમે પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છીએ. સરકારના તમામ વિભાગો એક ટીમ તરીકે કામ કરી રહ્યા છે અને ટૂંક સમયમાં યોગ્ય પગલાં લેવામાં આવશે.' વૈશ્વિક બજારમાં પ્રવર્તી રહેલા પડકારોના કારણે છેલ્લા કેટલાક અઠવાડિયાથી ભારતીય રૂપિયા પર ભારે દબાણ જોવા મળી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ(કાચા તેલ)ની કિંમતો સતત વધી રહી છે. વૈશ્વિક બોન્ડ યીલ્ડમાં વધારો થયો છે. વિદેશી રોકાણકારો ભારતીય બજારમાંથી સતત પૈસા પાછા ખેંચવા લાગ્યા છે. આ ઉપરાંત વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી ભૌગોલિક-રાજકીય (Geopolitical) અનિશ્ચિતતાઓ પણ મહત્ત્વનું કારણ છે. તાજેતરમાં જ ભારતીય રૂપિયો અમેરિકી ડૉલર સામે ઘટીને 96.88 રૂપિયાની અત્યાર સુધીની સૌથી નીચલી ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયો છે. મંત્રીને પૂછવામાં આવ્યું કે શું સરકાર કરંટ એકાઉન્ટ ડેફિસિટ (CAD) પરનું દબાણ ઘટાડવા માટે બિન-જરૂરી ચીજવસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવાનું વિચારી રહી છે? ત્યારે તેમણે સ્પષ્ટ ના પાડી દીધી હતી.

ગોયલે સ્પષ્ટતા કરતાં કહ્યું કે, 'હાલમાં આયાત પર પ્રતિબંધ મૂકવાની કોઈ યોજના નથી. પરંતુ અમે દેશના તમામ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ આયાત પર નિર્ભર હોય તેવી વસ્તુઓ પર થતાં ખર્ચ અંગે વધુ જાગૃત બને.' વૈશ્વિક મંદી અને આર્થિક અનિશ્ચિતતા વચ્ચે પણ પીયૂષ ગોયલે ભારતીય અર્થતંત્રની મજબૂતી પર પૂરો ભરોસો વ્યક્ત કર્યો છે.

# ડૉલર સામે રૂપિયો નબળો થતો રહેશે તો મોંઘવારી વધશે

નવી દિલ્હી

મિડલ ઈસ્ટ (પશ્ચિમ એશિયા) માં વધી રહેલા સૈન્ય તણાવ અને હોર્મુઝની ખાડીમાં સર્જાયેલી નાકાબંધીના કારણે ભારતીય અર્થતંત્ર અને સામાન્ય જનતા પર મોંઘવારીનો મોટો આંચકો આવવાના સંકેતો મળી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ (IMF) ના પૂર્વ ડેપ્યુટી એમડી અને હાર્વર્ડના પ્રોફેસર ગીતા ગોપીનાથે ભારત માટે 'ત્રિપલ વોર્નિંગ' જારી કરી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો તણાવ જો આગામી જૂન મહિના સુધી વધુ ઘેરો બનશે, તો ભારત માટે આર્થિક મોરચે કપરા ચઢાણ સાબિત થશે. આઈએમએફ (IMF) ના પૂર્વ ડેપ્યુટી એમડી ગીતા ગોપીનાથે ચેતવણી આપી છે કે, ભારત પોતાની જરૂરિયાતના મોટાભાગના ઓઈલ અને ગેસ માટે મિડલ ઈસ્ટ પર નિર્ભર હોવાથી અહીં માત્ર ભાવ વધારાની જ સમસ્યા નથી, પરંતુ આગામી દિવસોમાં ઈંધણની ભારે અછત પણ સર્જાઈ શકે છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કાચું તેલ (Crude Oil) પ્રતિ બેરલ $140 ની સપાટીએ પહોંચી શકે છે, જેના કારણે સ્થાનિક બજારમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ઝીંકાશે.

# 'નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા' 40 હજાર કરોડના ખર્ચે 742 કિ.મી. લાંબો એક્સપ્રેસ વે બનાવશે

## શામલી-ગોરખપુર એક્સપ્રેસ વે બનતાં દિલ્હી-એનસીઆરથી નેપાળ સુધી પહોંચતા માત્ર આઠ કલાકનો જ સમય જશે

નવી દિલ્હી

વર્તમાન સમયમાં દિલ્હી અને એનસીઆરથી સડક દ્વારા નેપાળ પહોંચવું ઘણું થકાઉ અને લાંબી સફર બની રહેલ છે. પરંતુ ટૂંક સમયમાં જ એક મહત્વની પરિયોજના સમગ્ર પરિસ્થિતિ પલટાવી દે તેમ છે. આગામી શામલી-ગોરખપુર એક્સપ્રેસ વે બનતાં દિલ્હી-એનસીઆરથી નેપાળ સુધી પહોંચતા માત્ર આઠ કલાક જ લાગશે.

આ ગ્રીન ફિલ્ડ એક્સપ્રેસ વે સાંકડી ગલીઓ અને સ્થાનિક શહેરોના ભારે ટ્રાફિક જામ એક તરફ રાખી આગળ વધશે.

નવા એક્સપ્રેસ વે ઉપર દિલ્હી કે પાણીપતથી વાહન ચાલકો શામલી પાસેથી ચઢી જઈ શકશે. નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ) ઝડપથી તે પ્રોજેક્ટ ઉપર કામ કરી રહેલ છે. બિજનૌર અને પીલભીત સહીત કેટલાએ શહેરો અને ગામોની પાસે જમીન અધિગ્રહણ કરવાની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. તેમજ પ્રોપર્ટી રજિસ્ટ્રેશન ઉપર પણ રોક મુકવામાં આવી છે.




આ મહાપરિયોજનાના નિર્માણ કાર્યમાં ગતિશીલતા લાવવા માટે એનએચએઆઈએ પ્રોજેકટને બે સમર્પિત જૂથમાં વહેંચી નાખ્યો છે. એક ટીમ પશ્ચિમના ૩૪૮ કિ.મી.નું કામ કરશે જ્યારે બીજી ટીમ પૂર્વના બાકીના ભાગમાં કામ શરૂ કરશે. શરૂઆતમાં આ એક્સપ્રેસ વે ૪ લેનનો બનાવાશે પછી તે છ કે આઠ લેન સુધી પહોળો કરાશે. આ પ્રોજેક્ટ ૨૦૩૦ સુધીમાં પુરો કરવાનો છે.

આ હાઈવે ૧૮ જિલ્લાઓમાંથી પસાર થશે અને મુઝફ્ફરનગર બરેલી તથા ગોરખપુર જેવા શહેરો પાસેથી પસાર થશે પરંતુ શહેરોમાં તો નહીં જ જાય.

આ હાઈવે શરૂ થતાં માલવાહક ટ્રકો, બસો, મોટરોને લાંબા સમય સુધી અત્યારે ફસાઈ રહેવું પડે છે તેમ ફસાઈ રહેવું પડશે નહીં. આ હાઈવેને પશ્ચિમ બંગાળના સીલીગુડી સુધી લંબાવવાની પરિયોજના છે. જે ઉત્તર અને પૂર્વ ભારતને અખંડ હાઈસ્પીડ કોરીડોર સાથે જોડી દેશે.

### તમામ સરકારી અને ખાનગી મદરેસાઓને લાગુ પડશે નિયમ

# શુભેન્દુ સરકારએ લીધો ઐતિહાસિક નિર્ણય : બંગાળના મદરેસાઓમાં હવે વંદે માતરમ્ ફરજિયાત

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળની સરકારે રાજ્યની શૈક્ષણિક વ્યવસ્થાને લઈને એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને મોટો નિર્ણય લીધો છે. હવે રાજ્યની તમામ મદરેસાઓમાં 'વંદે માતરમ્' ગાવું ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. આ અંગે મદરેસા શિક્ષણ નિયામક દ્વારા 19 મે, 2026ના રોજ એક સત્તાવાર આદેશ જાહેર કરવામાં આવ્યો છે. આ નવા આદેશમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, અગાઉના તમામ નિર્દેશો અને પ્રથાઓને તાત્કાલિક અસરથી રદ કરીને, હવેથી મદરેસાઓમાં વર્ગો (કલાસીસ) શરૂ થતાં પહેલા થતી દૈનિક પ્રાર્થનામાં 'વંદે માતરમ્' ગાવું અનિવાર્ય રહેશે.



સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલો આ નવો નિયમ પશ્ચિમ બંગાળના તમામ પ્રકારના મદરેસાઓ પર સમાન રીતે લાગુ થશે. જેમાં રાજ્યની તમામ સરકારી મોડલ મદરેસા (ઇંગ્લિશ મીડિયમ), માન્યતા પ્રાપ્ત સરકારી સહાયતા મેળવતી મદરેસાઓ, અપ્રૂવ્ડ MSK, અપ્રૂવ્ડ SSK તેમજ માન્યતા પ્રાપ્ત ગેર-સહાયિત (પ્રાઈવેટ) મદરેસાઓનો સમાવેશ થાય છે. આ આદેશને તાત્કાલિક અસરથી અમલમાં લાવવા માટે કડક સૂચના આપવામાં આવી છે. મદરેસા શિક્ષણ નિયામક તરફથી આ નિર્ણયની નકલ તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ (DM), જિલ્લા શિક્ષણ અધિકારીઓ, પશ્ચિમ બંગાળ બોર્ડ ઓફ મદરેસા એજ્યુકેશન અને અન્ય સંબંધિત વિભાગોને મોકલી દેવામાં આવી છે. આ આદેશ સક્ષમ સત્તાધિકારીની મંજૂરી બાદ જ જાહેર કરવામાં આવ્યો છે. બીજી તરફ, પશ્ચિમ બંગાળ અને આસામની ચૂંટણીઓમાં શાનદાર જીત મેળવ્યા બાદ, નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી કેન્દ્રીય કેબિનેટે રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્'ને રાષ્ટ્રગાન 'જન ગણ મન'ની સમકક્ષ દરજ્જો આપવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પગલાનો મુખ્ય હેતુ 'વંદે માતરમ્'ને પણ એ જ કાનૂની સુરક્ષાના દાયરામાં લાવવાનો છે, જે અત્યારે રાષ્ટ્રગાનને મળેલી છે. એકવાર આ નવો નિયમ સંપૂર્ણપણે લાગુ થઈ ગયા પછી, 'વંદે માતરમ્' ગાવા દરમિયાન તેનું અપમાન કરવું કે તેમાં કોઈ પણ પ્રકારની અડચણ ઊભી કરવી એ એક ગંભીર અને 'કોગ્નિઝેબલ ગુનો' (પોલીસ વોરંટ વગર ધરપકડ કરી શકે તેવો ગુનો) ગણાશે.

### હવે આશ્રમમાંથી કરશે 'રાજકારણ'

# પ્રસિદ્ધ ચૂંટણી વ્યૂહનીતિકાર પ્રશાંત કિશોરએ કરી ચોંકાવનારી જાહેરાત

નવી દિલ્હી

જન સુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે બુધવારે પટણા બહારના એક આશ્રમમાં રહેવા જવાની જાહેરાત કરી છે. તેઓ ત્યાં સુધી આશ્રમમાં રહેશે, જ્યાં સુધી આગામી વિધાનસભા ચૂંટણીમાં જન સુરાજ પાર્ટી પોતાની જગ્યા બનાવી ન લે. દરભંગામાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું કે, હું મંગળવારે પટણાના મારા જૂના આવાસમાંથી બહાર નીકળી ગયો છું અને હવે આઈઆઈટી-પટણા નજીક આવેલ 'બિહાર નવનિર્માણ આશ્રમ' મારું નવું સરનામું હશે. મને આશા છે કે ચૂંટણી સુધીમાં મારી પાર્ટી પ્રભાવ પાડી શકશે.



I-PACના સહ-સ્થાપક પ્રશાંત કિશોરે 2024માં 'જન સુરાજ પાર્ટી'ની સ્થાપના કરી હતી, અને પોલિટિકલ કન્સલ્ટન્સી છોડી દીધી હતી. તેઓ અત્યાર સુધી 'શેખપુરા હાઉસ'થી કાર્યરત હતા, જે પટણા એરપોર્ટ નજીક આવેલો એક મોટો બંગલો છે અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ સાંસદ ઉદયસિંહના પરિવારનો છે. ઉદયસિંહ એક જાણીતા રાજકીય પરિવારમાંથી આવે છે, તેમના ભાઈ એન.કે. સિંઘ 15મા નાણા પંચના ભૂતપૂર્વ અધ્યક્ષ રહી ચૂક્યા છે અને તેમની માતા માધુરી સિંઘ કોંગ્રેસના વરિષ્ઠ નેતા હતા. JD(U)ના પૂર્વ ઉપાધ્યક્ષ પ્રશાંત કિશોરે પૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમાર પર તીખો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે, 'ચૂંટણી પછી જે વ્યક્તિ મુખ્યમંત્રી બન્યા, તે આર્થિક તંગીના કારણે થતાં પલાયનને રોકી શક્યા નહીં, એટલું જ નહીં પણ તેણે પોતે જ પલાયન કરવું વધુ યોગ્ય માન્યું.' તેમણે ઉમેર્યું કે નીતિશ કુમારે તેમના પુત્ર નિશાંત કુમારને રાજકારણમાં ગોઠવવાની ખાતરી કરી લીધી છે, જે હવે મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના નેતૃત્વ હેઠળની બીજેપી સરકારમાં જોડાયા છે. આ ઉપરાંત, તેમણે બિહારના મતદારોને જાતિ, ધર્મ કે પૈસાના લાલચના આધારે વોટ આપવાના બદલે પોતાના હિતોને પ્રાથમિકતા આપવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે, 'લોકોએ વોટ આપતા સમયે પોતાના બાળકોના ભવિષ્ય વિશે વિચારવું જોઈએ.'

# ભારતમાં થતી આયાતમાં દરરોજ 4 લાખ બેરલની ઘટથી ટેન્શન વધ્યું

## એપ્રિલમાં ભારતની એલપીજી આયાત પ્રતિ દિન 3.77 લાખ બેરલ હતી, જે ફેબ્રુઆરીમાં 8.5 લાખ બેરલ હતી

નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં તનાવ અને હોર્મુઝમાં રસ્તો બંધ થવાથી સમગ્ર વિશ્વમાં ઊર્જા સંકટ છે. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વિશ્વમાં એલપીજી એટલે કે રાંધણગેસનું ત્રીજા નંબરનું સૌથી મોટું વપરાશકાર ભારત પ્રતિ દિન ચાર લાખ બેરલની ઘટનો સામનો કરી રહ્યું છે. નિક્કેઈ એશિયાની રિપોર્ટ મુજબ એપ્રિલમાં ભારતની એલપીજી આયાત પ્રતિ દિન 3.77 લાખ બેરલ હતી, જે ફેબ્રુઆરીમાં 8.5 લાખ બેરલ હતી. આ બતાવે છે કે એલપીજીની આયાતમાં 50 ટકા ઉપરાંતનો નોંધપાત્ર ઘટાડો થયો છે.

નિક્કેઈ એશિયાએ કેપ્લરના આંકડાના આધારે આ વાત જણાવી છે. ફેબ્રુઆરીમાં હોર્મુઝ ચાલુ હતી. આ બતાવે છે કે યુદ્ધના કારણે ભારત હાલમાં રાંધણગેસના મોરચે કેટલી વિપરિત પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે. કેન્દ્ર સરકાર હાલમાં આપત્તિને અવસરમાં ફેરવવામાં લાગેલી છે. તે રાંધણ ગેસમાં પુરવઠાના ઘટાડાનો લાભ ઉઠાવીને તેને પીએનજી કનેકશન્સમાં પરિવર્તીત કરવા આતુર છે. આના ભાગરૂપે આગામી છ મહિનામાં 60 લાખ પીએનજી જોડાણ આપવામાં આવનાર છે. જ્યારે વર્તમાન નાણાકીય વર્ષમાં કુલ એક કરોડ પીએનજી જોડાણ આપવાનું સરકારનું લક્ષ્યાંક છે. આમ છતાં બાટલાધારકોના જોડાણની સંખ્યા 33 કરોડ છે ત્યારે તેમના માટે બાટલો છોડાવવું તેટલું સરળ નહીં હોય. આ સંદર્ભમાં ધ્યાનમાં રાખીને સરકારે પીએનજી જોડાણ ધરાવનારાઓને તેમના ગેસના બાટલાનું જોડાણ રદ કરવા અપીલ કરી છે. આ દરમિયા પીએનજી કનેકશનાવાળાને એલપીજી જોડાણ સરન્ડર કરવા જણાવ્યું છે. સરકારે આવા કુટુંબોને એલપીજી જોડાણ બંધ કરવા માટે ત્રણ મહિનાનો સમય આપ્યો છે. તેથી સરકારે એક કુટુંબ એક કનેકશનનો નિયમ લાગુ કર્યો છે.

# સરકારનો કડક આદેશ: પેટ્રોલ પંપ પર ફ્યૂલ આપવાની ના પાડી તો ખેર નથી!

## સરકારના વરિષ્ઠ અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે દેશમાં પેટ્રોલ, ડીઝલ કે LPGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને તેની કોઈ તંગી નથી

નવી દિલ્હી

વિશ્વભરમાં અત્યારે ઊર્જા સંકટ અને ઈંધણના વધતા ભાવને લઈને ચર્ચાઓ ગરમ છે, ત્યારે ભારતમાં પણ પેટ્રોલ પંપ પર લાંબી લાઈનોના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. શું ખરેખર દેશમાં પેટ્રોલ, ડીઝલ કે રાંધણ ગેસ (LPG) ખૂટી પડ્યા છે? એવામાં IANSના અહેવાલ અનુસાર સરકારના વરિષ્ઠ અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે દેશમાં પેટ્રોલ, ડીઝલ કે LPGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને તેની કોઈ તંગી નથી. ગ્રાહકોને ઈંધણ આપવાનો ઈનકાર કરનારા કે ઓછું ફ્યૂલ આપનારા પેટ્રોલ પંપો સામે તંત્ર દ્વારા કડક પગલાં લેવાઈ રહ્યા છે. સમગ્ર દેશના તમામ રિટેલ આઉટલેટ્સ પર ઈંધણનો પુરવઠો સતત જળવાઈ રહે તે માટે સરકાર દ્વારા સખત દેખરેખ રખાઈ રહી છે. વધુમાં, ઓઈલ માર્કેટિંગ કંપનીઓની રિફાઈનરીઓમાં ક્રૂડ ઓઈલની સપ્લાય અવિરત ચાલુ રહે તે હેતુથી રશિયાથી કરવામાં આવતી ઓઈલની આયાત પણ સતત ચાલુ છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, અત્યારે લણણીની સિઝન (પાકની કાપણી) ચાલી રહી હોવાથી ડીઝલની માંગમાં અચાનક વધારો થયો છે. આ સિવાય ખાનગી ઓઈલ કંપનીઓએ ભાવ વધારી દીધા હોવાથી ગ્રાહકો હવે સરકારી ઓઈલ કંપનીઓના પેટ્રોલ પંપ તરફ વળ્યા છે, જેના કારણે ત્યાં વેચાણ વધ્યું છે. વળી, કોમર્શિયલ ખરીદી કરનારાઓ પણ સામાન્ય પેટ્રોલ પંપ પરથી ઈંધણ ખરીદી રહ્યા છે, કારણ કે આંતરરાષ્ટ્રીય ભાવ પ્રમાણે તેમને કોમર્શિયલ રેટ પર પ્રતિ લિટર અંદાજે 20 રૂપિયા વધુ ચૂકવવા પડતા હતા. તાજેતરમાં ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર 3.91 રૂપિયાનો જે વધારો કરવામાં આવ્યો છે, તે માત્ર 4.4 ટકા જેટલો જ છે. એક રિપોર્ટ અનુસાર સાઉદી અરેબિયા જેવા સીધી સબસિડી આપતા ખાડી દેશોને બાદ કરતાં, વિશ્વના અન્ય કોઈપણ મોટા અર્થતંત્રની તુલનામાં આ સૌથી નાનો ભાવવધારો છે. ઈન્ડિયન ઓઈલના એક અધિકારીએ જણાવ્યું કે, સરકારી ઓઈલ કંપનીઓએ 76 દિવસ સુધી આંતરરાષ્ટ્રીય સ્તરે વધેલા ખર્ચનો સંપૂર્ણ બોજ પોતે સહન કર્યો હતો અને અત્યારે જે 3.91 રૂપિયા વધારાયા છે તે ક્રૂડ ઓઈલના વધેલા ખર્ચનો માત્ર એક નાનો ભાગ છે.



## તંત્રી લેખ...


# લાગણીઓ પૂરી પણ કમિટમેન્ટ અધૂરું: જ્યારે કોઈ તમને ગુમાવવા નથી માંગતું, પણ 'હંમેશા' બનવાની હિંમત પણ નથી કરતું!

આજના આધુનિક યુગમાં સંબંધોની વ્યાખ્યાઓ એટલી ગૂંચવાઈ ગઈ છે કે માણસ સમજી જ નથી શકતો કે તે પ્રેમમાં છે કે માત્ર એક સુંદર ભ્રમમાં. સોશિયલ મીડિયાના આ જમાનામાં કનેક્શન સેકન્ડોમાં થઈ જાય છે, પણ કમિટમેન્ટ (વચનબદ્ધતા) વર્ષો સુધી મળતું નથી. આજે આપણે એક એવી જ અકળાવનારી, છતાં દરેક ત્રીજા વ્યક્તિના હૃદયની વાસ્તવિકતા બની ચૂકેલી લાગણી વિશે વાત કરવી છે.

ઘર જેવી હળવાશ, પણ ભવિષ્ય પર મૌન

ક્યારેક કોઈ આપણને ખૂબ પસંદ કરે છે... આપણી સાથે એને માનસિક શાંતિ મળે છે, દિવસભરનો થાક ઉતરી જાય તેવી ઘર જેવી હળવાશ મળે છે. એ તમારી સાથે કલાકો સુધી વાતો કરશે, પોતાની બધી અંગત વાતો શેર કરશે, તમારી કાળજી લેશે. તમને પણ એવું લાગવા માંડશે કે બસ, આ જ એ વ્યક્તિ છે જેની તમને આખી જિંદગી તલાશ હતી.

પરંતુ, જેવો વળાંક આવે છે અને જ્યારે "કાલ" એટલે કે ભવિષ્યની વાત આવે છે, ત્યારે એ સામેવાળી વ્યક્તિ અચાનક શાંત થઈ જાય છે. એ વિષયને કાં તો હસવામાં ઉડાવી દે છે અથવા તો મૌન ધારણ કરી લે છે.




અધવચ્ચે લટકતો પ્રેમ: પૂર્ણ લાગણીઓ અને અપૂર્ણ Commitment

આ એક બહુ વિચિત્ર આઈસલેન્ડ (ટાપુ) જેવી સ્થિતિ છે. એ વ્યક્તિ તમને ગુમાવવા પણ નથી માંગતી, કારણ કે તમારી વગર એને ગમતું નથી. પરંતુ, એ તમારું "હંમેશા" બનવાની, એટલે કે સંબંધને કોઈ સત્તાવાર નામ આપવાની હિંમત પણ નથી કરી શકતી.

અને બરાબર આ જ મોડ પર તમે એકલા ઊભા રહી જાઓ છો - જ્યાં એકબાજુ તમારા હૃદયમાં પૂર્ણ લાગણીઓનો મહાસાગર ઘૂઘવતો હોય છે અને બીજી બાજુ સામેથી મળતું અપૂર્ણ કમિટમેન્ટ તમને અંદરથી કોરી ખાય છે. તમે એને છોડી પણ નથી શકતા કારણ કે પ્રેમ છે, અને સ્વીકારી પણ નથી શકતા કારણ કે કોઈ ભવિષ્ય નથી.

હૃદયની વાત: કોઈકની લાઈફમાં 'ટાઈમપાસ' કે 'ઓપ્શન' બનીને રહેવા કરતાં, થોડો સમય એકલા રહીને પોતાની જાતને માન આપવું વધારે સારું છે.

Clarity (સ્પષ્ટતા) વગર પ્રેમ ક્યારેય ટકતો નથી

યાદ રાખજો, પ્રેમ ક્યારેક જિંદગીમાં ધીમે ધીમે આવે છે, તો ક્યારેક કોઈ વાવાઝોડાની જેમ અચાનક આવીને આપણને ઘેરી લે છે. પ્રેમ આવવાની સ્પીડ ગમે તે હોય, પણ Clarity (સ્પષ્ટતા) વગર એ ક્યારેય લાંબો ટકી શકતો નથી.

લાગણીઓ ગમે તેટલી પવિત્ર હોય, જો તેમાં સ્થિરતા અને ભવિષ્યની સુરક્ષા ન હોય, તો એ માત્ર એક સુંદર દર્દ બનીને રહી જાય છે. સામેની વ્યક્તિની મજબૂરીઓને સમજવી સારી બાબત છે, પણ એ મજબૂરીઓની આડમાં પોતાની જાતને રોજ માનસિક રીતે તોડવી એ પ્રેમ નથી, મૂર્ખામી છે. સંબંધમાં શાંતિ જેટલી જરૂરી છે, એટલી જ જરૂરી 'સ્પષ્ટતા' પણ છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# અયોધ્યા બાદ ભોજશાળાનો ચાવીરૂપ અદાલતી ચુકાદો

## ધાર્મિક અને સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા ભારત જેવા વિશાળ દેશમાં વિવિધ બાબતોએ મતમતાંતર એક સ્વાભાવિક પ્રક્રિયા રહી છે.

ધાર્મિક અને સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા ભારત જેવા વિશાળ દેશમાં વિવિધ બાબતોએ મતમતાંતર એક સ્વાભાવિક પ્રક્રિયા રહી છે. ઐતિહાસિક ધાર્મિક આધારોના અર્થઘટનને લીધે જાગતા આવા મતભેદના ઉકેલમાં અદાલતોની દરમ્યાનગીરી નિર્ણાયક રહી છે. દેશ-વિદેશમાં ભારે ચર્ચાસ્પદ રહેલા રામજન્મભૂમિ મામલામાં અદાલતના આદેશ બાદ હવે મધ્યપ્રદેશની વડી અદાલતે ધાર જિલ્લાના ભોજશાળા પરિસરમાં મા વાગ્દેવીનું એટલે કે સરસ્વતી માતાનું પ્રાચિન મંદિર હોવાનું જાહેર કરીને હિન્દુ સમુદાયની તરફેણમાં ચુકાદો આપ્યો છે. આમ તો અયોધ્યાના કેસની સરખામણીએ ભોજશાળાનો મુદ્દો એટલો ચર્ચાસ્પદ નથી પણ તેનું મહત્ત્વ ઓછું તો નથી જ. અયોધ્યામાં રામમંદિરનો મુદ્દો 1529થી પ્રકાશમાં આવ્યો હતો, પણ ધારની ભોજશાળાનો મુદ્દો તો છેક વર્ષ 1305નો છે. આમ આ વિવાદ અયોધ્યા, કાશી અને તેના જેવા અન્ય સ્થળો કરતાં જૂનો રહ્યો છે. આ કેસમાં રામજન્મભૂમિના સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતે પુરાતત્ત્વના આધારો અને આસ્થાના મહત્ત્વ જેવા મુદ્દાને ધ્યામાં લઈને 2019માં આપેલા ચુકાદાના સિદ્ધાંતોનું ભોજશાળાના આ કેસમાં વડી અદાલતે અનુસરણ કર્યું છે. ભોજશાળા કેસના ચુકાદાનો મુસ્લિમ પક્ષકાર અયોધ્યાના આદેશની જેમ અસ્વીકાર કરી રહ્યો છે. તેઓ આ ચુકાદાની સામે સર્વોચ્ચ અદાલતમાં જવાના છે. જો કે, ઈતિહાસ જાણતો મુસ્લિમ વર્ગ પણ એમ માને છે કે, વડી અદાલતના ચુકાદામાં કોઈ પરિવર્તન થાય તેમ નથી. ઉલ્લેખનીય છે કે, વડી અદાલતે આ આદેશ આપતાં પહેલાં લાંબી અને ઝીણવટભરી ચકાસણી કરી છે. ઐતિહાસિક તથ્યો, પુરાતત્ત્વીય સર્વેક્ષણ અને સ્થળ પરના પુરાવાને ધ્યાને લઈને બે ન્યાયમૂર્તિની બેંચે મુસ્લિમ પક્ષકારની તમામ દલીલ અને દાવા નકારી કાઢયા હતા. આ મામલામાં ચાવીરૂપ પુરાવા આપનાર આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાએ વડી અદાલતને જણાવ્યું હતું કે, તેમના સર્વેક્ષણ દરમ્યાન મુસ્લિમ સમુદાયના જાણકારો પણ હાજર હતા અને મુસ્લિમ પક્ષકારના પ્રતિનિધિ પણ જોડાયા હતા. સ્પષ્ટ છે કે, ભોજશાળામાં સ્તંભો પર દેવ દેવીઓની મૂર્તિઓ, સંસ્કૃતના શ્લોકો અંકિત છે. દીવાલો પર પણ સંસ્કૃતના વ્યાકરણ સહિતના લખાણો પણ વાંચી શકાય તેમ છે. આ બધા પુરાવાને ધ્યાને લીધા બાદ વડી અદાલતે આપેલા ચુકાદાનો મુસ્લિમ પક્ષકાર સ્વીકાર શા માટે કરે છે એ એક મોટો સવાલ છે. તેમના આ વલણથી સમાન્ય મુસ્લિમોમાં એવી લાગણી જાગે છે કે, ન્યાયતંત્ર, સરકાર અને હિન્દુ સમુદાય તેમનની વિરુદ્ધ છે. હકીકતમાં સદીઓ પહેલાં હિન્દુ ધર્મસ્થળોને ધ્વસ્ત કરીને તેમને મુસ્લિમ ધાર્મિક કેન્દ્રો બનાવવાની પ્રવૃત્તિ બેલગામ હતી, પણ તેમાં હજી હિન્દુ ધર્મના પુરવા હજી અંકિત થયેલા છે. હવે એમ જણાય છે કે, અયોધ્યા અને તે પછી ભોજશાળાના અદાલતી ચુકાદા બાદ આવા અન્ય વિવાદોના ઉકેલનો આધાર બની શકશે. ખેરખર તો આવા કેસોમાં મુસ્લિમ સમુદાયે વાસ્તવિકતા સમજીને દેશહિતમાં હકારાત્મક વલણ લેવું જોઈશે. ધાર્મિક અને સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા ભારત જેવા વિશાળ દેશમાં વિવિધ બાબતોએ મતમતાંતર એક સ્વાભાવિક પ્રક્રિયા રહી છે. ઐતિહાસિક ધાર્મિક આધારોના અર્થઘટનને લીધે જાગતા આવા મતભેદના ઉકેલમાં અદાલતોની દરમ્યાનગીરી નિર્ણાયક રહી છે. દેશ-વિદેશમાં ભારે ચર્ચાસ્પદ રહેલા રામજન્મભૂમિ મામલામાં અદાલતના આદેશ બાદ હવે મધ્યપ્રદેશની વડી અદાલતે ધાર જિલ્લાના ભોજશાળા પરિસરમાં મા વાગ્દેવીનું એટલે કે સરસ્વતી માતાનું પ્રાચિન મંદિર હોવાનું જાહેર કરીને હિન્દુ સમુદાયની તરફેણમાં ચુકાદો આપ્યો છે. આમ તો અયોધ્યાના કેસની સરખામણીએ ભોજશાળાનો મુદ્દો એટલો ચર્ચાસ્પદ નથી પણ તેનું મહત્ત્વ ઓછું તો નથી જ. અયોધ્યામાં રામમંદિરનો મુદ્દો 1529થી પ્રકાશમાં આવ્યો હતો, પણ ધારની ભોજશાળાનો મુદ્દો તો છેક વર્ષ 1305નો છે. આમ આ વિવાદ અયોધ્યા, કાશી અને તેના જેવા અન્ય સ્થળો કરતાં જૂનો રહ્યો છે. આ કેસમાં રામજન્મભૂમિના સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતે પુરાતત્ત્વના આધારો અને આસ્થાના મહત્ત્વ જેવા મુદ્દાને ધ્યામાં લઈને 2019માં આપેલા ચુકાદાના સિદ્ધાંતોનું ભોજશાળાના આ કેસમાં વડી અદાલતે અનુસરણ કર્યું છે. ભોજશાળા કેસના ચુકાદાનો મુસ્લિમ પક્ષકાર અયોધ્યાના આદેશની જેમ અસ્વીકાર કરી રહ્યો છે. તેઓ આ ચુકાદાની સામે સર્વોચ્ચ અદાલતમાં જવાના છે.

# પવારે વડાપ્રધાન મોદીના ફરીથી વખાણ કરીને રાજકીય ક્ષેત્રે ફરી ચર્ચા છેડી

## દરેક પક્ષના નેતાએ પવારની આ વાતનું અનુસરણ કરવું જોઈએ, વિશ્વની સૌથી મોટી લોકશાહી તો જ પરિપક્વ કહેવાય



મહારાષ્ટ્રની રાજનીતિના મહારથી શરદ પવારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ફરીથી વખાણ કરીને રાજકીય ક્ષેત્રે ફરી ચર્ચા છેડી દીધી છે. વડાપ્રધાનના વિદેશ પ્રવાસથી લઈને તેમણે ત્યાંથી આપેલી ચેતવણીની વાતો આંતરરાષ્ટ્રીય માધ્યમો ઉપર છે. પરદેશી પત્રકાર પણ સતત સોશિયલ મીડિયા ઉપર ચમક્યા છે.

તેમનો આક્ષેપ મોદીજી પાસેથી સંતોષકારક જવાબ ન મળવાનો છે, પણ હકીકત એ છે કે, પીએમ સ્તરનાં પ્રેસ બ્રિફિંગમાં પત્રકારોના પ્રશ્નો લેવાતા જ હોતા નથી તેનું શું ? રાહુલ ગાંધીએ વળી સાવ જુદી રીતે વડાપ્રધાન ઉપર તીર છોડયાં, પરંતુ વરિષ્ઠ રાજકારણી શરદ પવારે જે વાત કરી છે તે ફક્ત નરેન્દ્રભાઈના સંદર્ભે નહીં, લોકશાહી અને રાજકીય ક્ષેત્રની પરિપક્વતા માટે અગત્યની છે. જે ઊંચાઈ શરદ પવારે બતાવી છે તેવી અપેક્ષા દેશના તમામ નેતાઓ, વિશેષત: આવા ઉચ્ચસ્તરીય નેતાઓ પાસે રહે. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી, એનસીપીના સ્થાપક શરદ પવારે મંગળવારે પૂણેમાં લક્ષ્મણરાવ ગુટ્ટે રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં સંબોધન કરતાં કહ્યું કે, અમારી રાજકીય વિચારધારા ભલે નરેન્દ્ર મોદીથી અલગ હોય, પરંતુ પ્રધાનમંત્રીના રૂપમાં તેઓ ભારતની વૈશ્વિક છબીને મજબૂત બનાવવામાં સાતત્યપૂર્ણ પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યંy કે, જ્યારે દેશના સન્માનની વાત હોય ત્યારે આપણે આપણા રાજકીય મતભેદ વચ્ચે લાવવા જોઈએ નહીં, પવારે આ વાત બરાબર ત્યારે જ કરી છે, જ્યારે રાહુલ ગાંધી વડાપ્રધાનના વિદેશ પ્રવાસ વિશે વિવિધ પ્રકારનાં નિવેદનો કરી રહ્યા છે. પવારની આ વાત અત્યંત અગત્યની છે. છેલ્લા ઘણા સમયથી નેતાઓ વિવેક ચૂકી જાય છે. કોઈને સાપ કહેવા તો કોઈને આતંકવાદી કહેવાના બનાવ વારંવાર ગાજે છે. રાજકીય કે સાર્વજનિક ક્ષેત્રે ભિન્નમત, વિચારભેદ તો રહેવાના અને તે વ્યક્ત પણ થવા જોઈએ, પરંતુ વ્યક્તિગત સન્માન અલગ છે. બંધારણીય પદનું સન્માન વળી સાવ અલગ બાબત છે. કોઈ પણ નેતાએ તે મૂલ્યો જાળવવા જ જોઈએ. પવારે તેમનાં વક્તવ્યમાં પંડિત નેહરુને યાદ કરીને કહ્યું કે, પોતે 1958માં તેઓને મળવા ગયા ત્યારે અનેક પ્રશ્નોની યાદી લઈને ગયા, પરંતુ તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વ સામે ઊભા રહ્યા અને બધું ભૂલી ગયા. ઈન્દિરા ગાંધીએ સોવિયત પ્રવાસ વખતે કોઈ સમાધાન ન કરીને દેશનું ગૌરવ વધાર્યું હતું તે પણ તેમણે યાદ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ જ શરદ પવાર કોંગ્રેસમાંથી પછીથી અલગ થયા હતા. 2022માં પણ તેમણે નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી. કોઈ એક પક્ષના નેતા અન્ય પક્ષના નેતાની વિરુદ્ધ જ બોલે તે માનસિકતા નબળી છે. સારી વાત હોય તો તેના વખાણ થવા જ જોઈએ. વિચારભેદ શત્રુતા નથી અને રાષ્ટ્રીય સન્માન રાજકીય અલગતા કરતાં ઉપર છે. આ બન્ને બાબતે પવાર સાથે સંમત થવું જોઈએ, દરેક પક્ષના નેતાએ પવારની આ વાતનું અનુસરણ કરવું જોઈએ, વિશ્વની સૌથી મોટી લોકશાહી તો જ પરિપક્વ કહેવાય.

# શું તમને પણ ઉનાળામાં ઊંઘ નથી આવતી તો અપનાવો આ ઉપાય

શું તમે પણ નોટિસ કર્યું છે કે ઉનાળામાં મોડે સુધી ઊંઘ નથી આવતી, છતાં સવારે વહેલી આંખ ખુલી જાય છે? ઊંચું તાપમાન અને ભેજ ઊંઘની ગુણવત્તાને અસર કરે છે. તેથી આપણે ઊંઘના ત્રીજા તબક્કા એટલે કે ડીપ સ્લીપમાં પહોંચી શકતા નથી અને આખી રાત સૂવા છતાં શરીરને આરામ મળતો નથી. સાયન્સ જર્નલ 'નેચર'માં પ્રકાશિત એક અભ્યાસ મુજબ, તાપમાન વધવાની સાથે ઊંઘનો સમયગાળો ઘટી જાય છે અને ગાઢ ઊંઘ પર સૌથી વધુ અસર થાય છે. દર 10C તાપમાન વધવા પર ઊંઘની ઉણપનું જોખમ વધુ વધી જાય છે. આપણા શરીરની પોતાની એક ઘડિયાળ હોય છે. તેને બોડી ક્લોક અથવા સર્કેડિયન રિધમ કહેવાય છે. તે પોતાની રીતે શરીરની જરૂરિયાત મુજબ ઊંઘનો સંકેત આપે છે, પાચન શરૂ કરે છે અને શરીરને સક્રિય મોડમાં લઈ જાય છે. તેનું એક કામ એ પણ છે કે શરીરને રાત્રે ઊંઘના સમયે ગાઢ નિદ્રામાં લઈ જવા માટે તેનું તાપમાન સામાન્ય કરતાં થોડા ડિગ્રી ઓછું કરવું. જો રાત્રે આપણી આસપાસનું તાપમાન ઓછું હોય તો શરીરને ઓછી મહેનત કરવી પડે છે, સારી ઊંઘ આવે છે. જો તાપમાન વધારે હોય તો વધારે મહેનત કરવી પડે છે.

વધારે તાપમાનમાં શરીરને ઠંડુ રાખવા માટે વધારે મહેનત કરવી પડે છે. આનાથી શરીર રિલેક્સ મોડમાં જઈ શકતું નથી અને ઊંઘમાં ખલેલ પડે છે. સાથે જ ગરમીમાં ડિહાઈડ્રેશન અને બેચેની પણ વધે છે, જેના કારણે વારંવાર ઊંઘ ખુલે છે અને પૂરી થઈ શકતી નથી. N1 (હળવી ઊંઘની શરૂઆત) જાગવાથી ઊંઘમાં જવાની અવસ્થા. મગજ ધીમે ધીમે શાંત થવા લાગે છે. N2 (સામાન્ય ઊંઘ) શરીર રિલેક્સ થાય છે, શ્વાસ અને ધબકારા ધીમા પડે છે. સૌથી વધુ સમય આ જ સ્ટેજમાં પસાર થાય છે. N3 (ઊંડી ઊંઘ) સૌથી ઊંડી ઊંઘ. શરીરનું સમારકામ, શક્તિ પાછી આવવી અને ઈમ્યુન સિસ્ટમ મજબૂત થવી આ જ સ્ટેજમાં થાય છે. REM (સ્વપ્નવાળી ઊંડી ઊંઘ) આ સ્ટેજમાં વધુ સપના આવે છે. મગજ સક્રિય રહે છે પરંતુ શરીરના સ્નાયુઓ શાંત રહે છે. REM ઊંઘનું સૌથી ઊંડું સ્ટેજ છે, અહીં સુધી પહોંચવા માટે શરીરને ખૂબ આરામની જરૂર હોય છે. ગરમીમાં બેચેનીના કારણે શરીર આ સ્ટેજ સુધી પહોંચી શકતું નથી. આ મોટાભાગે સામાન્ય છે. રૂમના વધુ તાપમાનને કારણે પણ આવું થાય છે. ઊંચું તાપમાન, પરસેવો અને અસ્વસ્થતા શરીરના સ્લીપ સિગ્નલ્સને ખલેલ પહોંચાડે છે. જો રૂમનું તાપમાન નિયંત્રણમાં રાખવામાં આવે, વેન્ટિલેશન સારું હોય અને શરીર હાઈડ્રેટેડ રહે તો સારી ઊંઘ આવે છે. ઉનાળામાં શરીર પહેલેથી જ ઊંચા તાપમાનને કારણે તણાવમાં રહે છે. આનાથી મેટાબોલિઝમ અને પાચન પર અસર થાય છે. આવી સ્થિતિમાં જો ઊંઘ પણ પૂરી ન થાય, તો આ સ્થિતિ વધુ બગડી શકે છે. ઊંઘનો અભાવ શરીરના મેટાબોલિક ફંક્શન, પાચન, રોગપ્રતિકારક શક્તિ અને મગજની કાર્યક્ષમતાને સીધી અસર કરે છે. સામાન્ય રીતે ઉનાળામાં ઊંઘ ન આવવી એ કોઈ ગંભીર બીમારીનો સંકેત નથી. આ શરીરનું તાપમાન વધવા, વધુ પડતો પરસેવો, ડિહાઈડ્રેશન અને અસ્વસ્થ વાતાવરણને કારણે થાય છે. મેલાટોનિનનું સિક્રેશન (રિલીઝ થવું) શરીરના તાપમાન અને અંધારા પર આધાર રાખે છે. રાત્રે અંધારું ઘેરું થવા અને શરીરનું તાપમાન ઓછું થવા સાથે તેનું સિક્રેશન વધે છે. જો આ બંનેમાંથી કોઈ એક સ્થિતિ ન મળે તો તે પ્રભાવિત થઈ શકે છે.

# સોનાની માંગ ઘટાડવામાં આયાત પરના નિયંત્રણો અસર નહીં કરે

**દેશમાં ઇંધણ અને સોનાનો વપરાશ ઘટાડવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને પગલે, સરકારે અનેક પગલાં લીધાં છે. સરકાર વિવિધ સ્તરે ઇંધણનો વપરાશ ઘટાડવા માટે કામ કરી રહી છે, ત્યારે કેન્દ્રીય નાણા મંત્રાલયે સોના અને ચાંદી પર અસરકારક આયાત ડ્યુટી ૬%થી વધારીને ૧૫% કરી છે. કાચા તેલ પછી સોનું આયાત બાસ્કેટમાં બીજા ક્રમનો સૌથી મોટો હિસ્સો ધરાવતું હોવાથી, એવી આશા રાખવામાં આવે છે કે ઊંચી ડ્યુટી લોકોને સોનું ખરીદવાથી નિરાશ કરશે અને બાહ્ય સંતુલનને સુધારવામાં મદદ કરશે.**

દેશમાં ઇંધણ અને સોનાનો વપરાશ ઘટાડવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને પગલે, સરકારે અનેક પગલાં લીધાં છે. સરકાર વિવિધ સ્તરે ઇંધણનો વપરાશ ઘટાડવા માટે કામ કરી રહી છે, ત્યારે કેન્દ્રીય નાણા મંત્રાલયે સોના અને ચાંદી પર અસરકારક આયાત ડ્યુટી ૬%થી વધારીને ૧૫% કરી છે. કાચા તેલ પછી સોનું આયાત બાસ્કેટમાં બીજા ક્રમનો સૌથી મોટો હિસ્સો ધરાવતું હોવાથી, એવી આશા રાખવામાં આવે છે કે ઊંચી ડ્યુટી લોકોને સોનું ખરીદવાથી નિરાશ કરશે અને બાહ્ય સંતુલનને સુધારવામાં મદદ કરશે. નાણાકીય વર્ષ ૨૬ માં સોનાની આયાત ૭૨ બિલિયન ડોલર હતી, અને નાણાકીય વર્ષ ૨૩ થી આયાત બિલ બમણું થઈ ગયું છે. તેથી, તેમાં કોઈ શંકા નથી કે સોનાની આયાત બાહ્ય ખાતા પર બોજ પાડે છે અને મુશ્કેલ સમયમાં તેની અસર પડે છે. જો કે, ડ્યુટીમાં વધારો ઇચ્છિત અસર ન પણ કરી શકે. ભારત વિશ્વમાં સોનાના સૌથી મોટા ગ્રાહકોમાંનો એક છે, અને તેમાંથી મોટાભાગની આયાત કરવામાં આવે છે. આપણા સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને ધાર્મિક પરિબળો આ માંગને આગળ ધપાવે છે. ડ્યુટીમાં વધારો આમાં નોંધપાત્ર ફેરફાર કરે તેવી શક્યતા નથી. દેશમાં ચાંદીનો પણ નોંધપાત્ર ઔદ્યોગિક વપરાશ છે, અને ઊંચી ડ્યુટી ફિનિશ્ડ ચીજવસ્તુઓના ભાવમાં વધારો કરશે. સોનાને મૂલ્યના ભંડાર અને ફુગાવા સામે રક્ષણ તરીકે જોવામાં આવે છે, કોઈ નોંધપાત્ર રોકડ મર્યાદા ન હોવાથી, ગરીબ પરિવારો પણ સોનામાં થોડી બચત રાખવાનું પસંદ કરે છે, જેનો ઉપયોગ મુશ્કેલ સમયમાં થઈ શકે છે. નોંધનીય છે કે રોકાણ હેતુ માટે સોનાની માંગ સમય જતાં નોંધપાત્ર રીતે વધી છે. ઉદાહરણ તરીકે, વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ અનુસાર, એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સની માંગ ૨૦૨૫ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આશરે ૭ ટનથી વધીને ૨૦૨૬ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આશરે ૨૦ ટન થઈ ગઈ છે. આ માંગ કંઈક અંશે ઘટી શકે છે કારણ કે એવી અપેક્ષા છે કે જ્યારે પરિસ્થિતિઓ સુધરશે ત્યારે ડ્યુટીમાં વધારો ઉલટાવી શકાય છે, જેનાથી હોલ્ડિંગનું મૂલ્ય ઘટશે. તે જોવાનું બાકી છે કે અન્ય માંગ પરિબળો કેવી રીતે ભૂમિકા ભજવે છે. નોંધનીય છે કે નાણાકીય વર્ષ ૨૦૨૬માં આંતરરાષ્ટ્રીય સોનાના ભાવમાં લગભગ ૫૦% નો વધારો થયો હતો. પાછલા વર્ષની સરખામણીમાં ભૌતિક માંગમાં આશરે ૫% ઘટાડો થયો હોવા છતાં, સોના પરનો ખર્ચ ૨૪% થી વધુ વધ્યો છે. આમ, ભારત માટે આંતરરાષ્ટ્રીય ભાવમાં વધઘટ ડ્યુટી વધારા કરતાં વધુ મહત્વપૂર્ણ રહેશે. વધુમાં, અન્ય ગૂંચવણો પણ છે. તે જાણીતું છે કે વધારે ડ્યુટી દાણચોરીને પ્રોત્સાહન આપે છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ અનુસાર, સરકારે જુલાઈ ૨૦૨૪ માં ડ્યુટી ઘટાડયા પછી ૨૦૨૪-૨૫માં સોનાની જપ્તીમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. હવે, વિપરીત અપેક્ષા છે. ભારત-યુએઈ વ્યાપક આર્થિક ભાગીદારી કરાર હેઠળ, ભારત ૧૦ વર્ષના સમયગાળામાં ચાંદી પરની આયાત જકાત ધીમે ધીમે શૂન્ય કરે તેવી અપેક્ષા છે. સોનાની આયાત પ્રેફરન્શિયલ રેટ કરતા એક ટકા ઓછી ડ્યુટી પર કરી શકાય છે. નાણાકીય વર્ષ ૨૩ અને નાણાકીય વર્ષ ૨૫ વચ્ચે ભારતની સોનાની આયાતમાં યુએઈનો હિસ્સો બમણાથી વધુ થયો છે. ત્યાંથી વધુ આયાત થવાની સંભાવના છે. તેથી, એકંદર નીતિ માળખામાં, સોનાની આયાતને માળખાકીય પરિબળ તરીકે જોવી જોઈએ અને સમય જતાં શક્ય તેટલી ઝડપથી તેનો ઉકેલ લાવવો જોઈએ. સરકારે સોવરિન ગોલ્ડ બોન્ડ દ્વારા આ મુદ્દાને ઉકેલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ યોજના વિવિધ કારણોસર નિષ્ફળ ગઈ હતી. આનાથી નાણાકીય દબાણ ઓછું થશે કે કેમ તે ચર્ચાસ્પદ છે. બેંકોને સ્ટેટયુટરી લિક્વિડિટી રેશિયો હેઠળ સરકારી બોન્ડમાં રોકાણ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, જે કૃત્રિમ રીતે બજારના વ્યાજ દરને નીચા રાખે છે. જે સરકાર અને વ્યવસાયોને મદદ કરે છે, પરંતુ બચતકર્તાઓને નુકસાન પહોંચાડે છે. બજાર-નિર્ધારિત વ્યાજ દરો અને વધુ નાણાકીય સમાવેશ રોકાણની માંગને સોનાથી દૂર કરવામાં મદદ કરી શકે છે. દેશમાં ઇંધણ અને સોનાનો વપરાશ ઘટાડવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને પગલે, સરકારે અનેક પગલાં લીધાં છે. સરકાર વિવિધ સ્તરે ઇંધણનો વપરાશ ઘટાડવા માટે કામ કરી રહી છે, ત્યારે કેન્દ્રીય નાણા મંત્રાલયે સોના અને ચાંદી પર અસરકારક આયાત ડ્યુટી ૬%થી વધારીને ૧૫% કરી છે. કાચા તેલ પછી સોનું આયાત બાસ્કેટમાં બીજા ક્રમનો સૌથી મોટો હિસ્સો ધરાવતું હોવાથી, એવી આશા રાખવામાં આવે છે કે ઊંચી ડ્યુટી લોકોને સોનું ખરીદવાથી નિરાશ કરશે અને બાહ્ય સંતુલનને સુધારવામાં મદદ કરશે. નાણાકીય વર્ષ ૨૬ માં સોનાની આયાત ૭૨ બિલિયન ડોલર હતી, અને નાણાકીય વર્ષ ૨૩ થી આયાત બિલ બમણું થઈ ગયું છે. તેથી, તેમાં કોઈ શંકા નથી કે સોનાની આયાત બાહ્ય ખાતા પર બોજ પાડે છે અને મુશ્કેલ સમયમાં તેની અસર પડે છે. જો કે, ડ્યુટીમાં વધારો ઈચ્છિત અસર ન પણ કરી શકે. ભારત વિશ્વમાં સોનાના સૌથી મોટા ગ્રાહકોમાંનો એક છે, અને તેમાંથી મોટાભાગની આયાત કરવામાં આવે છે. આપણા સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને ધાર્મિક પરિબળો આ માંગને આગળ ધપાવે છે. ડ્યુટીમાં વધારો આમાં નોંધપાત્ર ફેરફાર કરે તેવી શક્યતા નથી. દેશમાં ચાંદીનો પણ નોંધપાત્ર ઔદ્યોગિક વપરાશ છે, અને ઊંચી ડ્યુટી ફિનિશ્ડ ચીજવસ્તુઓના ભાવમાં વધારો કરશે. સોનાને મૂલ્યના ભંડાર અને ફુગાવા સામે રક્ષણ તરીકે જોવામાં આવે છે, કોઈ નોંધપાત્ર રોકડ મર્યાદા ન હોવાથી, ગરીબ પરિવારો પણ સોનામાં થોડી બચત રાખવાનું પસંદ કરે છે, જેનો ઉપયોગ મુશ્કેલ સમયમાં થઈ શકે છે. નોંધનીય છે કે રોકાણ હેતુ માટે સોનાની માંગ સમય જતાં નોંધપાત્ર રીતે વધી છે. ઉદાહરણ તરીકે, વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ અનુસાર, એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સની માંગ ૨૦૨૫ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આશરે ૭ ટનથી વધીને ૨૦૨૬ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આશરે ૨૦ ટન થઈ ગઈ છે. આ માંગ કંઈક અંશે ઘટી શકે છે કારણ કે એવી અપેક્ષા છે કે જ્યારે પરિસ્થિતિઓ સુધરશે ત્યારે ડ્યુટીમાં વધારો ઉલટાવી શકાય છે, જેનાથી હોલ્ડિંગનું મૂલ્ય ઘટશે. તે જોવાનું બાકી છે કે અન્ય માંગ પરિબળો કેવી રીતે ભૂમિકા ભજવે છે. નોંધનીય છે કે નાણાકીય વર્ષ ૨૦૨૬માં આંતરરાષ્ટ્રીય સોનાના ભાવમાં લગભગ ૫૦% નો વધારો થયો હતો. પાછલા વર્ષની સરખામણીમાં ભૌતિક માંગમાં આશરે ૫% ઘટાડો થયો હોવા છતાં, સોના પરનો ખર્ચ ૨૪% થી વધુ વધ્યો છે. આમ, ભારત માટે આંતરરાષ્ટ્રીય ભાવમાં વધઘટ ડ્યુટી વધારા કરતાં વધુ મહત્વપૂર્ણ રહેશે. વધુમાં, અન્ય ગૂંચવણો પણ છે. તે જાણીતું છે કે વધારે ડ્યુટી દાણચોરીને પ્રોત્સાહન આપે છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ અનુસાર, સરકારે જુલાઈ ૨૦૨૪ માં ડ્યુટી ઘટાડયા પછી ૨૦૨૪-૨૫માં સોનાની જપ્તીમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. હવે, વિપરીત અપેક્ષા છે. ભારત-યુએઈ વ્યાપક આર્થિક ભાગીદારી કરાર હેઠળ, ભારત ૧૦ વર્ષના સમયગાળામાં ચાંદી પરની આયાત જકાત ધીમે ધીમે શૂન્ય કરે તેવી અપેક્ષા છે. સોનાની આયાત પ્રેફરન્શિયલ રેટ કરતા એક ટકા ઓછી ડ્યુટી પર કરી શકાય છે. નાણાકીય વર્ષ ૨૩ અને નાણાકીય વર્ષ ૨૫ વચ્ચે ભારતની સોનાની આયાતમાં યુએઈનો હિસ્સો બમણાથી વધુ થયો છે. ત્યાંથી વધુ આયાત થવાની સંભાવના છે. તેથી, એકંદર નીતિ માળખામાં, સોનાની આયાતને માળખાકીય પરિબળ તરીકે જોવી જોઈએ અને સમય જતાં શક્ય તેટલી ઝડપથી તેનો ઉકેલ લાવવો જોઈએ.




સરકારે સોવરિન ગોલ્ડ બોન્ડ દ્વારા આ મુદ્દાને ઉકેલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ યોજના વિવિધ કારણોસર નિષ્ફળ ગઈ હતી. આનાથી નાણાકીય દબાણ ઓછું થશે કે કેમ તે ચર્ચાસ્પદ છે. બેંકોને સ્ટેટયુટરી લિક્વિડિટી રેશિયો હેઠળ સરકારી બોન્ડમાં રોકાણ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, જે કૃત્રિમ રીતે બજારના વ્યાજ દરને નીચા રાખે છે. જે સરકાર અને વ્યવસાયોને મદદ કરે છે, પરંતુ બચતકર્તાઓને નુકસાન પહોંચાડે છે. બજાર-નિર્ધારિત વ્યાજ દરો અને વધુ નાણાકીય સમાવેશ રોકાણની માંગને સોનાથી દૂર કરવામાં મદદ કરી શકે છે. દેશમાં ઇંધણ અને સોનાનો વપરાશ ઘટાડવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને પગલે, સરકારે અનેક પગલાં લીધાં છે. સરકાર વિવિધ સ્તરે ઇંધણનો વપરાશ ઘટાડવા માટે કામ કરી રહી છે, ત્યારે કેન્દ્રીય નાણા મંત્રાલયે સોના અને ચાંદી પર અસરકારક આયાત ડ્યુટી ૬%થી વધારીને ૧૫% કરી છે. કાચા તેલ પછી સોનું આયાત બાસ્કેટમાં બીજા ક્રમનો સૌથી મોટો હિસ્સો ધરાવતું હોવાથી, એવી આશા રાખવામાં આવે છે કે ઊંચી ડ્યુટી લોકોને સોનું ખરીદવાથી નિરાશ કરશે અને બાહ્ય સંતુલનને સુધારવામાં મદદ કરશે. નાણાકીય વર્ષ ૨૬ માં સોનાની આયાત ૭૨ બિલિયન ડોલર હતી, અને નાણાકીય વર્ષ ૨૩ થી આયાત બિલ બમણું થઈ ગયું છે. તેથી, તેમાં કોઈ શંકા નથી કે સોનાની આયાત બાહ્ય ખાતા પર બોજ પાડે છે અને મુશ્કેલ સમયમાં તેની અસર પડે છે. જો કે, ડ્યુટીમાં વધારો ઇચ્છિતડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ અનુસાર, સરકારે જુલાઈ ૨૦૨૪ માં ડ્યુટી ઘટાડયા પછી ૨૦૨૪-૨૫માં સોનાની જપ્તીમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. હવે, વિપરીત અપેક્ષા છે. ભારત-યુએઈ વ્યાપક આર્થિક ભાગીદારી કરાર હેઠળ, ભારત ૧૦ વર્ષના સમયગાળામાં ચાંદી પરની આયાત જકાત ધીમે ધીમે શૂન્ય કરે તેવી અપેક્ષા છે. સોનાની આયાત પ્રેફરન્શિયલ રેટ કરતા એક ટકા ઓછી ડ્યુટી પર કરી શકાય છે. નાણાકીય વર્ષ ૨૩ અને નાણાકીય વર્ષ ૨૫ વચ્ચે ભારતની સોનાની આયાતમાં યુએઈનો હિસ્સો બમણાથી વધુ થયો છે. ત્યાંથી વધુ આયાત થવાની સંભાવના છે. તેથી, એકંદર નીતિ માળખામાં, સોનાની આયાતને માળખાકીય પરિબળ તરીકે જોવી જોઈએ અને સમય જતાં શક્ય તેટલી ઝડપથી તેનો ઉકેલ લાવવો જોઈએ. સરકારે સોવરિન ગોલ્ડ બોન્ડ દ્વારા આ મુદ્દાને ઉકેલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ યોજના વિવિધ કારણોસર નિષ્ફળ ગઈ હતી. આનાથી નાણાકીય દબાણ ઓછું થશે કે કેમ તે ચર્ચાસ્પદ છે.

### પોલીસની ઢીલી કામગીરી પર જનતાના સવાલો

# સંખેડા પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલની કાર બની ગઈ 'ભંગાર'!

## લાખોની કિંમતના વાહનો પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં ધૂળ ખાઈ રહ્યા છે; રક્ષકો જ જો મુદ્દામાલ ન સાચવી શકે, તો જનતાની સુરક્ષાનું શું?

**છોટાઉદેપુર/સંખેડા**

પોલીસ સ્ટેશન એટલે કાયદો અને વ્યવસ્થાનું પ્રતીક, જ્યાં ગુનેગાર કાંપે અને સામાન્ય નાગરિક ન્યાયની આશાએ જાય. પરંતુ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડની તસવીરો કંઈક જુદી જ કહાની બયાન કરી રહી છે. સંખેડા પોલીસ સ્ટેશનની હદમાંથી અલગ-અલગ ગુનાઓમાં જપ્ત કરાયેલી મુદ્દામાલની કાર અને અન્ય વાહનોની દયનિય સ્થિતિ જોઈને હવે પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. લાખો રૂપિયાની કિંમતના વાહનો આજે પોલીસની લાપરવાહીને



કારણે કમ્પાઉન્ડમાં કચરો અને ભંગાર બની રહ્યા છે.

કરોડોનો મુદ્દામાલ ધૂળધાણી: જવાબદાર કોણ?

સંખેડા પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં નજર નાખતા જ એવું લાગે કે જાણે કોઈ વાહનોનું સ્મશાન ન હોય! પ્રોહિબિશન (દારૂબંધી), અકસ્માત કે અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓ અંતર્ગત જપ્ત કરાયેલી મોંઘીદાટ લક્ઝરી કાર અને બાઈકો વર્ષોથી અહીં ખુલ્લામાં સડી રહ્યા છે. વાહનો પર ધૂળના થર જામી ગયા છે, ટાયરો ફાટી ગયા છે અને એન્જિન કટાઈ રહ્યા છે.

સૌથી મોટો સવાલ એ છે કે, આ વાહનો ભલે ગુનામાં વપરાયા હોય, પણ આખરે તો તે દેશની સંપત્તિ છે અથવા તો કોઈક નિર્દોષ માલિકની છે જે કોર્ટના ચક્કરમાં ફસાયો છે. આવી કિંમતી વસ્તુઓને સુરક્ષિત રાખવાની જવાબદારી જે પોલીસની છે, તે જ પોલીસ આ મુદ્દામાલને ભગવાન ભરોસે છોડીને બેઠી છે.

જનતા પૂછી રહી છે તીખા સવાલો...

આ દ્રશ્યો જોઈને સ્થાનિક રહીશો અને જાગૃત નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સોશિયલ મીડિયાથી લઈને ચર્ચાઓમાં પોલીસ તંત્રને ઘેરી રહ્યા છે:

ખુરશી ગરમ, કામગીરી ઠંડી?

સંખેડા પોલીસની આ ઢીલી નીતિથી સામાન્ય નાગરિકોનો કાયદા પરથી વિશ્વાસ ડગી રહ્યો છે. કાયદાના નિષ્ણાતોનું કહેવું છે કે, મુદ્દામાલ એ કેસનો સૌથી મહત્વનો પુરાવો હોય છે. જો પુરાવા સમાન વાહનો જ આ રીતે સડી જાય, તો કોર્ટમાં કેસ નબળો પડી શકે છે.

હવે જોવાનું એ રહે છે કે, મીડિયામાં અહેવાલો આવ્યા બાદ છોટાઉદેપુર જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ જાગે છે કે પછી સંખેડા પોલીસ 'ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા મારવા' જેવી નીતિ ચાલુ રાખશે? જનતા બધું જ જોઈ રહી છે અને કહી રહી છે કે- સાહેબ, થોડીક તો કડકાઈ બતાવો!

### લીમડીમાં IPL ક્રિકેટ સટ્ટા પર SOGનો દરોડો

# લાઇવ મેચ પર મોબાઇલથી સોદાબાજી કરતા યુવક ઝડપાયો

**દાહોદ**

Limdi ખાતે IPL-2026ની ટી-20 ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટાબાજી ચલાવવાના મામલે દાહોદ SOG શાખાએ કાર્યવાહી હાથ ધરી એક યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી બે એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ દાહોદ SOG શાખાના સ્ટાફને ખાનગી બાતમી મળી હતી કે લીમડીના વેજીટેબલ માર્કેટ પાછળ આવેલા મેદાનમાં એક યુવક મોબાઈલમાં લાઈવ ક્રિકેટ મેચનો સ્કોર જોઈ સટ્ટાના સોદા કરી રહ્યો છે. બાતમીના આધારે SOG ટીમે રેડ કરી હતી.

રેડ દરમિયાન પોલીસે એક યુવકને મોબાઈલમાં IPL-2026 અંતર્ગત કોલકાતા નાઈટ રાઈડર્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાતી ટી-20 મેચનો લાઈવ સ્કોર જોતા ઝડપ્યો હતો. પૂછપરછમાં તેણે પોતાનું નામ વિશાલ રાજેન્દ્રકુમાર સોની રહે. નવા બજાર, લીમડી હોવાનું જણાવ્યું હતું.

તપાસ દરમિયાન આરોપીના મોબાઈલમાં "English999" નામની વેબસાઈટ મારફતે સટ્ટાબાજીની ID ચાલુ હાલતમાં મળી આવી હતી. પોલીસ મુજબ "LKD8" નામની આ ID દ્વારા મેચના સોદા કરવામાં આવતા હતા. પ્રાથમિક તપાસમાં આ ID મારફતે અંદાજે રૂ. 8.89 લાખથી વધુની હારજીત થયાની વિગતો સામે આવી હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે આરોપીના મોબાઈલમાંથી મેચ પર સોદો લગાવવાનો કોલ રેકોર્ડિંગ પણ મેળવ્યો હોવાનું જણાવ્યું છે. આરોપીએ મુંબઈ ઈન્ડિયન્સ જીતે તે માટે લાખો રૂપિયાનો સોદો કર્યાની કબૂલાત આપી હોવાનું પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ છે.

### સંખેડા પોલીસનો નવો કારનામો

# માત્ર એક બુટલેગરના નિવેદન પર આશીષ જોશી સામે ગુનો નોંધી કરી નાખી ધરપકડ..!

**છોટાઉદેપુર/સંખેડા**

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા પોલીસ સ્ટેશનની કામગીરી છેલ્લા કેટલાક સમયથી સતત વિવાદોના વંટોળમાં ઘેરાયેલી છે. હજુ ગઈકાલે જ મુદ્દામાલની લાખોની ગાડીઓ ભંગાર બનાવવા બદલ પોલીસ પર સવાલો ઉઠ્યા હતા, ત્યાં જ સંખેડા પોલીસે વધુ એક એવો કારનામો કર્યો છે કે કાયદાના જાણકારો પણ માથું ખંજવાળવા લાગ્યા છે. વાત જાણે એમ છે કે, સંખેડા પોલીસે માત્ર એક પકડાયેલા નામચીન બુટલેગરના નિવેદનને આખરી સત્ય માનીને આશીષ જોશી નામના વ્યક્તિ સામે પ્રોહિબિશનનો ગુનો નોંધી તેમની ધરપકડ કરી લીધી છે! પોલીસની આ ઉતાવળી અને શંકાસ્પદ કાર્યવાહીને પગલે સમગ્ર પંથકમાં ચર્ચાની બજાર ગરમ થઈ ગઈ છે. મળતી વિગતો મુજબ, સંખેડા પોલીસે થોડા દિવસો પહેલા વિદેશી દારૂના જથ્થા સાથે એક બુટલેગરની



ધરપકડ કરી હતી. સામાન્ય રીતે પોલીસ રિમાન્ડ દરમિયાન બુટલેગરો પોતાની ચામડી બચાવવા માટે ગમે તેના નામ આપતા હોય છે. આ કેસમાં પણ પકડાયેલા બુટલેગરે પોલીસ સામે એવું નિવેદન આપ્યું કે, આ દારૂના ધંધામાં 'આશીષ જોશી' પણ સામેલ છે.

બસ, પછી શું? સંખેડા પોલીસે ન જોયું આગાઉ કે ન જોયું પાછળ! કોઈ પણ જાતની ઊંડી તપાસ કર્યા વગર, કે આશીષ જોશી વિરુદ્ધ કોઈ પાકા ટેકનિકલ કે લોકેશનના પુરાવા મેળવ્યા વિના, માત્ર બુટલેગરના કહેવા પરથી જ આશીષ જોશીને ઉપાડી આવી ગુનો નોંધી જેલભેગા કરી દીધા!

પોલીસની થિયરી પર ઉઠતા તીખા સવાલો:

૧. ગુનેગારનું નિવેદન એ જ પરમ સત્ય?: કાયદાની નજરમાં કોઈ પણ ગુનેગાર કે આરોપીનું નિવેદન ત્યાં સુધી માન્ય નથી ગણાતું જ્યાં સુધી તેની પુષ્ટિ કરતા અન્ય મજબૂત પુરાવા ન મળે. તો સંખેડા પોલીસે કયા આધારે સીધી ધરપકડ કરી લીધી?

૨. અંગત અદાવતનો ભોગ બન્યા?: શું બુટલેગરે કોઈ જૂની અદાવતનો બદલો લેવા આશીષ જોશીનું નામ આપ્યું હતું? અને પોલીસે તપાસ કર્યા વિના બુટલેગરનું હથિયાર બનીને આ કાર્યવાહી કરી?

### ઊંઝા પાલિકાની નિમણૂકો સામે ઉકળતો ચરૂ

# "સમરસતાના નામે આંટા પાટીદાર સમાજને અન્યાય કેમ?" અગ્રણીનો ધારાસભ્યને ખુલ્લો પત્ર!

**ઊંઝા**

ઊંઝા નગરપાલિકામાં પ્રમુખ સહિત પાંચ મહત્વના હોદ્દાઓની સત્તાવાર નિમણૂક થતાંની સાથે જ સ્થાનિક રાજકારણમાં મોટો વંટોળ ઊભો થયો છે. પાલિકાની ચૂંટણીને બિનહરીફ બનાવવા માટે જે સમાજે રાત-દિવસ એક કરીને તન, મન અને ધનથી મોટું યોગદાન આપ્યું હતું, તે 'આંટા કડવા પાટીદાર સમાજ'ને સત્તાના હોદ્દા વહેંચતી વખતે સાવ હાંસિયામાં ધકેલી દેવાતા ભારે આક્રોશ વ્યાપી ગયો છે. આ અન્યાય સામે એ.કે.પી. યુવાસંગઠનના મંત્રી અને ભાજપના સક્રિય કાર્યકર મહેન્દ્રભાઈ કે. પટેલે ઊંઝાના ધારાસભ્ય કિરીટભાઈ પટેલ અને મહેસાણા ભાજપ કમિટીને એક તીખો ખુલ્લો પત્ર લખીને સીધો સવાલ પૂછ્યો છે કે, 'શું સમરસ ઊંઝા એટલે માત્ર આંટા સમાજની જ ઉતા?'

વાયરલ થયેલા આ પત્રમાં જણાવાયું છે કે, ગત એપ્રિલ-૨૦૨૬ની પાલિકા ચૂંટણીમાં ૨૨ બેઠકો બિનહરીફ કરાવીને સમગ્ર રાજ્યમાં ઊંઝાની સામાજિક સમરસતાનો મોટો ઢંઢેરો પીટવામાં આવ્યો હતો. આ સમરસતા જાળવવા માટે પાયાના કાર્યકરો અને આગેવાનોએ મોટો આર્થિક અને સામાજિક ભોગ આપ્યો હતો. પત્રમાં બહુ માર્મિક કટાક્ષ કરતા લખાયું છે કે, 'કૂવો સૌનો ગણાવવા ડોલનો ખર્ચ કોણે કરવો પડ્યો?' પરંતુ જ્યારે ૧૯ મે ના રોજ સત્તાના પાંચ મુખ્ય હોદ્દા વહેંચવાનો વારો આવ્યો, ત્યારે ભાજપની સ્થાનિક નેતાગીરી આ સામાજિક સમરસતા જાળવવામાં સાવ ચૂક્યા છે.

પત્રમાં ભૂતકાળની યાદ અપાવતા સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે, છેલ્લી ધારાસભ્યની ચૂંટણીથી લઈને જીગ્નાબેનને પ્રમુખ બનાવવામાં ધર્મેન્દ્રભાઈ (મિલન) ની અનોખી તાકાત અને સંગઠન શક્તિ જવાબદાર હતી, જેનાથી આખું ઊંઝા વાકેફ છે. આ વખતે કદાચ ધર્મેન્દ્રભાઈના પરિવારને કોઈ પદ ન આપી શકાયું હોય તો તે સમજી શકાય, પરંતુ પાંચેય હોદ્દાઓમાંથી એક પણ સ્થાન 'આંટા કડવા પાટીદાર સમાજ'ના કોઈ વ્યક્તિને ન આપીને આખા સમાજનું અપમાન કરવામાં આવ્યું છે. આ નિર્ણય કોઈ વ્યક્તિગત નહીં પરંતુ સમગ્ર સમાજ સામેનો અન્યાય પ્રતીત થાય છે. આ સાથે જ પત્રમાં એવો પણ ગંભીર આક્ષેપ કરાયો છે કે, જો વોર્ડ નં-૩ અને ૫ ના પટેલ ઉમેદવારો બિનહરીફ થવાના સંજોગોમાં સંગઠન કે ધારાસભ્ય તરફથી યોગ્ય કાયદાકીય મદદ મળી હોત તો મોટો આર્થિક ખર્ચ બચી શક્યો હોત. આમ, એક તરફ આર્થિક ભોગ આપવાનો અને બીજી તરફ સત્તામાં ભાગીદારી ન મળતા સમાજમાં તીવ્ર નારાજગી છે. આ ખુલ્લો પત્ર સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ ઊંઝા ભાજપ શિસ્ત સમિતિ અને ધારાસભ્ય કેમ્પમાં દોડધામ મચી ગઈ છે.

# ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે બકરી ઈદ પૂર્વે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

## પોલીસ અને હિન્દુ-મુસ્લિમ સમાજ વચ્ચે સંવાદથી શાંતિપૂર્ણ ઉજવણી પર ભાર

**દાહોદ**

ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે બકરી ઈદ પર્વ નિમિત્તે તા. 28-05-2026 ગુરુવારના રોજ ઉજવાનાર તહેવારને અનુલક્ષીને શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠક ડી.વાય.એસ.પી ડી.આર. પટેલ ની અધ્યક્ષતામાં મળી હતી. બેઠકમાં ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ અને પી.આઈ રવિ ગામીત દ્વારા હિન્દુ અને મુસ્લિમ સમાજના આગેવાનો સાથે બકરી ઈદને લઈ અલગ અલગ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. બેઠક દરમિયાન પોલીસ તંત્ર દ્વારા બકરી ઈદનો તહેવાર શાંતિપૂર્ણ, ભાઈચારાપૂર્વક અને કાયદાની મર્યાદામાં રહી ઉજવવા અપીલ કરવામાં આવી હતી. મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા પણ પોલીસને બાંહેધરી આપવામાં આવી હતી કે કોઈપણ વ્યક્તિની ધાર્મિક લાગણી દુભાય નહીં તે રીતે સંપૂર્ણ શાંતિ અને સૌહાર્દ સાથે ઉત્સવ ઉજવવામાં આવશે.

મીટિંગ દરમિયાન ઉપસ્થિત સામાજિક આગેવાનો દ્વારા શહેરમાં તહેવાર દરમિયાન સ્વચ્છતા, સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓ ,બકરી ઈદમા કુરબાની આપેલ પશુ ના વેસ્ટ કચરાનો નિકાલ, જાહેર સ્થળો પર કોઈ વેસ્ટ કચરો ન જોવા મળે તેમજ કોમી એકતા જળવાઈ રહે તેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓ દ્વારા સ્પષ્ટ જણાવાયું હતું કે કોઈપણ પ્રકારની અફવા, ગેરસમજ અથવા તકલીફ સર્જાય તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો.

બેઠકમાં ઉપસ્થિત આગેવાનો દ્વારા જણાવાયું હતું કે ઝાલોદ નગરમાં હિન્દુ-મુસ્લિમ સમાજ વર્ષોથી દરેક તહેવાર ભાઈચારા અને પરસ્પર સન્માનની ભાવના સાથે ઉજવે છે. પોલીસ અને બંને સમાજ વચ્ચે સતત સંવાદ અને સહકાર રહેતા શહેરમાં શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહ્યો છે.

### છોટા ઉદેપુરમાં સત્તાનો લોહિયાળ ખેલ

# તાલુકા પંચાયતમાં રાજકીય ગરમાવા વચ્ચે AAPના પ્રમુખ સહિત બે સભ્યો પર કરાયો જીવલેણ હુમલો!

**છોટા ઉદેપુર**

છોટા ઉદેપુર તાલુકા પંચાયતમાં સત્તા મેળવવા અને ટકાવી રાખવા માટે ખેલાઈ રહેલો રાજકીય ખેલ હવે લોહિયાળ વળાંક તરફ વળ્યો છે. તાલુકા પંચાયતના રાજકારણમાં ચાલી રહેલી ભારે ખેંચતાણ અને આંતરિક જૂથબંધી વચ્ચે આમ આદમી પાર્ટી (AAP) ના તાલુકા પ્રમુખ સહિત બે સભ્યો પર અજાણ્યા તત્વો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. આ હુમલાને પગલે સમગ્ર જિલ્લાના રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે અને સ્થાનિક પ્રશાસન તેમજ કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સામે પણ મોટા સવાલો ઊભા થયા છે. સૂત્રો પાસેથી મળતી પ્રાથમિક વિગતો અનુસાર, આમ આદમી પાર્ટીના છોટા ઉદેપુર તાલુકા પ્રમુખ અને તેમની સાથેના પંચાયતના અન્ય એક સભ્ય પર કેટલાક અસામાજિક તત્વોએ ઘાતક હથિયારો વડે અચાનક હુમલો કરી દીધો હતો. આ હુમલો એટલો ગંભીર હતો કે બંને સભ્યોને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલ પરિસરમાં પણ તેમના સમર્થકો અને પક્ષના કાર્યકરોની ભારે ભીડ જમા થઈ ગઈ છે, જેને પગલે વાતાવરણ તણાવપૂર્ણ બની ગયું છે. સ્થાનિક લોકમુખે થતી ચર્ચાઓ મુજબ, આ હુમલો કોઈ વ્યક્તિગત અદાવતમાં નહીં પરંતુ તાલુકા પંચાયતમાં ચાલી રહેલી સત્તાની સાઠમારીનું પરિણામ છે. પંચાયતમાં પક્ષ પલટા, ટેકા કે સત્તાના સમીકરણો બદલવા માટે છેલ્લા કેટલાક સમયથી અંદરખાને મોટો ખેલ ચાલી રહ્યો હતો. આ સ્થિતિ વચ્ચે આમ આદમી પાર્ટીના સભ્યોની ભૂમિકા મહત્વની હોવાથી, તેમને ડરાવવા અથવા રાજકીય રસ્તેથી હટાવવા માટે જ આ કાવતરું ઘડાયું હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ ખાતે દોડી ગયો છે. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવવા અને હુમલાખોરોની ઓળખ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આમ આદમી પાર્ટીના સ્થાનિક નેતાઓએ આ ઘટનાની આકરા શબ્દોમાં નિંદા કરી છે અને હુમલાખોરોની સાથે તેની પાછળ રહેલા રાજકીય આકાઓની પણ તાત્કાલિક ધરપકડ કરવાની માંગ કરી છે.

# વાગરામાં જાહેર માર્ગ પર ઝેરી કેમિકલ વેસ્ટ ઠાલવતું ટેન્કર ઝડપાયું : ચાલકની ધરપકડ

**વાગરા**

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં જાહેર માર્ગ પર ઝેરી કેમિકલ વેસ્ટ ઠાલવતા એક ટેન્કરને પોલીસે ઝડપી પાડી ચાલકની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ, વાગરા પોલીસનો સ્ટાફ ટાઉન બીટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન એચ.પી. પેટ્રોલ પંપથી જી.ઈ.બી. ચોકડી તરફ જતા જાહેર માર્ગ પરથી પસાર થઈ રહેલા ટેન્કર નંબર GJ 18 BV 6699માંથી તીવ્ર દુર્ગંધ આવતી હોવાનું ધ્યાન પર આવ્યું હતું. શંકા જતા પોલીસે ટેન્કરને અટકાવી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ટેન્કરના પાછળના ભાગે આવેલો મુખ્ય વાલ્વ ખુલ્લો હોવાનું સામે આવ્યું હતું, જેમાંથી ઝેરી કેમિકલ વેસ્ટ સીધું જાહેર માર્ગ પર ઢોળાઈ રહ્યું હતું. રસ્તા પર ફેલાઈ રહેલા આ જોખમી કેમિકલને કારણે વાહનચાલકો, રાહદારીઓ તેમજ આસપાસના લોકોના આરોગ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું હતું. સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાતા લોકોમાં ભય અને રોષની લાગણી જોવા મળી હતી.



પોલીસે ટેન્કર કબ્જે લઈ ચાલકની પૂછપરછ કરતાં તેની ઓળખ શિવશંકર દેવીયાલ પાલ (ઉં.41), મૂળ રહેવાસી કાનપુર, ઉત્તર પ્રદેશ તથા હાલ છત્રાલ GIDC ફેઝ-4 ખાતે રહેતા તરીકે થઈ હતી. પ્રાથમિક પૂછપરછમાં ચાલકે ટેન્કર દહેજ સ્થિત GFL કંપનીમાંથી લોડ કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

પોલીસે આરોપી વિરુદ્ધ પર્યાવરણ અને જાહેર સુરક્ષાને જોખમમાં મૂકવાના ગુનામાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાથે જ ઝેરી કેમિકલ વેસ્ટના ગેરકાયદે નિકાલ પાછળ અન્ય કોઈ સંડોવણી છે કે નહીં તે દિશામાં વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

### જેતપુર તાલુકાના થાણાગાલોલ ગામે

# ખાતરના ઢગલાંમાંથી રૂા.76 હજારનો ઇંગ્લીશ દારૂ ઝડપાયો : બેની ધરપકડ

**જેતપુર**

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં દારૂ-જુગારની પ્રવૃત્તિ સદંતર નાબૂદ કરવા રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા જિલ્લાના પોલીસ વડા વિજય સિંહ ગુર્જર દ્વારા આપવામાં આવેલી કડક સૂચના અને માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઇમ બ્રાન્ચ એ સફળતા મેળવી છે. જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બે ઈસમોને વિદેશી દારૂના મોટા જથ્થા સાથે રંગેહાથ પકડી પાડવામાં આવ્યા છે. ઘટનાની વિગત મુજબ, એલસીબી શાખાના સ્ટાફના માણસો જ્યારે જેતપુર તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન પો.હેડ કોન્સ. અર્જુનભાઈ ડવેરા તથા પો.કોન્સ



શક્તિસિંહ ઝાલાને સંયુક્ત બાતમી મળી હતી. આ ચોક્કસ હકીકતના આધારે પોલીસે આરોપી નંબર-1 ના વાડીના ખેતરમાં રેઈડ કરી હતી. ત્યાંથી ભારતીય બનાવટની જુદી-જુદી ઈંગ્લીશ દારૂની 750 એમ.એલ. તથા 180 એમ.એલ. માપની કંપનીશીલ પેક કુલ 152 બોટલો કિંમત રૂપિયા 76,058/- તથા 2 નંગ મોબાઈલ ફોન કિંમત રૂપિયા 20,000/- મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂપિયા 96,058/- નો મુદ્દામાલ જપ્ત કરીને બે આરોપીઓની ધરપકડ કરી છે. આ મામલે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન કલમ ૬૫(ઇ), એ,૮૧ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઇ છે. પોલીસે આ ગુનામાં (1) રાધેન્દ્ર ઉર્ફે ચીન્ટુ રમેશભાઇ કોરડીયા રહે. થાણાગાલોલ, તા. જેતપુર અને (2) રાજ ઉર્ફે બાબર પ્રવીણભાઇ સરવૈયા રહે. થાણાગાલોલ, તા. જેતપુર ની ધરપકડ કરી છે. જ્યારે અન્ય બે આરોપીઓ (3) અજય કાઠી રહે. પીપળીયા ગામ, તા. ભેસાણ અને (4) રવી ઠાકોર રહે. જેતપુર ખીરસરા રોડ ને પકડવાના બાકી છે.

# ઇડર તાલુકા પંચાયત પ્રમુખ પદને લઇ ભાજપમાં આંતરિક ખેંચતાણ

**ઈડર**

ઈડર તાલુકામાં તાલુકા પંચાયત પ્રમુખ પદને લઈને ભારતીય જનતા પાર્ટી માં આંતરિક ડખો ખુલ્લેઆમ સામે આવતો જોવા મળી રહ્યો છે. તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપને બહુમતી મળ્યા બાદ હવે પ્રમુખ પદ કોના ફાળે જશે તેને લઈને પક્ષની અંદર જ અલગ અલગ જૂથો સક્રિય બન્યા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. મળતી માહિતી મુજબ ઈડર તાલુકામાં ભાજપના ત્રણ અલગ અલગ જૂથો તાલુકા પંચાયત પ્રમુખ તરીકે પોતાના સમર્થક ઉમેદવારને બેસાડવા માટે સક્રિય બન્યા છે. કેટલાક આગેવાનો અને હોદ્દેદારો પોતાના સમીકરણો ગોઠવવામાં વ્યસ્ત બન્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેના કારણે ભાજપના પાયાના કાર્યકરોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.સ્થાનિક કાર્યકરોમાં એવી પણ ચર્ચા છે કે વર્ષો સુધી પક્ષ માટે કામ કરનારા પાયાના કાર્યકરોને સાઈડ લાઈન કરીને તાલુકા પંચાયત પ્રમુખ બનાવવા માટે કેટલાક હોદ્દેદારો મેદાને ઉતર્યા છે. બીજી તરફ પક્ષના કેટલાક સમર્થકો એવો પણ સવાલ ઉઠાવી રહ્યા છે કે પોતાના ગામોમાં બેઠકો બચાવી ન શકનાર કેટલાક નેતાઓ હવે તાલુકા પંચાયત પ્રમુખ બનાવવાની દોડમાં આગળ જોવા મળી રહ્યા છે.

# થરાદમાં ડ્રગ્સના જાળા પર SOGની તવાઈ : 'ઉંદરો' પકડાયા, પણ અસલી 'બિલાડા' ક્યારે જેલભેગા થશે?

## કોઈપણ વિસ્તારમાં આટલો મોટો નશાનો કાળો કારોબાર મોટા આર્થિક પીઠબળ કે રાજકીય રક્ષણ વગર શક્ય જ નથી

**થરાદ**

થરાદ અને સરહદી વિસ્તારમાં લાંબા સમયથી સંગઠિત રીતે ચાલી રહેલા ડ્રગ્સના કાળા કારોબાર સામે આખરે વાવ-થરાદ એસઓજી (SOG) પોલીસ એક્શન મોડમાં આવી છે.

પોલીસની હાલની કાર્યવાહી ચોક્કસપણે પ્રશંસનીય અને અભિનંદનને પાત્ર છે, પરંતુ આ મોડી જાગૃતિ સરહદી પંથક માટે ચિંતાજનક બાબત પણ છે. અત્યારે પોલીસના સકંજામાં માત્ર નાના સ્તરના પેડલરો એટલે કે 'ઉંદરો' જ આવ્યા છે, જ્યારે ડ્રગ્સના નેટવર્કને ઓપરેટ કરતા અસલી મગરમચ્છો અને 'બિલાડા' સુધી પહોંચવાનું હજુ બાકી છે. જનતા હવે કોઈ પણ જાતના ભેદભાવ વગર, મોટા માથાઓ સામે આરપારની લડાઈની અપેક્ષા રાખી રહી છે.

અમે તો લાંબા સમયથી બૂમો પાડીને કહી રહ્યા હતા કે થરાદ વિસ્તારમાં ડ્રગ્સનું નેટવર્ક યુવાધનને બરબાદ કરી રહ્યું છે, પરંતુ ત્યારે વહીવટી તંત્ર અને જવાબદારો પુરાવા માંગતા હતા.

આજે એસઓજીની કાર્યવાહીએ સાબિત કરી દીધું છે કે જનતા જે ચિંતા વ્યક્ત કરતી હતી તે તદ્દન સાચી અને ગંભીર હતી. ખાસ કરીને થરાદના શિવનગર વિસ્તારની જાગૃત મહિલાઓએ જીવના જોખમે, હિંમતપૂર્વક ડ્રગ્સ માફિયાઓ સામે અવાજ ઉઠાવ્યો હતો અને વિરોધ નોંધાવ્યો હતો. આજે એ બહેનોની ચિંતા, આક્રોશ અને લાંબો સંઘર્ષ સાચો સાબિત થયો છે અને વહીવટી તંત્રની આંખો ખુલી છે.

કોઈપણ વિસ્તારમાં આટલો મોટો નશાનો કાળો કારોબાર મોટા આર્થિક પીઠબળ કે રાજકીય રક્ષણ વગર શક્ય જ નથી. એસઓજી પોલીસે સરાહનીય શરૂઆત કરી છે, પરંતુ આ અભિયાન અહીં જ અટકી ન જવું જોઈએ. જનતાની માંગ છે કે પોલીસ માત્ર નાના સપ્લાયરો પકડીને સંતોષ ન માને, પરંતુ આ આખા નેટવર્કના મૂળ સુધી પહોંચે.

આ ગેરકાયદેસર ધંધામાંથી કરોડો રૂપિયાની કમાણી કરનાર આર્થિક આકાઓ અને તેમને કાયદાની પકડથી બચાવતા રાજકીય આશ્રયદાતાઓ કોણ છે? તેમની સામે પણ નિષ્પક્ષ અને પારદર્શક કાર્યવાહી થવી જ જોઈએ. યુવાનોનું ભવિષ્ય અને હજારો પરિવારોને બરબાદ કરતા આ આંતરરાજ્ય કે સ્થાનિક નેટવર્કને જડમૂળથી ઉખાડી ફેંકવાનો આ યોગ્ય સમય છે. પોલીસની આ કાર્યવાહી માત્ર થોડા દિવસનો સપાટો કે દેખાવ પૂરતી મર્યાદિત ન રહેવી જોઈએ, પરંતુ થરાદ પંથક સંપૂર્ણપણે ડ્રગ્સ મુક્ત ન થાય ત્યાં સુધી આ નિર્ભય અભિયાન સતત ચાલુ રહેવું જોઈએ. સરહદી વિસ્તારના યુવાધનને બચાવવા માટે હવે આરપારની કડક કાર્યવાહી જ એકમાત્ર વિકલ્પ છે.



### સોશિયલ મીડિયા પર બંનેના સંબંધોને લઈને ચર્ચાઓ તેજ બની

# બિઝનેસમેન બોયફ્રેન્ડ સાથે માતાના ઘરે પહોંચી મલાઈકા , ફેન્સમાં અટકળો શરૂ

મુંબઈ

મલાઈકા અરોરા ફરી એકવાર પોતાની પર્સનલ લાઈફને કારણે ચર્ચામાં આવી ગઈ છે. અભિનેત્રીને તાજેતરમાં મુંબઈમાં તેમની માતાના ઘરે જતા જોવા મળી હતી, પરંતુ આ વખતે તે એકલી નહોતી. તેની સાથે બિઝનેસમેન બોયફ્રેન્ડ હર્ષ મહેતા પણ જોવા મળ્યા હતા, જેના કારણે સોશિયલ મીડિયા પર બંનેના સંબંધોને લઈને ચર્ચાઓ તેજ બની ગઈ છે.

મલાઈકા અરોરા અગાઉ અરબાઝ ખાન સાથેના લગ્ન અને બાદમાં થયેલા છૂટાછેડાને લઈને ચર્ચામાં રહી હતી. ત્યારબાદ તેઓ લાંબા સમય સુધી Arjun Kapoor ને ડેટ કરતી હતી. જોકે થોડા સમય પહેલા બંનેના બ્રેકઅપના સમાચાર સામે આવ્યા હતા હવે અર્જુન કપૂર સાથેના બ્રેકઅપ બાદ મલાઈકાએ પોતાની જિંદગીમાં નવા પ્રેમને સ્થાન આપ્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે. હર્ષ મહેતા અને મલાઈકા છેલ્લા કેટલાક સમયથી અનેક ઈવેન્ટ અને ફંક્શનમાં સાથે જોવા મળી રહ્યા છે. બંનેને મંદિરમાં દર્શન કરવા જતા પણ જોવામાં આવ્યા હતા. તાજેતરમાં 20 મેના રોજ મલાઈકા સલવાર સૂટમાં પોતાની માતાના ઘરે પહોંચી હતી. આ દરમિયાન તેઓ કેમેરાથી બચવાનો પ્રયાસ કરતી જોવા મળી હતી, જ્યારે હર્ષ મહેતા તેમની પાછળ ઘરમાં પ્રવેશતા દેખાયા હતા. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ફેન્સ અલગ-અલગ અંદાજો લગાવી રહ્યા છે. ઘણા યુઝર્સે કમેન્ટ કરીને હર્ષ મહેતાને "હેન્ડસમ બોયફ્રેન્ડ" ગણાવ્યો હતો, જ્યારે કેટલાકે પૂછ્યું કે શું બંનેના સંબંધને પરિવારની મંજૂરી મળી ગઈ છે? બીજી તરફ કેટલાક લોકોએ મલાઈકાને ટ્રોલ પણ કરી હતી. જોકે અભિનેત્રી અગાઉ સ્પષ્ટ કરી ચૂકી છે કે ટ્રોલિંગથી તેમને કોઈ ફરક પડતો નથી.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ વીડિયોએ ફરી એકવાર મલાઈકા અરોરાની પર્સનલ લાઈફને ચર્ચામાં લાવી દીધી છે. નોંધનીય છે કે મલાઈકા અરોરા ફરી એકવાર પોતાની પર્સનલ લાઈફને કારણે ચર્ચામાં આવી ગઈ છે. અભિનેત્રીને તાજેતરમાં મુંબઈમાં તેમની માતાના ઘરે જતા જોવા મળી હતી, પરંતુ આ વખતે તે એકલી નહોતી. તેની સાથે બિઝનેસમેન બોયફ્રેન્ડ હર્ષ મહેતા પણ જોવા મળ્યા હતા, જેના કારણે સોશિયલ મીડિયા પર બંનેના સંબંધોને લઈને ચર્ચાઓ તેજ બની ગઈ છે.

**થોડા સમય પહેલા મલાઈકા અને એર્જુનના બ્રેકઅપના સમાચાર સામે આવ્યા હતા**

# આજે સ્ટ્રીમ થશે રણવીર સિંહની 'ધુરંધર'નું નવું વર્ઝન

## કોઈ પણ કટ વગર રિલીઝ થશે; હાઈકોર્ટની તપાસ વચ્ચે મેકર્સનો નિર્ણય

મુંબઈ

રણવીર સિંહ અભિનીત ફિલ્મ 'ધુરંધર'નું અનકટ વર્ઝન 'ધુરંધર રો એન્ડ અનદેખા' આવતીકાલે એટલે કે 22 મેથી OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સ અને જિયોહોટસ્ટાર પર સ્ટ્રીમ થવા જઈ રહ્યું છે. નેટફ્લિક્સ અને જિયોહોટસ્ટારે બુધવારે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને આ માહિતી આપી. 'ધુરંધર રો એન્ડ અનદેખા' વર્ઝન હિન્દી, તમિલ અને તેલુગુ ભાષાઓમાં ઉપલબ્ધ થશે. આ ફિલ્મ ગયા વર્ષે 5 ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી અને ત્યારબાદ 30 જાન્યુઆરીએ તેને નેટફ્લિક્સ પર રિલીઝ કરવામાં આવી હતી. આ જાહેરાત એવા સમયે થઈ છે જ્યારે દિલ્હી હાઈકોર્ટે ફિલ્મના બીજા ભાગમાં સેનાની ગુપ્ત માહિતી દર્શાવવાના આરોપો પર કેન્દ્ર સરકાર અને સેન્સર બોર્ડને તપાસ કરવા જણાવ્યું છે. 'ધુરંધર 2' ની સ્ટ્રીમિંગ ડેટ પણ નક્કી મેકર્સે ફિલ્મના બીજા ભાગ 'ધુરંધર: ધ રિવેન્જ રો એન્ડ અનદેખા' ની રિલીઝ ડેટની પણ જાહેરાત કરી દીધી છે. આ ભાગનું પ્રીમિયર 4 જૂને સાંજે 7 વાગ્યે થશે. ત્યારબાદ 5 જૂનથી દર્શકો તેને ફક્ત જિયોહોટસ્ટાર પર જોઈ શકશે. ફિલ્મના બંને ભાગે બોક્સ ઓફિસ પર મોટા રેકોર્ડ બનાવ્યા છે અને બંને ફિલ્મોની વાર્તાને દર્શકોએ ખૂબ પસંદ કરી છે. બીજા ભાગ પર કાનૂની વિવાદ ચાલી રહ્યો છે ફિલ્મનું નવું વર્ઝન એવા સમયે આવી રહ્યું છે જ્યારે તેના બીજા ભાગને લઈને દિલ્હી હાઈકોર્ટમાં કાનૂની વિવાદ ચાલી રહ્યો છે. સશસ્ત્ર સીમા બળ (SSB)ના હેડ કોન્સ્ટેબલ દીપક કુમારે કોર્ટમાં એક જનહિત અરજી દાખલ કરી છે. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ફિલ્મમાં સેનાના ઓપરેશન્સ સાથે જોડાયેલી ગુપ્ત જાણકારીઓ બતાવવામાં આવી છે, જેનાથી દેશની સુરક્ષા અને અખંડિતતાને ખતરો થઈ શકે છે. કોર્ટે કેન્દ્ર સરકાર અને સેન્સર બોર્ડને નિર્દેશ આપ્યા આ મામલાની સુનાવણી કરતા દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે, ભલે ફિલ્મ કાલ્પનિક હોય, પરંતુ એક સુરક્ષાકર્મી દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓને છોડી શકાય નહીં. કોર્ટે કેન્દ્ર સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલય અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)ને આ આરોપોની તપાસ કરવા જણાવ્યું છે.



# હું સાચે જ વર્જિન છું, 32 વર્ષીય હસીનાના બોલ્ડ નિવેદને સૌને ચોંકાવી દીધા...

**સનાએ પોતાની પર્સનલ લાઈફ સાથે સંકળાયેલ એક ચોંકાવનાર ખુલાસો કર્યો છે. જેમાં સોશિયલ મીડિયા પર હલચલ મચાવી દીધી છે. ઈન્ટરવ્યૂના એક સેગમેંટ દરમ્યાન જ્યારે તેને પૂછવામાં આવ્યું કે, તેણીએ ક્યારે હૂકઅપ કર્યું હતું.**

મુંબઈ

ટીવી ઈન્ડસ્ટ્રીની ગ્લેમરસ અને સ્ટાઈલિશ અભિનેત્રીઓમાંની એક ગણાતી સના મકબૂલ ઘણીવાર તેની સુંદરતા તેમજ તેના અંગત જીવન માટે ચર્ચામાં રહે છે. બિગ બોસ OTT 3 જીત્યા પછી તેના ફેન ફોલોઈંગમાં નોંધપાત્ર વધારો થયો. બિગ બોસ ટ્રોફી જીત્યા પછી, એવી અફવા હતી કે તે ઉદ્યોગપતિ શ્રીકાંત બુરેડ્ડી સાથેના સંબંધમાં છે.

જોકે બંનેએ ક્યારેય આ વાતની સત્તાવાર જાહેરાત કરી ન હતી, પરંતુ આ કથિત સંબંધે વ્યાપક ચર્ચા જગાવી હતી. હવે, તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, સનાએ તેના અંગત જીવન વિશે એક ચોંકાવનારું નિવેદન આપ્યું છે, જેvs સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવી દીધો છે. તાજેત્તરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન સનાએ પોતાની પર્સનલ લાઈફ સાથે સંકળાયેલ એક ચોંકાવનાર ખુલાસો કર્યો છે. જેમાં સોશિયલ મીડિયા પર હલચલ મચાવી દીધી છે. ઈન્ટરવ્યૂના એક સેગમેંટ દરમ્યાન જ્યારે તેને પૂછવામાં આવ્યું કે, તેણીએ ક્યારે હૂકઅપ કર્યું હતું.

ત્યારે સનાએ કહ્યું, "થોડો સમય થઈ ગયો છે." જોકે, પછી તેણે આશ્ચર્યજનક જવાબ આપ્યો: "હું કુંવારી છું, બેબી, ખરેખર." અભિનેત્રીના જવાબથી બધાને આશ્ચર્ય થયું, અને તેને પૂછવામાં આવ્યું કે, શું તે ખરેખર કુંવારી છે ? સનાએ જવાબ આપ્યો કે આ નિર્ણય કોઈ ધર્મ કે પરંપરા સાથે જોડાયેલો નથી. અભિનેત્રીએ આગળ જણાવ્યું કે, "હું કુંવારી છું કારણ કે હું કોઈ પર વિશ્વાસ કરતી નથી. લોકો મારું હૃદય તોડી નાખશે." આ નિવેદન આપતી વખતે સના હસી પડી. તેણીએ સ્પષ્ટતા કરી કે આ નિર્ણય કોઈ ધાર્મિક કારણોસર નહીં, પરંતુ પોતાની ભાવનાત્મક સુરક્ષા માટે લેવામાં આવ્યો છે. સના મકબૂલનું નિવેદન સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયું. ઘણા વપરાશકર્તાઓએ રમૂજ સાથે તેનું સ્વાગત કર્યું, જ્યારે અન્ય લોકોએ સનાની બોલવાની હિંમતની પ્રશંસા કરી. એક વપરાશકર્તાએ લખ્યું, "સનાએ જે કહ્યું તે આજની પેઢી માટે વાસ્તવિક છે. દરેકને વિશ્વાસની સમસ્યા છે." જણાવી દઈએ કે, આ પહેલીવાર નથી જ્યારે સના મકબૂલ કોઈ અંગત બાબતને કારણે સમાચારમાં રહી હોય. બિગ બોસ OTT 3 દરમિયાન, તેણીએ તેના અંગત જીવનના ઘણા પાસાઓ વિશે પણ વાત કરી હોય.





# જાહ્વવી કપૂરનાં નખરાંઓથી પેડ્ડી ફિલ્મની ટીમ તંગ થઈ

## સાઉથની ફિલ્મ 'પેડ્ડી'ની ટીમ જાહ્વવી કપૂરનાં નખરાંઓથી નારાજ થઈ ગઈ હોવાનું કહેવાય છે. ફિલ્મના પ્રમોશન દરમિયાન જાહ્વવીના એટિટયુડથી અન્ય લોકો પરેશાન થઈ રહ્યા છે

મુંબઈ

સાઉથની ફિલ્મ 'પેડ્ડી'ની ટીમ જાહ્નવી કપૂરનાં નખરાંઓથી નારાજ થઈ ગઈ હોવાનું કહેવાય છે. ફિલ્મના પ્રમોશન દરમિયાન જાહ્નવીના એટિટયુડથી અન્ય લોકો પરેશાન થઈ રહ્યા છે. આ ફિલ્મમાં જાહ્નવીનો રોલ બહુ કપાઈ ગયો હોવાથી હવે તે પ્રમોશન વખતે નખરાં દેખાડી રહી હોવાનું કહેવાય છે.

મુંબઈમાં ટ્રેલર લોન્ચ વખતે જાહ્નવી એક કલાક મોડી આવી હતી. પરિણામે રામ ચરણ મીડિયાકર્મીઓના પ્રશ્નોત્તરીથી બચવા કારમાં જ બેસી રહ્યો હતો. પ્રમોશન માટે સમયસર પહોંચેલા અન્ય કલાકારોએ પણ ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

બોલિવુડ વર્તુળોમાં ચર્ચા અનુસાર ફિલ્મ સાઈન કરતી વખતે જાહ્નવીને કહેવાયું હતું કે તેની ફિલ્મમાં બહુ લાંબી અને મહત્વની ભૂમિકા હશે. જોકે, ફિલ્મનો ફાઈનલ કટ જોયા પછી જાહ્નવીને ખ્યાલ આવ્યો હતો કે તેની ભૂમિકા તદ્દન ગૌણ અને એકદમ ટૂંકી છે. તે પછી તેણે પોતે આ ફિલ્મનાં પ્રમોશનમાં ભાગ નહિ લે તેવો નિર્ણય કર્યો હતો. જોકે, નિર્માતાઓએ તેને જણાવ્યું હતું કે કરારના ભાગરુપે તે પ્રમોશનમાં હાજરી આપવા બંધાયેલી છે. સાઉથની ફિલ્મ 'પેડ્ડી'ની ટીમ જાહ્નવી કપૂરનાં નખરાંઓથી નારાજ થઈ ગઈ હોવાનું કહેવાય છે. ફિલ્મના પ્રમોશન દરમિયાન જાહ્નવીના એટિટયુડથી અન્ય લોકો પરેશાન થઈ રહ્યા છે. આ ફિલ્મમાં જાહ્નવીનો રોલ બહુ કપાઈ ગયો હોવાથી હવે તે પ્રમોશન વખતે નખરાં દેખાડી રહી હોવાનું કહેવાય છે. મુંબઈમાં ટ્રેલર લોન્ચ વખતે જાહ્નવી એક કલાક મોડી આવી હતી. પરિણામે રામ ચરણ મીડિયાકર્મીઓના પ્રશ્નોત્તરીથી બચવા કારમાં જ બેસી રહ્યો હતો. પ્રમોશન માટે સમયસર પહોંચેલા અન્ય કલાકારોએ પણ ગુસ્સો વ્યક્ત કર્યો હતો. બોલિવુડ વર્તુળોમાં ચર્ચા અનુસાર ફિલ્મ સાઈન કરતી વખતે જાહ્નવીને કહેવાયું હતું કે તેની ફિલ્મમાં બહુ લાંબી અને મહત્વની ભૂમિકા હશે.

# 'પેદ્દી' માટે આમિર-સલમાન પાસેથી આત્મવિશ્વાસ મળ્યો', ડિરેક્ટર ના પાડે છતાં હું મારા સ્ટંટ જાતે કરું છું: રામ ચરણ

મુંબઈ



RRRને ઓસ્કરમાં મળેલી જીત પછી ગ્લોબલ સ્ટાર બની ચૂકેલા રામ ચરણની ફિલ્મ 'પેદ્દી' 4 જૂને રિલીઝ થઈ રહી છે. ફિલ્મમાં તેની સાથે જ્હાનવી કપૂર જોવા મળવાની છે. ફિલ્મ રિલીઝ પહેલાં રામ ચરણે સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે આ તેના કરિયરની એવી પહેલી ફિલ્મ છે, જેના માટે તેણે સૌથી વધુ નિષ્ઠાપૂર્વક કામ કર્યું છે. 200 દિવસના શૂટિંગ શેડ્યૂલમાં તે ફક્ત સૂવા માટે જ ઘરે જતા હતા અને બીજા દિવસે સવારે વહેલા સેટ પર પહોંચી જતા હતા. શૂટિંગ દરમિયાન રામ ચરણને ઘણી ઈજાઓ થઈ. તે તેને ગિફ્ટ માને છે, તેનું માનવું છે કે જાતે સ્ટંટ કરવા જરૂરી છે, કારણ કે આજના સમયમાં લોકો સીન જોઈને સમજી જાય છે કે કયો સ્ટંટ બોડી ડબલે કર્યો છે અને કયો એક્ટરે. રામ ચરણનું એ પણ કહેવું છે કે સલમાન ખાનની 'સુલતાન' અને 'દંગલ'ની સફળતા જોયા પછી તેમને કુસ્તી પર ફિલ્મ બનાવવાનો આત્મવિશ્વાસ મળ્યો. રામ ચરણ- મને લાગે છે કે મારી બીજી ફિલ્મોની સરખામણીમાં મેં આ ફિલ્મમાં સૌથી વધુ નિષ્ઠાપૂર્વક કામ કર્યું છે. ખૂબ જ આદરપૂર્વક કામ કર્યું છે, કારણ કે તેમાં નિષ્ઠાની જરૂર હતી. આ ફિલ્મ 1.8 અબજ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. આ ફિલ્મ ઓળખ માટે જીવે છે. જે પેદ્દીનું પાત્ર છે, તે પોતાના અને પોતાની કોમ્યુનિટી માટે ઓળખની શોધમાં છે. ભારત જેવા દેશમાં જો તમે નકશામાં નથી, ઘણા ગામો જેમાં લોકો રહે છે, તેઓ મત આપી શકતા નથી, તેમની પાસે પરિવહન નથી, શાળા નથી, પોસ્ટલ બોક્સ નથી, કોઈ સેવાઓ નથી. તે ફક્ત ત્યાં જ રહે છે. આવા ઘણા ગામો છે. આ એક એવા છોકરાની વાર્તા છે, જે આવા ગામમાંથી નીકળીને કેવી રીતે ઓળખ બનાવે છે. રામ ચરણ- મને આ સમર્પણ માટે ઘણી બધી ભેટો (ઈજાઓ) મળી છે. (હસતા) જ્યારે મેં પહેલીવાર આ સાંભળ્યું, ત્યારે મને ખબર પડી. આ પહેલા સલમાન ખાન અને આમિર ખાનની ફિલ્મો દંગલ અને સુલતાન પણ ચાલી હતી. અમે ખૂબ જ આત્મવિશ્વાસમાં હતા કે આવી ફિલ્મો ચાલે છે.

પાક્કો ગુજરાત
શુક્રવાર | 22 મે 2026 | અમદાવાદ

### જાફરે પસંદગી સમિતિના માપદંડોની આકરી આલોચના કરતા સવાલ કર્યો હતો

# અજિત અગરકર બકવાસ કરે છે, શું તે બુમરાહ સાથે આવું કરી શકે: પૂર્વ ક્રિકેટર વસીમ જાફર

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ઓપનર વસીમ જાફરે સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને ભારતીય ટેસ્ટ ટીમમાંથી બહાર રાખવાના નિર્ણય પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે મુખ્ય પસંદગીકાર અજીત અગરકર દ્વારા આપવામાં આવેલી ફિટનેસની દલીલને સંપૂર્ણપણે 'બકવાસ' ગણાવીને ફગાવી દીધી છે. જાફરે પસંદગી સમિતિના માપદંડોની આકરી આલોચના કરતા સવાલ કર્યો હતો કે, જો આવો જ માપદંડ રાખવામાં આવતો હોય, તો શું જસપ્રીત બુમરાહ સાથે પણ ભવિષ્યમાં આવું જ વર્તન કરવામાં આવશે? અજીત અગરકરે આપી હતી ફિટનેસની દલીલ ભારતીય ટીમની જાહેરાત કરતી વખતે મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે મીડિયા સમક્ષ મોહમ્મદ શમીને ટીમમાં સામેલ ન કરવાનું કારણ સ્પષ્ટ કર્યું હતું. અગરકરે જણાવ્યું હતું કે, 'શમી હાલમાં ટૂંકા ફોર્મેટ એટલે કે T20 ક્રિકેટ રમવા માટે સંપૂર્ણ ફિટ છે, પરંતુ લાંબા ફોર્મેટ એટલે કે ટેસ્ટ ક્રિકેટ માટે તેમની ફિટનેસને લઈને હજુ પણ સવાલો છે. તેમનું શરીર હાલ ટેસ્ટ મેચનો આકરો



ભાર સહન કરવા માટે સક્ષમ નથી. તેથી તેમના શરીર પર વધુ ભાર નાખવો યોગ્ય રહેશે નહીં.' આ વિશે વસિમ જાફરે તેના યૂટ્યુબ ચેનલ પર કહ્યું કે 'અગરકરે કહ્યું એ બકવાસ છે. આપણે અહીં મોહમ્મદ શમી વિશે વાત કરી રહ્યાં છીએ કોઈ એવા-તેવા બોલર વિશે નહીં. શમી સારું પર્ફોર્મ કરી રહ્યો છે અને તમે કહો છો કે તે ફક્ત T20 માટે ફિટ છે? આ તો એક બહાનું છે. તમે એમ કહેતે કે શમીને અમે નંજરઅંદાજ કર્યો છે તો એ એક સાચું કારણ હોત. શમી તેની બોલિંગના કારણે રણજી ટ્રોફીમાં પોતાના દમ પર બંગાળને સેમીફાઈનલમાં પહોંચાડીને આવ્યો છે.' વસીમ જાફરને મુખ્ય પસંદગીકારની આ દલીલ બિલકુલ ગળે ઉતરી ન હતી. સોશિયલ મીડિયા પર અને ક્રિકેટ વિશ્લેષણ દરમિયાન પોતાનો પક્ષ રાખતા જાફરે કહ્યું કે, 'જો કોઈ ખેલાડી સંપૂર્ણ રીતે અનફિટ હોય, તો તે T20 ક્રિકેટ પણ કેવી રીતે રમી શકે? આ દલીલ પાછળ કોઈ તર્ક જ નથી.

જો જસપ્રીત બુમરાહ આવી સ્થિતિમાં આવી જાય, તો શું તમે તેમની સાથે પણ આવું જ વર્તન કરશો? શું તેમને પણ ટીમની બહાર બેસાડી રાખશો? મને લાગે છે કે આ દલીલ તદ્દન પાયાવિહોણી છે. જો બુમરાહને ઈજા થાય તો ત્યાર બાદ તે ટીમમાં પરત ફરશે? મોહમ્મદ શમી પણ બુમરાહની કેટેગરીમાં આવે છે. કોઈ પણ ઈન્ટરનેશનલ બેટ્સમેનને પૂછો તો તેઓ શમીને પણ ટોપ પર રાખશે. શમીએ ભારત માટે જે પણ કર્યું છે એની સામે આ તેનું અપમાન છે.'

## કોલકાતાની પ્લેઓફની આશાઓ અકબંધ

મુંબઈ

IPL 2026ના પ્લેઓફનો રોમાંચ વધુ વધી ગયો છે. બુધવારે કોલકાતા નાઈટ રાઈડર્સે મુંબઈ ઈન્ડિયન્સને હરાવીને પોતાની પ્લેઓફની આશાઓ જીવંત રાખી. ટીમના હવે 13 મેચમાં 13 પોઈન્ટ્સ થઈ ગયા છે અને તે છઠ્ઠા સ્થાને પહોંચી ગઈ છે. બીજી તરફ મુંબઈ ઈન્ડિયન્સને સિઝનની 9મી હાર મળી. ટીમ પહેલાથી જ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ચૂકી છે. મુંબઈ 13 મેચમાં 8 પોઈન્ટ્સ સાથે નવમા સ્થાને છે. હવે ચોથા સ્થાન માટે રાજસ્થાન, પંજાબ, ચેન્નઈ, કોલકાતા અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો જામ્યો છે. ચેન્નઈ આજે ગુજરાત ટાઈટન્સ સામે ટકરાશે અને ટીમને કોઈ પણ ભોગે જીત જોઈએ છે. મુંબઈ પર જીત બાદ કોલકાતા પ્લેઓફની રેસમાં ટકી રહી છે. ટીમના 13 મેચમાં 13 પોઈન્ટ્સ છે અને બે સ્થાન ઉપર છઠ્ઠા સ્થાને પહોંચી ગઈ છે. ટીમનો છેલ્લો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે છે. KKRને પ્લેઓફમાં પહોંચવા માટે આ મેચ જીતવી પડશે, સાથે જ રાજસ્થાન અને પંજાબના હારવાની પણ આશા રાખવી પડશે. ચેન્નઈ 13 મેચમાં 12 પોઈન્ટ્સ સાથે સાતમા સ્થાને આવી ગઈ છે. ટીમને કોલકાતાની જીતથી એક સ્થાનનું નુકસાન થયું છે. ચેન્નઈનો મુકાબલો આજે ગુજરાત ટાઈટન્સ સામે થશે. પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે CSKને આ મેચ કોઈપણ ભોગે જીતવી પડશે. હાર સાથે ટીમની સફર સમાપ્ત થઈ જશે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ 18 પોઈન્ટ્સ અને +1.065 નેટ રનરેટ સાથે પ્રથમ સ્થાને યથાવત છે. ટીમ પહેલાથી જ પ્લેઓફમાં પહોંચી ગઈ છે. જો નેટ રનરેટમાં મોટો ઉલટફેર ન થયો તો RCBનું ક્વોલિફાયર-1 રમવું નિશ્ચિત છે. ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ 16-16 પોઈન્ટ્સ સાથે બીજા અને ત્રીજા સ્થાને છે. ગુજરાતનો છેલ્લો મુકાબલો ચેન્નઈ સામે છે. ટીમ અહીં જીત નોંધાવે છે તો 18 પોઈન્ટ્સ સાથે ક્વોલિફાયર-1 રમી શકે છે.

### IPL આચાર સંહિતાના ઉલ્લંઘન બદલ મેચ ફીના 10 ટકાનો દંડ

## હાર્દિક પંડ્યાએ મેદાનમાં ગુમાવ્યો પિત્તો, મોટી ભૂલ કરતાં થયો દંડ

મુંબઈ

મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન હાર્દિક પંડ્યા એકવાર ફરી ચર્ચામાં છે, પરંતુ આ વખતે ચર્ચા તેના કોઈ શાનદાર પ્રદર્શનના કારણે નહીં પણ મેદાન પર દેખાડેલી નારાજગીના કારણે થઈ રહી છે. કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સામેની મેચમાં અમ્પાયરના નિર્ણય અથવા પોતાના પ્રદર્શનથી નારાજ દેખાયેલા હાર્દિક પંડ્યા પર IPL આચાર સંહિતાના ઉલ્લંઘન બદલ મેચ ફીના 10 ટકાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ સાથે જ તેમના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરી દેવામાં આવ્યો છે. આખરે મેદાન પર શું બન્યું હતું? આ સમગ્ર ઘટના બુધવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રમાયેલી મેચ દરમિયાન બની હતી, જ્યાં મુંબઈ ઈન્ડિયન્સને કોલકાતા



નાઈટ રાઈડર્સ સામે 4 વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. મેચ દરમિયાન હાર્દિક પંડ્યા પોતાની બોલિંગમાં યોગ્ય લય પકડી શકતો નહોતો અને રન રોકવામાં નિષ્ફળ જઈ રહ્યો હતો. આ જ નિરાશા અને ગુસ્સામાં જ્યારે તે પોતાના રન-અપ તરફ પાછા ફરી રહ્યો હતો, ત્યારે તેણે વિકેટ પર લાગેલી બેલ્સને જોરથી નીચે પાડી દીધી હતી. હાર્દિકની આ હરકત કેમેરામાં કેદ થઈ ગઈ હતી. IPL દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે હાર્દિક પંડ્યાએ IPL કોડ ઓફ કંડક્ટના આર્ટિકલ 2.2નું ઉલ્લંઘન કર્યું છે. આ નિયમ મેચ દરમિયાન ક્રિકેટના સાધનો, કપડાં, ગ્રાઉન્ડ ઈક્વિપમેન્ટ અથવા અન્ય ફિટિંગ્સના દુરુપયોગ સાથે જોડાયેલો છે. હાર્દિકની આ ભૂલને લેવલ-1નો અપરાધ માનવામાં આવ્યો છે.

## પાકિસ્તાની બોલર આમિરનો IPLમાં એન્ટ્રીનો માર્ગ મોકળો

### આમિર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી બે વાર નિવૃત્તિ લઈ ચૂક્યો છે

મુંબઈ

પાકિસ્તાનના પૂર્વ ફાસ્ટ બોલર મોહમ્મદ આમિર માટે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં રમવાનો રસ્તો સાફ થઈ ગયો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના રાજકીય તણાવને કારણે પાકિસ્તાની ખેલાડીઓ પર આઈપીએલમાં પ્રતિબંધ હોવા છતાં, આમિર આગામી સીઝનની હરાજી (IPL 2027 Auction) માં સામેલ થઈ શકે છે. કેવી રીતે ખૂલ્યો આમિર માટે આઈપીએલનો રસ્તો? નિયમ મુજબ, બીસીસીઆઈ (BCCI) પાકિસ્તાની ક્રિકેટરોને આઈપીએલમાં રમવાની મંજૂરી આપતી નથી. જો કે, મોહમ્મદ આમિરને હવે સત્તાવાર રીતે બ્રિટિશ નાગરિકતા (British Citizenship) મળી ગઈ છે.

આમિરે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ રીપોસ્ટ કરીને પોતાના નેશનાલિટી સ્ટેટસમાં થયેલા આ



ફેરફારની પુષ્ટિ કરી છે. તેની પત્ની નરગિસ ખાન બ્રિટિશ નાગરિક હોવાથી આમિર યુકે (UK) ના પાસપોર્ટ મેળવવાની પ્રક્રિયામાં હતો, જે હવે પૂર્ણ થઈ ગઈ છે.

બ્રિટિશ નાગરિક બન્યા બાદ હવે આમિર 'બ્રિટિશ ઓવરસીઝ પ્લેયર' તરીકે આઈપીએલ હરાજીમાં પોતાનું નામ નોંધાવવા માટે સંપૂર્ણ લાયક (Eligible) બની ગયો છે. આ પૂર્વે પાકિસ્તાની ચેટ શો 'હારના મના હૈ' માં પણ આમિરે આ અંગે સંકેત આપતા કહ્યું હતું કે, 'જો મને બ્રિટિશ પાસપોર્ટ મળી જશે, તો આગામી વર્ષ સુધી મને આઈપીએલમાં રમવાની તક મળી શકે છે, અને જો તક મળશે તો કેમ નહીં? હું ચોક્કસ આઈપીએલમાં રમીશ.' 34 વર્ષીય મોહમ્મદ આમિર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી બે વાર નિવૃત્તિ લઈ ચૂક્યો છે. 2024 ના ટી20 વર્લ્ડ કપમાં રમવા માટે તેણે નિવૃત્તિ પાછી ખેંચી હતી, પરંતુ પાકિસ્તાનની ટીમ ગ્રુપ સ્ટેજમાંથી જ બહાર થઈ જતાં તેણે ફરીથી સંન્યાસ લઈ લીધો હતો. આમિરે પાકિસ્તાન માટે 36 ટેસ્ટ, 61 વનડે અને 62 ટી20 ઈન્ટરનેશનલ મેચ રમી છે. ટીમ ઈન્ડિયાનો સ્ટાર વિરાટ કોહલી પણ તેને વર્લ્ડનો બેસ્ટ બોલર ગણાવી ચૂક્યો છે જેનો સામનો કરવામાં તેને પણ તકલીફ પડતી હતી. આઈપીએલની તમામ ફ્રેન્ચાઈઝીઓ હંમેશા એવા ડાબા હાથના ફાસ્ટ બોલરની શોધમાં હોય છે જે નવી બોલને સ્વીંગ કરાવી શકે અને ડેથ ઓવર્સમાં રન રોકી શકે. આમિર વિશ્વભરની ટી20 લીગ (ILT20, CPL, BPL) નો જાણીતો ચહેરો છે. જો તે આગામી વર્ષે બ્રિટિશ નાગરિક તરીકે ઓક્શન પૂલમાં સામેલ થશે, તો અઝહર મહમૂદ (જેઓ બ્રિટિશ નાગરિક તરીકે આઈપીએલ રમ્યા હતા) બાદ તે આઈપીએલ રમનારો બીજો પાકિસ્તાની મૂળનો ખેલાડી બનશે.



### સ્પેસએક્સ અમેરિકાના ઇતિહાસનો સૌથી મોટો IPO લાવશે

## ઇલોન મસ્ક બની શકે છે દુનિયાના પહેલા ટ્રિલિયનેર

મુંબઈ

ઈલોન મસ્ક ટૂંક સમયમાં વિશ્વના પ્રથમ ટ્રિલિયોનેર બની શકે છે. વાસ્તવમાં, ઈલોન મસ્કની રોકેટ અને સેટેલાઈટ કંપની સ્પેસએક્સ શેરબજારમાં લિસ્ટ થવાની તૈયારી કરી રહી છે, જે વોલ સ્ટ્રીટના ઈતિહાસનો સૌથી મોટો IPO હોઈ શકે છે. તેની લિસ્ટિંગ પછી મસ્કની નેટવર્થ 1 ટ્રિલિયનને પાર પહોંચી શકે છે. ફોર્બ્સ બિલિયોનેર્સ લિસ્ટ અનુસાર, હાલમાં મસ્ક 807 બિલિયન ડોલર એટલે કે 77 લાખ કરોડ રૂપિયાની નેટવર્થ સાથે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ છે. બુધવારે કંપનીએ SPCX ટિકર સિમ્બોલ હેઠળ લિસ્ટ થવાની યોજના રજૂ કરી છે. જેના કારણે આ કંપનીની ફાઈનાન્સ-લીડરશિપ જેવી અન્ય માહિતી પ્રથમ વખત સામે આવી છે.



સ્પેસએક્સે પોતાની વેલ્યુએશન 1.25 ટ્રિલિયન ડોલર આંકી છે. બીબીસી (BBC) અનુસાર, આ વેલ્યુએશનથી સ્પેસએક્સમાં મસ્કની બહુમતી હિસ્સેદારીની કિંમત 600 બિલિયન ડોલરથી વધુ હોઈ શકે છે. તેમની વર્તમાન સંપત્તિ અને આ લિસ્ટિંગને ભેળવીને મસ્કની કુલ નેટવર્થ 1 ટ્રિલિયન ડોલરના આંકડાને પાર કરી શકે છે. મસ્ક ગયા વર્ષે જ 500 બિલિયન ડોલરની નેટવર્થ પાર કરનાર વિશ્વના પ્રથમ વ્યક્તિ બન્યા હતા. તેઓ ઈલેક્ટ્રિક વ્હીકલ કંપની ટેસ્લાના CEO પણ છે. સ્પેસએક્સમાં કોમન શેર્સ અને ક્લાસ બી શેર્સના કોમ્બિનેશન દ્વારા મસ્ક પાસે 85.1% વોટિંગ પાવર છે. IPO ફાઈલિંગથી સ્પેસએક્સના લીડરશિપ અને ઓનરશિપ સ્ટ્રક્ચરનો પહેલીવાર ખુલાસો થયો છે. મસ્ક કંપનીના ચેરમેન તરીકે કામ કરે છે, જ્યારે પ્રેસિડેન્ટ અને ચીફ ઓપરેટિંગ ઓફિસર ગ્વિન શોટવેલ પણ બોર્ડમાં સામેલ છે. અન્ય ડિરેક્ટર્સમાં ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર બ્રેટ જોન્સન, વેન્ચર કેપિટાલિસ્ટ રેન્ડી ગ્લેન, સ્ટીવ જર્વિટસન, લ્યુક નોઝેક, ઈરા એહરેનપ્રેઈસ, પ્રાઈવેટ ઈક્વિટી એક્ઝિક્યુટિવ એન્ટોનિયો ગ્રાસિયસ અને ગૂગલ એક્ઝિક્યુટિવ ડોનાલ્ડ હેરિસનનો સમાવેશ થાય છે.

### નફો 81% વધીને ₹15,176 કરોડ થયો

## ઇતિહાસમાં પહેલીવાર સરકારના ખાતામાં રૂ.3.5 લાખ કરોડ જમા કરાવશે RBI: દાવો

મુંબઈ

કેન્દ્ર સરકાર માટે આર્થિક મોરચે ખૂબ જ મોટા અને રાહતના સમાચાર આવી રહ્યા છે. રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા નાણાકીય વર્ષ 2025-26 માટે સરકારને અત્યાર સુધીનું સૌથી રૅકોર્ડબ્રેક સરપ્લસ ડિવિડન્ડ ટ્રાન્સફર કરે તેવી શક્યતા છે. એક રિપોર્ટ અનુસાર, આ ચૂકવણી 2.7 લાખ કરોડ રૂપિયાથી લઈને 3.5 લાખ કરોડ રૂપિયાની વચ્ચે હોઈ શકે છે. RBI બોર્ડની શુક્રવારે(22 મે) એક મહત્વની બેઠક મળવા જઈ રહી છે. જેમાં આ સરપ્લસ ટ્રાન્સફરને મંજૂરી આપવામાં આવી શકે છે. જો આ રકમ અંદાજ મુજબ 3.5 લાખ રૂપિયા કરોડની આસપાસ રહેશે, તો તે દેશના ઈતિહાસમાં RBI દ્વારા સરકારને આપવામાં આવેલું સૌથી મોટું ડિવિડન્ડ હશે. ગયા નાણાકીય વર્ષમાં પણ આરબીઆઈએ સરકારને 2.69 લાખ કરોડ રૂપિયાનું રૅકોર્ડબ્રેક ડિવિડન્ડ આપ્યું




હતું. પરંતુ આ વર્ષે તેમાં ધરખમ વધારો થવાની આશા છે. છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં RBI દ્વારા સરકારને અપાતા ડિવિડન્ડમાં ત્રણ ગણો વધારો થયો છે. જે કેન્દ્ર સરકાર માટે નોન-ટેક્સ રેવન્યુનો એક મોટો સ્ત્રોત બની ગયો છે. તમને પ્રશ્ન થશે કે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થઈ રહ્યો છે તો RBI આટલી કમાણી ક્યાંથી કરી રહ્યું છે? નાણાકીય વર્ષ 2026 દરમિયાન અમેરિકી ડૉલર સામે ભારતીય રૂપિયામાં આશરે 10 ટકાનો ઘટાડો થયો છે. આ ઘટાડાને કારણે RBI પાસે રહેલી વિદેશી ચલણની સંપત્તિનું મૂલ્ય વધી ગયું છે. રૂપિયાને વધુ ગગડતો અટકાવવા માટે RBI એ ચલણ બજારમાં સક્રિયપણે હસ્તક્ષેપ કરીને મોટા પાયે ડૉલરનું વેચાણ કર્યું હતું, જેનાથી બૅંકને મોટો નફો થયો છે. પડકારો છતાં નાણાકીય વર્ષ 2026માં ભારતનું વિદેશી હૂંડિયામણ ભંડોળ 3 ટકા વધીને લગભગ 688 અબજ ડૉલર પર પહોંચી ગયું છે. આ સિવાય વિદેશી રોકાણોમાંથી મળેલી ઊંચી ઉપજ અને કરન્સી પ્રિન્ટિંગ પ્રવૃત્તિઓમાંથી થયેલી આવકે પણ RBIના નફામાં મોટો ભાગ ભજવ્યો છે.

### સોનાના વાયદામાં રૂ.703 અને ચાંદીના વાયદામાં રૂ.3700ની નરમાઇ

## ક્રૂડ તેલનો વાયદો રૂ.250 તેજ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.26216.95 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.148851.57 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 16208.80 કરોડનાં કામકાજ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.175068.52 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.26216.95 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.148851.57 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2282.45 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 16208.80 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.159900ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.159992 અને નીચામાં રૂ.159105ના સ્તરને સ્પર્શી, રૂ.160006ના આગલા બંધ સામે રૂ.703 ઘટી રૂ.159303ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.211 ઘટી રૂ.127599ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.41 ઘટી રૂ.15966ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.634 ઘટી રૂ.158714ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.159160ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.159510 અને નીચામાં રૂ.158664ના




મથાળે અથડાઈ, રૂ.159395ના આગલા બંધ સામે રૂ.495 ઘટી રૂ.158900ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.272275ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.273196 અને નીચામાં રૂ.269601ના મથાળે અથડાઈ, રૂ.274265ના આગલા બંધ સામે રૂ.3700 ઘટી રૂ.270565ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.3138 ઘટી રૂ.274469ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.3072 ઘટી રૂ.274569ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 3768.40 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.10.5 ઘટી રૂ.1341.55ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો 80 પૈસા ઘટી રૂ.369.6ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.3.5 વધી રૂ.389.55ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો 20 પૈસા વધી રૂ.202.4ના ભાવે બોલાયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 6165.37 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4660ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4778 અને નીચામાં રૂ.4660ના મથાળે અથડાઈ, રૂ.98 વધી રૂ.4761ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.9599ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.9787 અને નીચામાં રૂ.9384ના સ્તરને સ્પર્શી, રૂ.9463ના આગલા બંધ સામે રૂ.250 વધી રૂ.9713ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.256 વધી રૂ.9713ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ 40 પૈસા વધી રૂ.291.8 થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો 40 પૈસા વધી રૂ.291.8 થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.991ના ભાવે ખૂલી, રૂ.7.3 ઘટી રૂ.985ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.2750ના ભાવે ખૂલી, રૂ.13 ઘટી રૂ.2741ના સ્તરે પહોંચ્યો હતો.

## સેન્સેક્સ 135 અંક ઘટીને 75,183 પર બંધ થયો

- નિફ્ટી 4 અંક નબળો પડ્યો, IT અને FMCG શેરોમાં વધુ વેચવાલી રહી

મુંબઈ

આજ એટલે કે ગુરુવાર, 21 મેના રોજ સેન્સેક્સ 135 પોઈન્ટના ઘટાડા સાથે 75,183 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 4 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 23,655 પર આવી ગયો છે. આજના કારોબારમાં IT અને FMCG શેરોમાં વધુ વેચવાલી રહી. 21 મેના રોજ ભારતીય શેરબજારમાં ફરી એકવાર ઉપરના સ્તરેથી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. શરૂઆતના સત્રમાં બજારે સારો ઉછાળો દર્શાવ્યો હતો, પરંતુ તેજી ટકી શકી નહોતી અને દિવસના અંતે બજાર નુકસાન સાથે બંધ થયું હતું. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) ની સતત વેચવાલી અને રોકાણકારો દ્વારા કરવામાં આવેલી પ્રોફિટ બુકિંગ (નફો કમાવવાની પ્રક્રિયા) ને કારણે માર્કેટ પર દબાણ વધ્યું હતું.

મુખ્ય નફો કરનારા શેર્સ: ટ્રેડિંગ દરમિયાન ઈન્ડિગો, ટ્રેન્ટ, BEL, અદાણી પોર્ટ્સ, સન ફાર્મા અને ટાટા સ્ટીલના શેરમાં સારી ખરીદી જોવા મળી હતી. મુખ્ય નુકસાન કરનારા શેર્સ: બીજી તરફ, બજાજ ફાઈનાન્સ, ટેક મહિન્દ્રા, HUL (હિન્દુસ્તાન યુનિલિવર), ઈન્ફોસિસ અને બજાજ ફિનસર્વના શેરોમાં ઘટાડો નોંધાયો હતો. મિડ-કેપ અને સ્મોલ-કેપ ઈન્ડેક્સ બીજી તરફ, બજારના નાના અને મધ્યમ કદના શેરોમાં ખરીદીનું વલણ થોડું સારું રહ્યું હતું: નિફ્ટી મિડકેપ 100: આ ઈન્ડેક્સ 0.01 ટકાના નજીવા સુધારા સાથે લગભગ જ્યાં હતો ત્યાં જ સપાટ બંધ રહ્યો હતો. નિફ્ટી સ્મોલકેપ 100: નાના શેરોના આ ઈન્ડેક્સમાં 0.70 ટકાનો ગ્રોથ જોવા મળ્યો હતો. આજના કારોબારમાં અલગ-અલગ સેક્ટર્સમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

# Google Mapsની મદદથી ટ્રાફિક પોલીસને રિયલ ટાઈમ ડેટા મળશે

■ SG હાઈવે, SP રીંગ રોડ, નારોલ, નરોડા સહિત 13 મુખ્ય રસ્તા પર ટ્રાફિક કે પાણી ભરાશે તો મિનિટોમાં ખબર પડી જશે

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા Google Mapsના 'Road Management Insights (RMI)' નામના અદ્યતન ટ્રાફિક ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રોડ ઉપર વધતા જતા ટ્રાફિક માટે ટ્રાફિક મેનેજમેન્ટ અને ભવિષ્યના માર્ગ આયોજન માટે લાઈવ ટ્રાફિક ડેટા તથા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ટેક્નોલોજીનો ઉપયોગ કરવામા આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત શહેરના પસંદગીના વ્યસ્ત માર્ગો પર ટ્રાફિકની વાસ્તવિક સ્થિતિ અંગે લાઈવ માહિતી પ્રાપ્ત થશે. તેમાં રસ્તા પર કલાકવાર વાહનોની સંખ્યા, વાહનોની ગતિ, ટ્રાવેલ ટાઈમ, અચાનક બ્રેકિંગ થતી જગ્યાઓ તથા અકસ્માત, પાણી ભરાવા, ખાડા અથવા રોડ પર અવરોધ જેવી ઘટનાઓ અંગે રિયલ-ટાઈમ માહિતી ઉપલબ્ધ બનશે. આ તમામ માહિતી Google Mapsમાં રોજિંદા કરોડો યુઝર્સ દ્વારા ઉપયોગમાં લેવાતી અનામી ટ્રાફિક માહિતી પરથી તૈયાર કરવામાં આવશે. આ સમગ્ર સિસ્ટમ માટે શહેરમાં નવા કેમેરા, સેન્સર અથવા અન્ય કોઈ હાર્ડવેર સ્થાપિત કરવાની





જરૂર નહીં રહે. Google Maps દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી આ માહિતી TraffiCure પ્લેટફોર્મ મારફતે અમદાવાદ શહેરને સરળ અને ઉપયોગી ડેશબોર્ડ, લાઈવ એલર્ટ તથા આયોજન સાધનોના સ્વરૂપમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ નવી વ્યવસ્થા દ્વારા શહેરને ટ્રાફિક જામ થતી જગ્યાઓ અને તેના મૂળ કારણોની ચોક્કસ ઓળખ કરવામાં મદદ મળશે. ટ્રાફિક જામનું કારણ સિગ્નલ ટાઈમિંગ, પાણી ભરાવા, દબાણ, અકસ્માતનું સ્થળ અથવા અન્ય કોઈ સમસ્યા છે કે નહીં તે સરળતાથી જાણી શકાશે. પરિણામે માત્ર ટ્રાફિક નિયંત્રણ નહીં પરંતુ સમસ્યાના મૂળ કારણોનું અસરકારક નિરાકરણ શક્ય બનશે. ટ્રાફિક પોલીસને પણ આ સિસ્ટમથી મોટી મદદ મળશે. TraffiCure ડેશબોર્ડ મારફતે લાઈવ એલર્ટ મળતા જ ટ્રાફિક પોલીસ તાત્કાલિક અસરથી જરૂરી સ્થળે કર્મચારીઓને મોકલી શકશે, જેના કારણે ટ્રાફિક વ્યવસ્થાપન વધુ ઝડપી અને અસરકારક બનશે. આ ઉપરાંત શહેરમાં ભવિષ્યના માર્ગ વિકાસ અને ટ્રાફિક આયોજન માટે AI અને Machine Learning આધારિત સિમ્યુલેશન ટેક્નોલોજીનો પણ ઉપયોગ થશે. નવા ફ્લાયઓવર, રોડ ક્લોઝર અથવા સિગ્નલ ફેરફાર જેવા નિર્ણયોના ટ્રાફિક પર શું પ્રભાવ પડશે તે પહેલાંથી જ ડિજિટલ સિમ્યુલેશન દ્વારા જાણી શકાશે. જેના કારણે ખર્ચ બચત સાથે વધુ વૈજ્ઞાનિક અને અસરકારક આયોજન શક્ય બનશે. રસ્તા સુરક્ષાના ક્ષેત્રે પણ આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ સાબિત થશે. અચાનક બ્રેકિંગ થતી જગ્યાઓ તથા અકસ્માતોની માહિતીના આધારે શહેરના જોખમી જંક્શન અને અકસ્માતપ્રવણ વિસ્તારોની ઓળખ કરીને ત્યાં યોગ્ય સાઈનેજ, રોડ માર્કિંગ, સિગ્નલ અથવા ડિઝાઈન સુધારણા કરી શકાશે. પાયલોટ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ શહેરને ટ્રાફિક જામ અને અકસ્માતના મુખ્ય હોટસ્પોટ્સની ચોક્કસ યાદી પ્રાપ્ત થશે. સાથે સાથે ટ્રાફિક પોલીસ માટે મિનિટોમાં નિર્ણય લઈ શકાય તેવી લાઈવ સિસ્ટમ ઉપલબ્ધ બનશે અને પસંદગીના માર્ગો પર ટ્રાવેલ ટાઈમ તથા ટ્રાફિક વિલંબમાં ઘટાડો જોવા મળશે.

SOGનું OG પર્ફોર્મન્સ

# કરોડોની મર્સિડીઝમાં ફરતા હાઈપ્રોફાઈલ પેડલરને રૂપિયા 69 લાખના હાઈબ્રિડ ગાંજા સાથે દબોચ્યો..!

મેમનગર ફાયર સ્ટેશન પાછળ મોંઘીદાટ લક્ઝરી કારમાં ચાલતા નશાના કાળા કારોબારનો પર્દાફાશ : SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ)ની અત્યાર સુધીની સૌથી મોટી કડક કાર્યવાહી

અમદાવાદ

કહેવાય છે ને કે પાપ ગમે તેટલું મોંઘું કે હાઈપ્રોફાઈલ હોય, કાયદાના લાંબા હાથથી ક્યારેય બચી શકતું નથી! અમદાવાદને નશાના દલદલમાં ધકેલવા મથતા ડ્રગ માફિયાઓ સામે અમદાવાદ એસ.ઓ.જી. (Special Operation Group) એ એક એવું 'OG' (Original Gangster) પર્ફોર્મન્સ બતાવ્યું છે, જેણે નશાના કાળા કારોબારીઓના શ્વાસ અધ્ધર કરી દીધા છે. શહેરમાં મોંઘીદાટ લક્ઝરી કાર મર્સિડીઝ બેન્ઝમાં રહીને હાઈપ્રોફાઈલ નશાની હેરાફેરી કરતા એક મોટા ગજાના પેડલરને એસઓજી પોલીસે ફિલ્મી ઢબે રંગેહાથ દબોચી લીધો છે.

મળતી માહિતી મુજબ, એસઓજીની ટીમને એક ચોક્કસ અને સચોટ બાતમી મળી હતી કે મેમનગર ફાયર સ્ટેશનની પાછળ, મ્યુનિસિપલ ગાર્ડનની સામે એક વૈભવી મર્સિડીઝ બેન્ઝ કાર શંકાસ્પદ હાલતમાં ઊભી છે અને તેમાં નશાનો મોટો સોદો થવાનો છે. બાતમીના આધારે એસઓજીની ટીમે વોચ ગોઠવીને લક્ઝરી કારને ઘેરી લીધી હતી. જ્યારે કારની તલાશી લેવામાં આવી ત્યારે ખુદ પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. લક્ઝરી લાઈફસ્ટાઈલ જીવતા આ હાઈપ્રોફાઈલ પેડલરની કારમાંથી આંતરરાષ્ટ્રીય બજારમાં ભારે કિંમતી ગણાતો ૧.૯૭૫ કિલો હાઈબ્રિડ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

સામાન્ય ગાંજા કરતાં અનેક ગણો મોંઘો અને નશાકારક એવો



આ 'હાઈબ્રિડ ગાંજો' ખાસ કરીને અમીરજાદાઓ અને હાઈપ્રોફાઈલ પાર્ટીઓમાં સપ્લાય કરવાનો પ્લાન હતો, જે એસઓજીની સતર્કતાને કારણે ફ્લોપ થઈ ગયો છે.

પોલીસે કરોડોની કાર, ૬૯ લાખનો હાઈબ્રિડ ગાંજો અને અન્ય મુદ્દામાલ જપ્ત કરીને આરોપી હાઈપ્રોફાઈલ પેડલરની કડક પૂછપરછ હાથ ધરી છે.

ગુજરાતમાં ધંધો કરીને ગુજરાતીઓથી જ આટલી નફરત કેમ?

# નારોલની 'જંગલ સફારી' રેસ્ટોરન્ટના માલિકના વાયરલ વીડિયોથી ભારે આક્રોશ!

અમદાવાદ

ગુજરાતની ધરતી પર રહીને, અહીં કમાણી કરીને, ગુજરાતી ભાષા અને અહીંના સ્થાનિક લોકો પ્રત્યે જ ઘોર નફરત દાખવતો એક ચોંકાવનારો કિસ્સો અમદાવાદમાં સામે આવ્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વીડિયોને પગલે અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલી 'જંગલ સફારી' રેસ્ટોરન્ટના કથિત માલિક વિવાદોના ઘેરાવમાં આવ્યા છે. વીડિયોમાં આ શખ્સ ગુજરાતીઓ અને માતૃભાષા પ્રત્યે અત્યંત અણગમો વ્યક્ત કરતો જોવા મળતા સ્થાનિક લોકો અને સોશિયલ મીડિયા યુઝર્સમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. વાયરલ થઈ રહેલા વીડિયોના આધારે એવું સામે આવ્યું છે કે, આ રેસ્ટોરન્ટના કહેવાતા માલિક જાહેરમાં ગુજરાતી ભાષાનું અખબાર વાંચવાનો સ્પષ્ટ ઈનકાર કરી રહ્યા છે. એટલું જ નહીં, વીડિયોમાં તેઓ એવું બોલતા પણ સંભળાય છે કે, તેમની હોટેલમાં ગુજરાતીઓને એન્ટ્રી આપવામાં આવતી નથી. આ પ્રકારનું બેજવાબદાર અને વિવાદાસ્પદ નિવેદન સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર લોકો પૂછી રહ્યા છે કે, જે રાજ્યમાં રહીને તમે વેપાર-ધંધો કરો છો, ત્યાંના જ લોકો અને ભાષાનું આટલું મોટું અપમાન કઈ રીતે સહન કરી શકાય? આ વીડિયો સોશિયલ મીડિયા પર પ્રસારિત થતાં જ નેટીઝન્સ દ્વારા 'જંગલ સફારી' રેસ્ટોરન્ટનો બહિષ્કાર કરવાની માંગ ઉઠી રહી છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, "ગુજરાતની ગરિમા અને અસ્મિતાને ઠેસ પહોંચાડવાનો હક આ રેસ્ટોરન્ટના માલિકને કોણે આપ્યો?" સ્થાનિક નાગરિકોમાં ચર્ચા છે કે, વેપાર રોજગાર માટે આખી દુનિયાના લોકોને આવકારતી ગુજરાતની જનતાનું આ પ્રકારે અપમાન કરનારા તત્વો સામે તંત્ર દ્વારા કડક તપાસ થવી જોઈએ.

# શહેર પોલીસની 'ખાખી' પર ડાઘ લગાવતા કાંડબાજોનું નવું સરનામું એટલે 'કે' કંપની..!

સ્કોટલેન્ડ યાર્ડ જેવી છાપ ધરાવતી પોલીસની આબરૂ ધૂળધાણી કરનારા તત્વો સામે કમિશનરનો સપાટો: સજાના ભાગરૂપે બદલી કરાતા 'K' કંપનીમાં હવે નાના પોલીસ સ્ટેશન જેટલો 64નો સ્ટાફ થયો!

અમદાવાદ

જેની સરખામણી લંડનની વિશ્વવિખ્યાત 'સ્કોટલેન્ડ યાર્ડ' પોલીસ સાથે કરવામાં આવે છે, જે અમદાવાદ પોલીસ ગુનેગારોના નેટવર્કને ગણતરીની મિનિટોમાં નેસ્તનાબૂદ કરવા માટે જાણીતી છે... આજે એ જ પોલીસ બેડામાં રહેલા કેટલાક 'કાળા ઘેટા' આખી ખાખી વર્દીને શરમાવી રહ્યા છે. ચોક્કસ પ્રકારના ભ્રષ્ટ અને વિવાદાસ્પદ પોલીસકર્મીઓના કાંડને કારણે આખી અમદાવાદ પોલીસની કામગીરી અવારનવાર લોકદરબારમાં વખોડાઈ જતી હોય છે. જોકે, હવે આવા કાયદાના રક્ષક મટીને ભક્ષક બનતા તત્વોને પાઠ ભણાવવા માટે પોલીસ કમિશનરે આકરો કોરડો વીંઝ્યો છે. વિવાદાસ્પદ પોલીસકર્મીઓને સજાના ભાગરૂપે હેડક્વાર્ટર ખાતે આવેલી પ્રખ્યાત 'કે' કંપની (K Company) માં ધકેલી દેવામાં આવ્યા છે.

અમદાવાદ પોલીસ હેડક્વાર્ટરની 'કે' કંપની અત્યારે ભારે ચર્ચામાં છે, કારણ કે અહીં આવનારા મોટા ભાગના કર્મચારીઓ કોઈ પ્રમોશન કે રૂટિન બદલીથી નહીં, પણ પોતાના કાળા કરતૂતોની 'સજા' ભોગવવા માટે આવી રહ્યા છે. જનતા પર રોફ ઝાડનારા, લાંચ-રૂશ્વતમાં ખરડાયેલા કે સત્તાનો દુરુપયોગ કરનારા પોલીસકર્મીઓ માટે આ કંપની હવે 'જેલ' સમાન સાબિત થઈ રહી છે. પોલીસ કમિશનર દ્વારા લેવાયેલા કડક પગલાંને કારણે આ કંપનીનું કદ દિવસેદિવસે મોટું થતું જાય છે.

આંકડા ચોંકાવનારા: એક આખું પોલીસ સ્ટેશન ભરાઈ જાય એટલો સ્ટાફ ભેગો થયો! હાલ 'કે' કંપનીમાં સજા કાપી રહેલા પોલીસકર્મીઓના આંકડા પર નજર કરીએ તો કોઈ પણ સામાન્ય નાગરિક ચોંકી જશે. કુલ સ્ટાફ: 64 પોલીસકર્મીઓ (જે હાલ માત્ર સજાના ભાગરૂપે અહીં છે) PSI (પોલીસ સબ ઈન્સ્પેક્ટર): 5, ASI (આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર): 11, અન્ય કર્મચારીઓ: 48. વિચારો, 5 PSI અને 11 ASI સહિત 64 પોલીસકર્મીઓનો આ સ્ટાફ એટલો મોટો છે કે ગુજરાતના કોઈ નાના તાલુકાનું આખું પોલીસ મથક આટલા મહેકમથી ધમધમી શકે! જે અધિકારીઓ પર કાયદો અને વ્યવસ્થા જાળવવાની મોટી જવાબદારી હતી, તેઓ આજે પોતાની જ કરતૂતોના કારણે 'કે' કંપનીમાં લાઈન-દોરીમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. 'જો જનતાને હેરાન કરશો કે ખાખીને બદનામ કરશો, તો સીધા 'કે' કંપની ભેગા થઈ જશો!' - કમિશનરની આ કાર્યવાહીએ આખા પોલીસ બેડામાં ફફડાટ ફેલાવી દીધો છે.

કમિશનર સાહેબની આ કડક કાર્યવાહી ચોક્કસપણે આવકારદાયક છે, પરંતુ સવાલ એ થાય છે કે સ્કોટલેન્ડ યાર્ડ જેવી ઓળખ ધરાવતી અમદાવાદ પોલીસમાં આવા વિવાદાસ્પદ તત્વો ક્યાં સુધી પેદા થતા રહેશે? ગણતરીના ભ્રષ્ટ અધિકારીઓના લીધે પ્રામાણિક પોલીસવાળાઓએ પણ નીચું જોવું પડે છે. કમિશનરનો આ સપાટો એ તમામ પોલીસકર્મીઓ માટે ખુલ્લી ચેતવણી છે કે વર્દીનો રોફ હવે નહીં ચાલે.

હવે જોવાનું એ રહેશે કે 'કે' કંપની હાઉસફુલ થયા પછી પણ ખાખી પર ડાઘ લગાવતા આ સિંહ સમાન પોલીસવાળાઓ સુધરે છે કે કેમ?

દાગીના વેચવા આવેલા બે સાગરીતો ઝડપાયા

# મોજશોખ અને વિદેશ જવા અમદાવાદમાં 80 લાખની ચોરી

અમદાવાદ

અમદાવાદના કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી એક જાણીતી આંગળિયા પેઢીમાં મોટી ચોરીની ઘટના સામે આવી હતી. રતનપોળ સ્થિત પેઢીમાં કામ કરતો એક કર્મચારી ભુજ ખાતે ડિલિવરી આપવા માટે સોંપાયેલા સોના, ચાંદી અને ડાયમંડના કરોડોના કિંમતી દાગીના લઈને રસ્તામાંથી જ ફરાર થઈ ગયો હતો. આ મામલે ઝોન-3 એલસીબી (LCB) પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવીને મુદ્દામાલ સગેવગે કરવા આવેલા બે સાગરીતોને 80 લાખ રૂપિયાના દાગીના સાથે રંગેહાથ ઝડપી પાડ્યા છે. રતનપોળની આંગળિયા પેઢીમાં કામ કરતા જીગરસિંહ વિહોલ નામના કર્મચારીને ગત છઠ્ઠી મેના રોજ સોના, ચાંદી અને ડાયમંડના કિંમતી દાગીનાની ભુજ ખાતે સેફ ડિલિવરી કરવાની જવાબદારી સોંપાઈ હતી. જોકે, જીગર નિયત સ્થળે પહોંચ્યો જ નહોતો અને રસ્તામાંથી જ કિંમતી દાગીના લઈને ગાયબ થઈ ગયો હતો. કર્મચારીનો કોઈ પતો ન લાગતાં આખરે આંગળિયા પેઢીના સંચાલકોએ ગત 11મી મેના રોજ કાલુપુર પોલીસ મથકે ચોરીની સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. ડી ડિવિઝનના એસીપી (ACP) જીતેન્દ્ર ચૌધરીના જણાવ્યાનુસાર, પકડાયેલા આરોપીઓ અગાઉ સિંગાપોર રહી ચૂક્યા છે. હાલ તેઓ બેરોજગાર હોવાથી મોજશોખ કરવા અને ફરી વિદેશ પ્રવાસ માટે મોટી રકમ ભેગી કરવા ઝડપી પૈસા કમાવવાનો આ શોર્ટકટ અપનાવ્યો હતો. આ ચોરીનું સંપૂર્ણ પ્લાનિંગ મુખ્ય આરોપી જીગરસિંહ અને તેને સાત દિવસ પહેલા જ આંગળિયા પેઢીમાં નોકરી પર રખાવનાર ગુનાઈત ઈતિહાસ ધરાવતા વિપુલ ઠાકોરે કર્યું હતું.

બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત

# રાણીપ ડી-માર્ટ પાસે BRTS બસ અને બાઈક વચ્ચે કાળજું કંપાવનારો અકસ્માત

અકસ્માતની માહિતી મળતા જ સ્થાનિક પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં બીઆરટીએસ (BRTS) ટ્રેક અને તેના કારણે થતા અકસ્માતોનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. શહેરના રાણીપ વિસ્તારમાં આવેલ ડી-માર્ટ (D-Mart) પાસે આજે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. અહીં પૂરપાટ ઝડપે આવી રહેલી BRTS બસ અને એક બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ગંભીર અકસ્માતમાં બાઈક સવાર બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ સામે આવ્યા છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કરનો અવાજ સાંભળીને આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. BRTS બસની અડફેટે આવતા જ બાઈક સવાર બંને વ્યક્તિઓ રોડ પર ફગાયા હતા અને તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે ઘટનાસ્થળે લોહીના ખાબોચિયા ભરાઈ ગયા હતા અને કેટલાક સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

ઘટના બનતા જ આસપાસના સ્થાનિક નાગરિકો અને રાહદારીઓએ માનવતા દાખવી તાત્કાલિક મદદ શરૂ કરી હતી. ઈજાગ્રસ્તોની ગંભીર હાલત જોઈને તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી.




બંને ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સ્થિતિ નાજુક હોવાનું કહેવાય રહ્યું છે.

અકસ્માતની માહિતી મળતા જ સ્થાનિક પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે અકસ્માતનો ભોગ બનેલા બાઈકને રોડ પરથી હટાવી ટ્રાફિક હળવો કરાવ્યો હતો. આ અકસ્માત બાઈક ચાલકની બેદરકારીના કારણે થયો કે BRTS બસ ચાલકની સ્પીડના લીધે, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આસપાસના સીસીટીવી (CCTV) ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે જેથી અકસ્માતનું સાચું કારણ જાણી શકાય.

# અમદાવાદમાં મર્સિડિઝ ચોરીનો મામલો HC પહોંચ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં મર્સિડિઝ જેવી કરોડોની લક્ઝરી કારની ચોરીની એફઆઈઆર (FIR) થી શરૂ થયેલો એક વિવાદ હવે માલિકીના મોટા જંગમાં ફેરવાઈ ગયો છે. એક બ્રોકર દ્વારા નોંધાવવામાં આવેલી ચોરીની ફરિયાદ બાદ કારની અસલી માલિકી કોની છે તે સવાલ કાનૂની ગૂંચવાડો બનીને હવે ગુજરાત હાઈકોર્ટના દ્વાર સુધી પહોંચી ગયો છે. આ કેસમાં સેશન્સ કોર્ટમાં થયેલી દલીલો અને કોર્ટે ઉઠાવેલા વેધક સવાલોને પગલે કાનૂની અને વ્યાપારિક આલમમાં ભારે ચર્ચા જાગી છે.

શું હતો સમગ્ર મામલો?

મળતી માહિતી મુજબ, અમદાવાદના એક બ્રોકરે પોતાની મર્સિડિઝ કાર ચોરી થઈ હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાવી હતી. પોલીસ તપાસ દરમિયાન આ લક્ઝરી કાર મળી તો આવી, પરંતુ તેની માલિકીને લઈને એક નવો જ વળાંક સામે આવ્યો. કાર પર પોતાનો હક હોવાનો દાવો કરનાર અન્ય એક પક્ષ સામે આવ્યો, જેના કારણે મામલો કોર્ટના ચોખ્ખામાં પહોંચ્યો. બંને પક્ષો પોતાની પાસે રહેલા દસ્તાવેજોના આધારે કાર પર પોતાની માલિકી હોવાનો મજબૂત દાવો કરી રહ્યા છે.

સેશન્સ કોર્ટમાં શું શું થયું?

આ હાઈપ્રોફાઈલ કેસની સુનાવણી જ્યારે સેશન્સ કોર્ટમાં ચાલી રહી હતી, ત્યારે બંને પક્ષના વકીલો વચ્ચે તીખી દલીલો થઈ હતી.

# SVPI એરપોર્ટ પરથી સોનાના દાગીનાની ચોરીનો ભેદ ઉકેલાયો : ગેંગના 8 સાગરીતોની ધરપકડ કરાઈ

એરપોર્ટના એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ, ટર્મિનલ અને આસપાસના વિસ્તારોના સેંકડો CCTV કેમેરાના ફૂટેજ ઝીણવટપૂર્વક ખંગાળ્યા હતા

અમદાવાદ

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી સોનાના કિંમતી દાગીનાની ચોરી થવાની સનસનાટીભરી ઘટનામાં પોલીસને મોટી સફળતા મળી છે. એરપોર્ટ જેવા હાઈ-સિક્યોરિટી ઝોનમાંથી થયેલી આ ચોરીના મામલામાં પોલીસે ગણતરીના દિવસોમાં કડક કાર્યવાહી કરીને આખી ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ હાઈ-પ્રોફાઈલ ચોરીના કેસમાં અલગ-અલગ જગ્યાએથી કુલ 8 શાતિર આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

મળતી માહિતી મુજબ, થોડા દિવસો પહેલા અમદાવાદ એરપોર્ટ પરથી એક મુસાફરના સામાનમાંથી સોનાના કિંમતી દાગીના ભરેલી બેગ અથવા તેમાંથી કરોડો/લાખોની કિંમતનું સોનું ચોરાઈ ગયું હતું. એરપોર્ટ જેવા ચુસ્ત પોલીસ અને સીઆઈએસએફ (CISF) ના




બંદોબસ્ત વચ્ચેથી સોનાની ચોરી થતાં જ એરપોર્ટ પ્રશંસા અને પોલીસ વિભાગમાં દોડધામ મચી ગઈ હતી. ભોગ બનનાર મુસાફરની ફરિયાદના આધારે એરપોર્ટ પોલીસે તાત્કાલિક ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

ચોરીની આ ગંભીર ઘટનાને પગલે પોલીસની ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ ખાસ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે એરપોર્ટના એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ, ટર્મિનલ અને આસપાસના વિસ્તારોના સેંકડો CCTV કેમેરાના ફૂટેજ ઝીણવટપૂર્વક ખંગાળ્યા હતા. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સ (બાતમીદારો) ના સચોટ ઉપયોગથી પોલીસ આખરે ચોર ગેંગ સુધી પહોંચવામાં સફળ રહી હતી. ઝડપાયેલા 8 આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે તેઓ એરપોર્ટ પર આવતા-જતા મુસાફરો અને તેમના સામાન પર નજર રાખતા હતા અને મોકો મળતા જ ચોરીને અંજામ આપતા હતા. આ ગેંગમાં એરપોર્ટની અંદર કે બહાર કામ કરતા કોઈ શખ્સો સામેલ છે કે કેમ, તે દિશામાં પણ પોલીસ હાલ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીનો કેટલોક મુદ્દામાલ રિકવર કર્યો છે અને બાકીનું સોનું મેળવવા માટે રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI